# પુનર્જન્મ એક વાસ્તવિકતા



# પુનર્જન્મ એક વાસ્તવિકતા

★

ત્રીજી આવૃત્તિ
પુનર્મુદ્રણ
૧ નવેમ્બર, ૨૦૦૧
પ્રત ૫૦૦૦

★

પ્રકાશક
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
પાંડવ ભવન, માઉન્ટ આબુ, રાજસ્થાન

# અમૃત-સૂચિ


| અનુ | વિષય |
| --- | --- |
| ૧. | પુનર્જન્મ એક વાસ્તવિકતા (સંપાદકીય) |
| ૨. | શું મનુષ્ય આત્માઓ પશુ-પક્ષી આદિ યોનિઓમાં પુનર્જન્મ લે છે ? |
| ૩. | શું મૃત્યુ પછી મનુષ્યાત્મા સ્વર્ગ, નર્ક કે પરલોકમાં જાય છે ? |
| ૪. | સમાચારપત્રોમાં પુનર્જન્મ સંબંધી પ્રસિદ્ધ થયેલ લખાણો. |
| ૫. | આત્માઓના યોનિપરિવર્તન વિષે નવા દષ્ટિકોણથી વિચાર. |
| ૬. | શું દેવતા, રાક્ષસ કે અસુર જુદી જુદી યોનિઓ છે ? |
| ૭. | અમૃત દ્વારા મૃત્યુ ઉપર વિજય-અમરપદની પ્રાપ્તિ. |
| ૮. | પરમાત્મા મારફતે ક્યું અમૃત મળે છે ? |
| ૯. | મૃત્યુ પર કેવી રીતે વિજય મળે ? |
| ૧૦. | મૃત્યુ પછી દરેક મનુષ્યની સાથે જાય છે એક બિસ્તર અને એક કોથળો. |
| ૧૧. | મૃત્યુ પહેલાં શું ? |
| ૧૨. | ફરીથી ક્યારે કરશો ? |


મુદ્રક: ઓમ શાંતિ પ્રેસ, આબૂ રોડ, રાજસ્થાન

# પુનર્જન્મ એક વાસ્તવિકતા

કોઈ ને કોઈ દિવસે મનુષ્યને મરવાનું તો છે જ, આ એક અટલ સત્ય છે. તો પ્રશ્ન થાય છે કે મૃત્યુ શું છે અને મૃત્યુ પછી શું થાય ? આ પ્રશ્નનો ઉત્તર દરેક વ્યક્તિને જાણવા યોગ્ય છે. કેમ કે મૃત્યુ અથવા કાળ સૌને માથે તોળાઈ રહ્યો છે પરંતુ ઘણાં મનુષ્યો આ પ્રશ્નના ઉત્તરને જાણવાનો પ્રયત્ન કરતા નથી. તેઓ વિચારે છે કે મરવાનું તો છે જ, મર્યા બાદ જે થશે તે જોયું જશે, તેને માટે અત્યારથી વિચાર કરવાની શું આવશ્યકતા છે ? તેઓ આત્મા-વગેરેની ચર્ચાને આજની પરિસ્થિતિમાં વ્યર્થ માની અન્ન, ધન અને ભૌતિક વાતો પર ધ્યાન આપે છે.

ઘણાં એવા પણ મનુષ્યો છે જે આ વિષયમાં ઉત્સુકતા રાખે છે અને આ બાબતે તેઓ પ્રચલિત માન્યતાઓને જાણે પણ છે, પરંતુ તેઓ વિચારે છે કે મૃત્યુ પછી ગતિની બાબતમાં, મોતના મુખમાં જવાવાળો મનુષ્ય જે કંઈ બતાવે છે, કોને ખબર, તે ઠીક છે કે નહિં, અથવા ઠીક છે તો કેટલા પ્રમાણમાં છે. આમ આ જીવન અને મૃત્યુના કોયડાને તેઓ પણ હલ કર્યા વિના અધૂરો જ છોડી દે છે અને આખરે એક દિવસ મૃત્યુનિદ્રામાં પોઢી જાય છે, અને તેના જ વિષે તેના મિત્ર-સંબંધી ત્યારે કહે છે, ''અમારા સંબંધી સ્વર્ગે સિધાવ્યા છે.'' સ્વર્ગ ક્યાં છે ? કેવી રીતે જાણ્યું કે તેઓ સ્વર્ગે સિધાવ્યા ? અને શરીર છોડ્યા બાદ સ્વર્ગે સિધાવનારી વ્યક્તિનો પરિચય શું છે ? વગેરે વગેરે પ્રશ્નોનો સંતોષકારક ઉત્તર કોઈ આપી

શકતું નથી.

## પ્રચલિત માન્યતાઓ

મૃત્યુ પછી શું ? આ બાબતમાં ઘણી પ્રચલિત માન્યતાઓમાંથી એક તો એ છે કે જો કર્મો ખરાબ કર્યા હોય તો મનુષ્યાત્મા પશુ-પક્ષી, જીવાણુ ઈત્યાદિ યોનિઓમાં જઈ દુ:ખ ભોગવે છે અને જો તેના કર્મ સારાં હોય તો તે સ્વર્ગમાં સુખ ભોગવે છે. એક મત એવો પણ છે કે મૃત્યુ બાદ પુણ્યશાળી આત્માઓ તો પરલોકમાં જાય છે અથવા જ્યોતિ-તત્ત્વમાં લીન થઈ જાય છે અને પાપાત્માઓ નર્કમાં સજા ભોગવે છે. એવા પણ સંપ્રદાયો છે, જેમનો અભિપ્રાય છે કે મૃત્યુ પછી મનુષ્ય કબરમાં ઊંઘી જાય છે અને છેવટે કયામતને દિવસે ઈશ્વર સર્વ આત્માઓને તેમનાં કર્મોનુસાર દંડ આપી પાછી લઈ જાય છે. આજ ઘણાં લોકો એવું માને છે કે આત્મા નામની કોઈ અલગ હસ્તી છે જ નહિ. મૃત્યુ પછી મૃતક દેહ જ બચે છે, બસ ! પ્રશ્ન ઉઠે છે કે શું એ વાત સત્ય છે ? હવે આપણે આ દરેક માન્યતા પર વિચારીશું.

આપણે આ વિષયે માત્ર વિવેકના આધારે જ નહીં, પરંતુ કાળોના પણ કાળ ત્રિકાળદર્શી પરમપિતા પરમાત્મા દ્વારા ઉદ્‌બોધિત રહસ્યોના આધારે પણ આ વિષયને સમજીશું.

આ સિવાય, સમયાંતરે સમાચારપત્રોમાં પુનર્જન્મ સંબંધી જે વૃત્તાંતો પ્રકાશિત થયેં કરે છે તેમનો પણ અભ્યાસ કરતાં-કરતાં સત્યતા પર પહોંચવાની ચેષ્ટા કરીશું.

**સંપાદક**

# શું મનુષ્યાત્માઓ પશુ-પક્ષી ઈત્યાદિ યોનિઓમાં પુનર્જન્મ લે છે ?

ચિરકાળથી ભારતવર્ષમાં આ માન્યતા ચાલી આવી છે કે મનુષ્યાત્માને તેના પાપકર્મોના ફળસ્વરૂપે પશુ-પક્ષી આદિ યોનિઓમાં ભ્રમણ કરવું પડે છે.

યોનિ પરિવર્તનના સિદ્ધાંતમાં વિશ્વાસ કરનાર મનુષ્યો સૌપ્રથમ એવી દલીલ કરે છે કે દયાળુ અને કૃપાળુ પરમાત્મા મનુષ્યાત્માઓને સુધારવા માટે પશુ-પક્ષી આદિ યોનિઓમાં મોકલે છે. આગળ ઉમેરે છે કે- ''દરેક દેશની સરકાર અપરાધ-વૃત્તિવાળા નાગરિકો માટે જેલ બનાવે છે. જેલનો એક ઉદ્દેશ એ પણ હોય છે કે અપરાધી લોકોને અપરાધ કરવાની સ્વતંત્રતા ન મળે અને થોડા સમય માટે તેઓ અપરાધવૃત્તિનો પ્રયોગ ન કરી શકવાના ફળસ્વરૂપે આ વૃત્તિથી છૂટકારો મેળવી લે અને સુધરી જાય. દા.ત., એક મનુષ્ય ચોરી અથવા હિંસા કરે છે તો થોડાં વર્ષ જેલમાં રહેવાના ફળસ્વરૂપે તે એટલા વર્ષ ચોરી-ચકારી અથવા હિંસા નથી કરી શકતો કેમ કે તે બંધનમાં હોય છે, એક કોટડીમાં બંધ રહે છે, અથવા તેને હાથકડીઓ અથવા બેડીઓ પહેરાવવામાં આવે છે. તેનું શુભ પરિણામ એ આવે છે કે ચોરી તથા હિંસાની વૃત્તિઓનો ઉપયોગ નહીં થવાથી તેની વૃત્તિઓ ક્ષીણ થઈ જાય છે, અથવા ખતમ થઈ જાય છે, અર્થાત્ તે મનુષ્યના વર્તનમાં સુધારો થાય છે. આ સિવાય, બીજાં માણસો પણ જ્યારે એ જુએ છે કે આ મનુષ્યને ખરાબ કાર્યોના ફળસ્વરૂપે જેલ મળી છે તો તેઓ પણ બોધપાઠ

લઈ લે છે અને અપરાધથી બચવાનો પ્રયત્ન કરે છે. આ રીતે અપરાધીને જેમની સજા મળવાથી અપરાધી અને સાથોસાથ અન્યોમાં પણ નોંધપાત્ર સુધારો બીજાઓનો સુધારો થાય છે. તેવી જ રીતે મનુષ્યાત્માઓને પણ પશુ-પક્ષી આદિ યોનિ મળવાના ફળસ્વરૂપે તે આત્માઓનો પણ ઉદ્ધાર થાય છે, જે બીજાઓને માટે પણ સાવધાનીની નિશાની સમાન બની રહે છે કે જો અમે પાપકર્મ કરીશું તો અમારે પણ મનુષ્યયોનિ છોડી ઊતરતી યોનિઓમાં ફસાવું પડશે.''

### ઉપરોક્ત દલીલ પર વિચાર

ગંભીરતાપૂર્વક વિચાર કરવાથી આપણને સમજાશે કે વાસ્તવમાં જેલ અથવા કારાગૃહમાં સજા ભોગવવાથી મનુષ્યની વૃત્તિઓમાં સુધારો થતો નથી, પરંતુ કારાગૃહમાં તો લગભગ અપરાધી અને દંડનીય વ્યક્તિઓ જ હોવાથી તથા તેમના સંગથી તો મનુષ્ય વિશેષ બદીઓ જ શીખે છે. તે કારણે, કોઈ અપરાધપ્રિય (Criminal Minded) વ્યક્તિના માતા-પિતા, ભાઈ-દોસ્ત વગેરે એ જ યત્ન કરે છે કે તે વ્યક્તિ ખરાબ હોવા છતાં પણ તેને જેલની સજા ન થાય કારણ કે જેલમાં જઈને તો તે વધુ ખરાબ થઈ જશે તથા રીઢો અપરાધી (Habitual Criminal) બની જશે ત્યારબાદ તેને સુધારવો મુશ્કેલ થઈ પડશે.

સરકાર પણ આ કબૂલે છે કે જેલમાં વ્યક્તિને સજા તો મળે છે પરંતુ તેનામાં સુધારો થતો નથી; એટલા માટે જ જેલમાં અપરાધીઓને સુધારવાની કોઈ મનોવૈજ્ઞાનિક, શૈક્ષણિક અથવા સાંસ્કૃતિક રીત-રસમો અપનાવવામાં આવે. સહુ એ

વાત સ્વીકારે છે કે મનુષ્યને સુધારવાનો સર્વશ્રેષ્ઠ અને પ્રભાવશાળી ઉપાય તો મનુષ્યને કર્મનું સાચું જ્ઞાન આપી તેને અનુશાસન-પ્રિય બનાવવામાં છે, નહીં કે તેને કોઈ બંધનોમાં રાખવામાં. જેલની બહાર તો શિક્ષણ, જ્ઞાન અથવા સત્સંગ દ્વારા મનુષ્યને સુધરવાનો અવસર મળે છે પરંતુ જેલમાં મનુષ્યની અપરાધ-વૃત્તિ સુધરતી નથી અને મનુષ્ય ત્યાં સુધરતો નથી પરંતુ બગડે જ છે અને અમુક મનુષ્ય તો જેલના પક્ષી (Jail Bird) જ બની જાય છે.

આવી જ રીતે અમુક મનુષ્યાત્માનો, કોઈ દૂષિત વૃત્તિ અથવા વાસનાને કારણે પશુની યોનિઓમાં પુનર્જન્મ થાય તો તે ત્યાં બગડશે જ, સુધરશે નહિં. ઉદાહરણાર્થે માની લો કે કોઈ વ્યક્તિ ચોરીની મનોવૃત્તિવાળો છે. અગાઉ તે ચોરી કરીને જ પોતાનું પેટ ભરવાનું સાધન મેળવે છે. હવે માનો કે યોનિપરિવર્તનના સિદ્ધાંત અનુસાર આ પાપકર્મ અથવા સંસ્કારના કારણે તેને મૃત્યુ પછી બીજો જન્મ બિલાડીની યોનિમાં મળ્યો, કેમ કે બિલાડી ચોરી કરીને જ ખાય છે. તો સ્પષ્ટ છે કે બિલાડીની યોનિમાં જન્મ લેવાના પરિણામ-સ્વરૂપે તે આત્માનો ચોરી કરવાનો સંસ્કાર તો પાકો જ થયો. તેનો સુધારો તો થશે નહિ ત્યાં તેની ચોરીવૃત્તિ ટળશે નહિ તેમાં સુધારો થવાને બદલે વધુ પ્રબળ બનશે. વળી, બિલાડી યોનિમાં તો આત્માને સારો સંગ અથવા સારું શિક્ષણ તો મળી શકે જ નહિં, જે આત્માની ઉન્નતિ માટે આવશ્યક છે. સારો સંગ અને જ્ઞાન તો આત્માને મનુષ્યયોનિમાં જ પ્રાપ્ત થઈ શકે છેઃ બિલાડીની યોનિમાં તો કોઈ સુધારો અસંભવ

છે. ઉદાહરણ તરીકે વાલ્મિકીને શિક્ષણ મળ્યું તો તે સુધરી ગયેં, પરંતુ જો તે ડાકુવૃત્તિના પરિણામ સ્વરૂપે પછીના જન્મમાં સિંહ યોનિમાં ચાલ્યા ગયાં હોત તો તેનો સુધારો કેવી રીતે થાય ?

## યોનિ-પરિવર્તનની દલીલ નિરાધાર

કોઈ મનુષ્ય કહી શકે છે કે ચોરી કરવાના સંસ્કારવાળા આત્માનો આગલો જન્મ બિલાડી-યોનિમાં નહિં હોય, પરંતુ કોઈ એવી યોનિમાં હશે જેમાં ચોરી ન કરવી પડે. વારું માની લો કે ચોરી કરવાવાળા મનુષ્યાત્માનો આગલો જન્મ સિંહ યોનિમાં હશે. આ તો ઘણી જ ખરાબ વાત છે. ચોરીનો સંસ્કાર પહેલાં હતો, બીજાને આઘાત પહોંચાડવાના અને હિંસા કરવાનાં સંસ્કારનો તેમાં ઉમેરો થયો – આ તો પતન જ થયું, સુધારો ક્યાં થયો ? કોઈ વ્યક્તિ કહી શકે છે કે સિંહ યોનિમાં પણ નહિ પણ કબૂતરની યોનિમાં જન્મ હશે. ચાલો, માની લઈએ કે કબૂતરની યોનિમાં જન્મ થયો. પરંતુ કબૂતર તો ખૂબ ભોળું હોય છે. ચોરીના સંસ્કારવાળા ચાલાક અને હોંશિયાર મનુષ્યમાં એટલું ભોળપણ ક્યાંથી આવી ગયું કે તે કબૂતર બની ગયો ! ચોર તો સિપાહીને આવતો જોઈ ભાગી જાય છે, પરંતુ કબૂતર તો બિલાડીને આવતી જોઈ આંખો બંધ કરી લે છે અને માની લે છે કે બિલાડી આવતી જ નથી. કાલ સુધી જે ચોર હતો, આજે તે આવો બુદ્ધુ કેવી રીતે બની ગયો ? વળી કબૂતર ડરપોક પણ હોય છે, ચોર તો પકડાઈ ગયા પછી પણ લડીને છૂટવા હંમેશા તૈયાર રહે છે, અર્થાત્ કબૂતર બનવાથી ચોરમાં શું વિશેષ ભયનો સંસ્કાર આવી

જશે? આને તો સુધારો ન કહેવાય! કોઈ વ્યક્તિ કહી શકે છે કે અમને શું ખબર કે ચોરી કરવાવાળો મનુષ્ય કઈ યોનિમાં જશે, તો અમે પૂછીએ છીએ કે તમે કઈ રીતે માની લીધું કે ચોરનું યોનિ-પરિવર્તન થશે?

## વાસ્તવમાં મનુષ્ય-યોનિમાં જ દુઃખ જોઈને મનુષ્યનો સુધારો થાય છે.

હવે યોનિપરિવર્તનના સિદ્ધાંતોને માનવાવાળા લોકોના આ જે વિચારો છે કે 'જેમ અપરાધ કરનારને જેલ મળે તે જોઈ અન્ય લોકો પણ બોધપાઠ લઈ ખરાબ કામથી બચવાનો યત્ન કરે છે, તેવી જ રીતે પાપકર્મ આચરનારને પશુ-પક્ષી આદિ યોનિઓમાં જોઈ મનુષ્ય સુધરી જાય છે અને ખરાબ કર્મોથી દૂર રહે છે'' હવે આપણે આના પર વિચારીશું. સૌ પ્રથમ તો સમજવા જેવી વાત એ છે કે અપરાધીઓને તો જેલમાં જતાં મનુષ્ય પ્રત્યક્ષ રૂપથી જુએ છે, પરંતુ મનુષ્યાત્માઓને તો પશુ-પક્ષી આદિ યોનિઓમાં જતાં તેઓ નરી આંખે નિરખી શકતાં નથી, તેથી યોનિપરિવર્તનના મતને જાણવાં છતાં તેનો તેમને કોઈ વિશેષ ભય રહેતો નથી. વધારામાં મનુષ્યયોનિમાં જ ખરાબ કર્મોના ફળરૂપ મનુષ્યને દુઃખ ભોગવતો જોઈને અન્ય મનુષ્યને વિશેષ ડર રહે છે અને સુધરે પણ છે. દા.ત. વિચારવાન વ્યક્તિને કોઈ પણ કર્મથી રોગ, દુર્ઘટના, પીડા કે દુઃખ થવાની શક્યતા હોય તો તે તેવા કર્મથી દૂર રહેવાનો પ્રયત્ન કરે છે. વાસ્તવમાં પશુ-યોનિઓને જોઈ મનુષ્યને જે ભય થાય છે તેનું પણ મૂળ કારણ એ છે કે તે મનુષ્યયોનિમાં ખરાબ કર્મોનું ફળ દુઃખના રૂપમાં જુએ છે.

જો મનુષ્યયોનિમાં ભૂલ અથવા વિકર્મના ફળસ્વરૂપે દુઃખ ન હોય તો કદાચ મનુષ્ય ક્યારેય પાપથી ડરત જ નહિં. અને સત્ય છે કે, વિચારવાન વ્યક્તિ તો મનુષ્યોમાં પણ આંધળા, બહેરા, લંગડા, નિર્ધન અને દુઃખી લોકોને જોઈને વિકર્મોથી બચવાની પ્રેરણા લઈ શકે છે અને સુધરી શકે છે; દુઃખોથી બચીને રહેવા માટે તેણે યોનિ-પરિવર્તનનો સિદ્ધાંત માનવાની આવશ્યકતા નથી, કારણ કે વિચારવાન વ્યક્તિ તો મનુષ્ય-યોનિમાં સામાન્ય મનુષ્યને પશુ-પક્ષી વગેરેથી પણ વધુ દુઃખી જુએ છે. તે તો મનુષ્ય-યોનિને કર્મ-યોનિની સાથે ભોગ-યોનિ માનીને પણ પોતાના કર્મોમાં સુધારો લાવે છે અર્થાત્ આ જે માન્યતા છે કે ''પશુ-પક્ષી આદિ યોનિઓમાં જવાથી આત્માની દૂષિત વૃત્તિઓ મટી જાય છે અને બીજા મનુષ્યો પણ પાપથી બચી રહે છે,'' તથ્યહીન છે. જો તેમાં તથ્ય હોત તો આજે આ વાદને માનવાવાળા કરોડો લોકો નિર્વિકારી જીવન વ્યતીત કરતાં હોત અને પૂર્ણતઃ પવિત્ર હોત. પરંતુ વ્યવહારિક જીવનમાં આવું નથી. બીજું, આ પણ જોવામાં આવે છે કે મનુષ્ય પરમાત્માને ધર્મરાજ માનીને પણ તેનાથી થોડો ઘણો ડરે છે અને કર્મફળને અટલ માનીને પણ ખરાબ કર્મોથી બચવાની ચેષ્ટા કરે છે.

### ૨. શું પશુ-પક્ષી વગેરે યોનિઓમાં મનુષ્યાત્મા દંડ (સજા) ભોગવવા જાય છે ?

યોનિ-પરિવર્તનને માનવાવાળા લોકો બીજો એ વિચાર રજૂ કરે છે કે - જેમ કોઈ દેશની સરકાર અપરાધીને સજા માટે વ્યક્તિને જેલમાં કેદી બનાવી દે છે, અને સજા દે છે, તેમ

અખિલ વિશ્વની સરકાર જે પરમપિતા પરમાત્મા છે તે પણ પાપ-કર્મોના ફળસ્વરૂપે મનુષ્યાત્માને પશુ-પક્ષી વગેરે યોનિઓમાં સજા ભોગવવા માટે મોકલી દે છે. આ રીતે, તેઓ પશુ-પક્ષી વગેરે યોનિઓને મનુષ્યાત્માને સુધારવાનું સાધન નહિ. પરંતુ દંડ-ભોગની આવશ્યક વ્યવસ્થા પણ માને છે. પરંતુ લાંબુ વિચારવાથી આપ માનશો કે **આત્મા તો મનુષ્ય-યોનિમાં પણ દંડ ભોગવે છે, તો ભલા તેને પશુ-પક્ષી આદિ યોનિઓમાં લાવવાની શું આવશ્યકતા છે?** માની લો કે કોઈ મનુષ્ય બીજાનો તિરસ્કાર કરે છે, લોકો જ્યારે તેની પાસે આવે છે ત્યારે તેમને ધુતકારે છે અને તેમને લોકોની સાથે સદ્વ્યવહાર કરતો નથી. યોનિપરિવર્તનના સિદ્ધાંતને માનતાં લોકો કહી શકે છે કે એ મનુષ્ય કૂતરાની યોનિમાં પુનર્જન્મ પામે છે અને કૂતરાના ઘર રૂપમાં જ્યારે તે એક ઘેરથી બીજા ઘરમાં રોટલીના ટુકડા માટે જાય છે તો લોકો તેનો પણ તિરસ્કાર કરે છે અને માર મારી ભગાડે છે અને તે શેરીમાં અથવા સડક પર પડી રહે છેઃ અને અંતે રઝળતાં-રઝળતાં રસ્તા પર જ મૃત્યુ પામે છે. પરંતુ આપણે જોઈએ છીએ કે એક નિર્ધન અને દુઃખી મનુષ્ય પણ જ્યારે દરિદ્ર અવસ્થામાં ઘેર-ઘેર મુટ્ઠીભર લોટ માંગવા જાય છે ત્યારે લોકો તેને કડવાં શબ્દો કહે છે અને બારણામાંથી દૂર કાઢે છે અને તે બિચારો સો-બસો ઘેર ભટકી-ભટકી, કડવા શબ્દો સાંભળી-સાંભળી અને ધક્કામુક્કી સહન કર્યા પછી માંડ પોતાનું પેટ ભરી શકે છે.

આમ, મનુષ્ય હોવાં છતાં જે તિરસ્કાર તથા દુર્વ્યવહાર આવા મનુષ્યને સહન કરવો પડે છે, તે કૂતરાની દુઃખ-

અનુભૂતિથી પણ વધુ દુઃખદ અનુભૂતિ છે, કેમ કે મનુષ્યમાં તો કૂતરાથી વધુ સ્વમાન, સ્વાભિમાન અને અનુભવશક્તિ છે. તે ભીખ માંગતો ફૂટપાથ પર પડી રહે છે અને અંતે શેરીનાં નાકે ઠંડીથી ઠુંઠવાઈ, ગરમીમાં વ્યાકુળ બની અને ક્ષુધાથી પીડિત થઈ અથવા રોગ અને દુર્બળતાનો શિકાર બની મૃત્યુ પામે છે! જ્યારે આપણે જોઈએ છીએ કે પશુ-પક્ષી આદિ યોનિઓમાં મનુષ્યાત્માને પુનર્જન્મ લેતાં જે દુઃખ ભોગવવું પડે છે, તેનાથી પણ વધુ પ્રમાણમાં દુઃખ તેને મનુષ્યયોનિમાં ભોગવવું પડે છે, તો આ શા માટે એ માનવામાં આવે કે પશુ-પક્ષી વગેરે યોનિઓ મનુષ્યાત્મા માટે દંડ યોનિઓ છે ?

## જો પશુ-યોનિમાં દંડ મળશે તો ન્યાયાલયોની શી આવશ્યકતા છે ?

વિચારવા જેવી વાત છે કે જો પશુ-પક્ષી વગેરે યોનિઓ મનુષ્યાત્માને દંડવા માટે છે તો પછી સંસારમાં ન્યાયાલય અને તેના દ્વારા દંડ દેવાની વ્યવસ્થા શા માટે ? દરેક દેશની સરકારે વિચારવું જોઈએ કે દરેક મનુષ્ય ખરાબ કર્મોના ફળસ્વરૂપે પશુ-પક્ષી વગેરે યોનિઓમાં પુનર્જન્મ લઈ દુઃખ તો ભોગવશે જ, તો અપરાધીને આ મનુષ્ય-જન્મમાં દંડ દેવાની વ્યવસ્થા કરવાની શું જરૂર છે ? લોકોએ પણ એ વિચારવું જોઈએ કે વકીલોને આટલી ફી આપીને તથા ન્યાયાલયને પણ સ્ટેમ્પ ફી વગેરે આપી તેની પાસેથી ન્યાય માંગવાની શું આવશ્યકતા છે ? જે વ્યક્તિ અન્યાય કરશે તે આગલા જન્મમાં ગધેડો-ઘોડો અથવા ઊંદર-બિલાડી, બકરી-વાંદરો તો બનશે જ,

તો આપણે શા માટે ન્યાય માંગવા જવું જોઈએ? એક દેશ બીજા દેશ પર ચઢાઈ કરે છે તો યોનિ-પરિવર્તનમાં માનનાર લોકોએ ચૂપ થઈને બેસી જવું જોઈએ કારણ કે તેનું મંતવ્ય તો એ છે કે સર્વ હિંસક આક્રમણકારી મનુષ્યો આગલા જન્મમાં પશુ બનીને દીન અવસ્થામાં રહેશે. તો શા માટે આપણે આ ભાવિ પશુ-પક્ષીઓ સાથે માથાફોડ કરી, અને ધન-જન ગુમાવીએ? આક્રમણ કરવા દ્યો સૌને, દરેક આગલા જન્મમાં ગધેડાં-ઘોડાં બનશે અને આપણી સવારી તથા સામાન ખેંચવામાં કામ આવશે અથવા તો ભેંસ-બકરી વગેરે બનશે જેથી આપણે એનું દૂધ પીવા મળશે! પરંતુ આપણે જોઈએ છીએ કે સંસારમાં કોઈ એવું નથી વિચારતું કે, વર્તમાનમાં હિંસક કે પાપકર્મ કરનાર લોકો કોઈ પશુ બની રહ્યાં છે. જો યોનિપરિવર્તનનો સિદ્ધાંત સત્ય હોય તો આજ આખું વિશ્વ એક પ્રાણી સંગ્રહાલય (Zoo) બની જાત, જેમાં મનુષ્ય તો જોવા પણ ન મળત કારણ કે દરેક મનુષ્ય બીજા અવતારમાં જીવાણુ-પતંગિયા, ગરોળી-છછુંદર અથવા સિંહ અથવા વાઘ બની જાત!

## કુદરતી આપત્તિઓ શા માટે?

ધ્યાનમાં લેવા જેવી એ પણ એક વાત છે કે સંસારમાં આગ, પૂર, ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વગેરે પ્રાકૃતિક આપત્તિઓ દ્વારા મનુષ્ય દુઃખી થાય છે, આ કઈ વ્યવસ્થાને કારણે છે? જો મનુષ્યાત્માને સુધારવા અને દંડ આપવા પશુ-પક્ષી વગેરે યોનિઓની વ્યવસ્થા છે તો આપત્તિઓ શા માટે આવે છે? સ્પષ્ટ છે કે મનુષ્યાત્માને મનુષ્ય-યોનિમાં જ સુખ-દુઃખ ભોગવવાનો નિયમ છે અને યોનિ-પરિવર્તનનો સિદ્ધાંત

નિરર્થક છે. મનુષ્ય જ્યારે કોઈ ખરાબ કર્મ કરે છે, તેનું વિશેષ ફળ તો તે સમયાન્તરે મનુષ્ય-યોનિમાં જ મેળવે છે પરંતુ તેને અશાંતિનો થોડો ઘણો અનુભવ તો ત્યારે ને ત્યારે જ થઈ જાય છે એટલે કે યોનિ-પરિવર્તનની માન્યતા નિરાધાર અને અનાવશ્યક છે.

## પશુ-પક્ષીઓ દ્વારા મનુષ્યને દંડ-ભોગ

વળી, આપણે જોઈએ છીએ કે મનુષ્યને પશુ-પક્ષી, જીવાણુ વગેરે દ્વારા પણ દુ:ખ થાય છે. ઊદાહરણ તરીકે કોઈ જાનવર-કૂતરો કે સાપ મનુષ્યને કરડે છે તો મનુષ્યનું મૃત્યુ નીપજે છે, ઊંદર માણસનાં કપડાં કાપી જાય છે, બિલાડી મનુષ્યની અભરાઈમાંથી દૂધ પી જાય છે, સિંહ મનુષ્યનો શિકાર કરીને તેને ખાઈ જાય છે, મચ્છર માણસને કરડી મેલેરિયાનો રોગી બનાવી દે છે. આ તો થઈ પશુ-પક્ષીથી ભોગવવા પડતાં દુ:ખની વાત, મનુષ્યને પશુઓ વગેરે દ્વારા સુખ પણ મળે છે, દા.ત. ગધેડા, ઘોડા, હાથી, ઊંટ વગેરે મનુષ્યની સવારી વગેરેના કામમાં આવે છે, કૂતરો ચોકી કરે છે, ગાય-ભેંસ વગેરે દૂધ આપે છે, મોર નૃત્ય કરી મનને પ્રફુલ્લિત કરે છે, બિલાડી ઘરમાં ઊંદરની સફાઈ કરી કપડા-લત્તાંને થતું નુકસાન અટકાવે છે, માછલી પાણી સાફ રાખે છે, ઘણાં પક્ષીઓ ખેતરમાં જીવાણું સાફ કરી ખેતીને થતું નુકસાન અટકાવે છે. તેથી આ જે પ્રચલિત માન્યતા છે કે "પશુ-પક્ષી વગેરે યોનિઓ મનુષ્ય માટે ભોગ-યોનિઓ છે", પરંતુ વાસ્તવમાં તેનો ભાવાર્થ એ છે કે મનુષ્યને જેવી રીતે પ્રકૃતિ દ્વારા સુખ-દુ:ખ ભોગવવાં પડે છે, તેવી જ રીતે પશુપક્ષી વગેરે દ્વારા પણ સુખ અથવા દુ:ખ ભોગવવા મળે છે. પરંતુ

તેનો એ અર્થ માનવો ખોટો છે કે મનુષ્યાત્મા સ્વયં પશુ-પક્ષી વગેરે યોનિઓમાં પુનર્જન્મ લઈ દુ:ખ અને દંડ ભોગવે છે.

## 'અંતે મતે સો ગતિ' અનુસાર મનુષ્યાત્મા પશુયોનિમાં જન્મ લે છે ?

યોનિપરિવર્તનના સિદ્ધાંતમાં આસ્થા રાખનાર લોકો ત્રીજો મુખ્ય સવાલ કર્યા કરે છે કે અંત સમયે (મૃત્યુ સમયે) મનુષ્યની જેવી સ્મૃતિ, વૃત્તિ અથવા વાસના હોય છે, તેવી જ તેને જાતિ, આયુષ્ય અને ભોગ્યપદાર્થ મળે છે, અર્થાત્ તેવી જ યોનિ તેને મળે છે. અર્થાત્ તેઓ કહે છે કે ''જો કોઈ મનુષ્યની અંતિમ વૃત્તિ અથવા વાસના હિંસક હોય તો તે કોઈ હિંસક પશુ યોનિમાં જ જન્મ લે છે. તેવી જ રીતે તેઓ કહે છે કે જો કોઈ મનુષ્ય ખૂબ જ ધનવાન હોવા છતાં ખૂબ કંજૂસ હોય, કોઈને ધનદાન દેતો ન હોય અને પોતાના કાર્યમાં પણ તે ધનનો ઊપયોગ કરતો ન હોય, વધારામાં પોતાની તિજોરીની સંભાળ માત્ર કરતો હોય તો તે આગલા જન્મમાં સર્પ યોનિમાં જન્મ લઈ જમીનમાં દાટેલા ધનના કોઈ માટલા પર ચડીને જ બેસી રહે છે.'' તે પ્રમાણે તેઓ કહે છે કે -''જે મનુષ્યનો જેવો સ્વભાવ-સંસ્કાર અથવા જેવી વાસના હોય છે, તે પ્રમાણે જ તે આગલા જન્મમાં યોનિ અને શરીર ધારણ કરે છે.'' હવે વિચારી જોઈશું કે શું આ વિચારમાં કેટલી સત્યતા છે ?

### એક પ્રશ્ન

હવે જો એ પણ માની લેવામાં આવે કે અંતિમ વાસના પ્રમાણે મનુષ્યાત્મા પશુ-પક્ષી વગેરે યોનિઓમાં જન્મ-પુનર્જન્મ લે છે તો પ્રશ્ન ઉઠે છે કે પશુ-પક્ષી વગેરે યોનિઓમાં મનુષ્યાત્માઓથી મૂળ રીતે ભિન્નરીતના સંસ્કારો હોય છે તે

મનુષ્યદેહ છોડનાર મનુષ્યાત્મામાં અચાનક આપમેળે ક્યાંથી આવી જાય છે ? દા.ત. માની લેવામાં આવે કે એક મનુષ્યાત્મા પોતાના પાપકર્મોને કારણે ઊંટ અથવા સિંહની યોનિમાં જન્મ લે છે. પરંતુ પ્રશ્ન ઉઠે છે કે મનુષ્યદેહ છોડી ઊંટની યોનિમાં પ્રવેશનાર આત્મામાં ઊંટની જેમ કાંટા ખાવાના સંસ્કાર અથવા સ્વભાવ કે, સિંહ જેમ નર-વધ કરીને મનુષ્યને ખાવાની વૃત્તિ-પ્રવૃત્તિ તથા સિંહની અથવા ઊંટની જેવી અન્ય વિશેષતાઓ અચાનક ક્યાંથી આવી જાય છે ? તેના જવાબમાં યોનિ-પરિવર્તન સિદ્ધાંતને માનનાર લોકો કહે છે કે –"આત્મા અનાદિ છે અને અગાઉના મનુષ્યથી ભિન્ન બીજી યોનિઓના સંસ્કાર અથવા વાસનાઓ તેમાં હયાત હોય છે અને જ્યારે તે શરીરનો ત્યાગ કરે છે ત્યારની તેની અંતિમ વાસના અનુસાર જ તેને આગલા જન્મમાં દેહ પ્રાપ્ત થાય છે તથા યોનિ અનુસાર જ તેમાં અગાઉના સુષુપ્ત સંસ્કારો ફરી જાગ્રત થાય છે. તેમના કથનનો ભાવ છે કે જો મનુષ્યાત્મા મનુષ્ય-દેહ ત્યાગી ઊંટ, બિલાડી કે સિંહના તનમાં પ્રવેશે તો, તે આત્માએ અનેકવાર અગાઉ આ યોનિઓને ભોગી હોવાથી, તેના અગાઉના સુષુપ્ત સંસ્કારો જાગ્રત થઈ જશે." આપ સ્વયં જ નિર્ણય કરો કે તેમને તો પોતાની એ વાત સિદ્ધ કરવી હતી કે મનુષ્યાત્મા પશુ-પક્ષી વગેરેની યોનિઓમાં પુનર્જન્મ પ્રાપ્ત કરે છે, એ સિદ્ધ કરતાં પહેલાં જ એ માન્યતા રાખવી કે મનુષ્યાત્માએ અગાઉ પણ ઊંટ, સિંહ વગેરે યોનિઓમાં જન્મ ધારણ કરેલો છે, ક્યાં સુધી તર્કસંગત છે ? છે ને બિલકુલ ખોટો તર્ક ! આવી જ રીતે, આપ સ્વયં જોશો કે આવા કોઈ તર્ક દ્વારા

મનુષ્યાત્માઓની યોનિ-પરિવર્તનની માન્યતા ખરી સાબિત થવાની નથી. પછી, જો યોનિ-પરિવર્તનના સિદ્ધાંતને માનનારાઓની માન્યતા ખરી હોય કે અંત સમયે મનુષ્ય જે પશુ-પક્ષીની યાદમાં સ્થિત હોય છે (રાજા ભર્તૃહરિને હરણ યાદ આવ્યું હતું) તો તે યાદ કરેલી પશુ-યોનિમાં જન્મ ધારણ કરે છે, તો પણ એ સિદ્ધાંતમાં આસ્થા રાખનારને જ હાનિ થશે. કારણ કે, અંત સમયે તેને ખ્યાલ આવશે કે ક્ક્કોને ખબર હું ફલાણી યોનિમાં જ જન્મવાનો નથી

શું મનુષ્યાત્માઓ પશુ-પક્ષી વગેરેની યોનિઓમાં દંડ (સજા) ભોગવે છે. આગળ અમે જણાવી આવ્યા છીએ કે મનુષ્યાત્મા પશુ-યોનિ ભોગવે છે તેવી માન્યતાને સિદ્ધ કરવાં મુખ્યત્વે બે તર્ક પ્રસ્તુત કરવામાં આવે છે. સૌ પ્રથમ તેઓ કહે છે, મનુષ્ય આયખું જે સારા-નરસા કર્મો કરે છે, તેના પરિણામે તેના સારા-નરસા સંસ્કારો બને છે અને તે સંસ્કારો તથા વૃત્તિઓ અનુસાર અગણિતવાર કોઈ યોનિ ધારણ કરે છે''. દા.ત. તેઓ કહે છે કે જો કોઈ મનુષ્ય કામવાસનાવાળો હોય અર્થાત્ કોઈમાં કામવૃત્તિ વિશેષ હોય તો તે કૂતરાની યોનિમાં જન્મ લે છે કેમ કે કૂતરામાં પણ કામવૃત્તિની પ્રધાનતા હોય છે. બીજી વાત તેઓ કહે છે કે ''ખરાબ કર્મ કરવાવાળી વ્યક્તિને જેવી રીતે સરકાર જેલમાં નાંખી તેની સ્વતંત્રતા છીનવી લે છે અને અન્ય સુખોથી વંચિત કરી તેને દંડ દે છે, તેવી જ રીતે વિકર્મોનો દંડ ભોગવવા પશુ વગેરે યોનિઓમાં જન્મ ધારણ કરવો પડે છે અને પરતંત્ર થવું પડે છે. દા.ત.

વિકર્મી કૂતરાની યોનિમાં જન્મ લઈ ઘર-ઘર ભટકે છે, લોકો તેને ભગાડે છે'' પરંતુ આ બંને તર્કોમાં કેટલી સચ્ચાઈ છે ?

એ વાતનો કોઈ પુરાવો કે પ્રમાણ છે કે કામી મનુષ્ય તેની કામવૃત્તિને કારણે કૂતરાની યોનિમાં જન્મ પામે છે ? આપણે શા માટે ન માનીએ કે આત્મા એક શરીર છોડ્યા બાદ પોતાના સંસ્કાર અથવા પોતાની કામવૃત્તિ તો સાથે લઈ જાય છે પરંતુ સાથોસાથ બીજો જન્મ પણ મનુષ્ય-યોનિમાં જ ધારણ કરે છે, કારણ કે કામવૃત્તિની સાથે તે આત્મામાં મનુષ્યવૃત્તિ (મનુષ્ય જેવો સ્વભાવ) પણ હોય જ છે અને તેની કામવાસના પણ નર અથવા નારી-દેહ સંબંધિત જ હોય છે, ન કે અન્ય કોઈ યોનિથી. આ સિવાય જોવામાં આવે તો આજે અનેક મનુષ્યો કૂતરાથી પણ વધુ કામી છે. આજના મનુષ્યની દૃષ્ટિ અને વૃત્તિમાં તો જાણે કામનો સ્થાયી વાસ છે. કામવાસનાનાં ભોગ માટે તો તેણે સંબંધ અને સાધનો શોધી રાખ્યાં છે અને આ વિષયને તો તે પોતાનો એક મુખ્ય અને કાનૂની અધિકાર (Conjugal Right) સમજે છે અને એક નીતિ, નિયમ અથવા રિવાજ જ નહિ પરંતુ કર્તવ્ય (duty) અને સ્વાભાવિક આવશ્યકતા (natural) માની બેઠો છે. આ જ કામ વિકાર મનુષ્યને સપનામાં પણ સતાવે છે અર્થાત્ અંત સમયની કામવૃત્તિઓની પ્રધાનતાના પરિણામસ્વરૂપે તો તે વળી એક કામી મનુષ્યના રૂપમાં જ જન્મ લઈ શકે છે. કૂતરાની યોનિમાં તેનો જન્મ થાય તે માન્યતા તર્કસંગત તો નથી જ, બુદ્ધિગમ્ય પણ નથી.

હવે બીજી આ જે દલીલ છે કે મનુષ્ય-યોનિ કર્મ-યોનિ અને પશ-યોનિ ભોગ—યોનિ છે અને દંડ-ભોગ માટે

મનુષ્યાત્માને પશુયોનિ મળે છે, એ પણ વિવેક સંગત નથીજ કારણ કે દંડ તો મનુષ્યયોનિમાં પણ આત્મા ભોગવે જ છે. આપણે જોઈએ છીએ કે ઘણા કૂતરા ખૂબસૂરત મકાનોમાં રહે છે, મોટરોમાં ફરે છે, પાઉ-બિસ્કીટ ખાય છે, તેમને પાળવા માટે તેઓના માલિકોએ નોકરો રાખ્યા હોય છે, માલિક તેને ખૂબ જ પ્યાર કરે છે અને તે થોડાં બીમાર પડી જાય તો તેની દવા-દારૂ માટેના ખર્ચની પરવા પણ નથી કરતાં. જ્યારે કોઈ ભિખારી ઠંડીમાં કે વરસાદમાં, ફૂટપાથ પર રાતગુજારો કરે છે, રોટલીના એક સૂકા ટુકડા માટે ઘેર-ઘેર ભટકે છે. ભૂખની સાથેસાથે લોકોના કડવા વેણ પણ તેણે સહન કરવાં પડે છે. આ સિવાય મનુષ્યમાં વધુ બુદ્ધિ હોવાને કારણે મનુષ્યને દુઃખનો આભાસ વધુ થાય છે. કોઈ પશુને લાકડી મારવાથી તેને એટલું દુઃખ થતું નથી, તેનાથી વધુ દુઃખ મનુષ્યને દશ-વીશ વ્યક્તિઓની હાજરીમાં માત્ર એક અપમાનજનક શબ્દ સંભળાવવાથી જ થાય છે. એટલે કે ‘‘પોતાના ખરાબ કર્મોના ફળસ્વરૂપે દંડ ભોગવવા માટે પણ મનુષ્યનો પશુયોનિમાં જન્મ વિવેકયુક્ત નથી. પરંતુ, આપણે રોજબરોજની જીંદગીમાં જોઈએ છીએ કે મનુષ્યયોનિમાં જ મનુષ્ય આંધળો, બહેરો, લંગડો, લૂલો, નિર્ધન અવસ્થામાં કંઈક વિશેષ દુઃખ ભોગવે છે. અને તેને એ પણ ખબર હોય છે કે આ દુઃખ તેના પોતાનાં કરેલાં પાપ કર્મોનું જ ફળ છે.

## મૃત્યુ બાદ શું મનુષ્યાત્મા સ્વર્ગમાં અથવા નર્કમાં કે પરલોકમાં જાય છે ?

આજે દરેક વ્યક્તિના મૃત્યુ બાદ કહેવામાં આવે છે કે

ફલાણી વ્યક્તિ સ્વર્ગે સિધાવી છે પરંતુ આવું કહેનાર લોકો પણ શોક કરે છે, રોક્કળ પણ કરે છે અને ભગવાનને પ્રાર્થના પણ કરે છે કે હે ભગવાન તેની આત્માને શાંતિ આપો. રસ્તો ભૂલે નહીં એ માટે તેઓ દીવો પણ પ્રગટાવે છે. પછી દર વરસે તેના નિમિત્તે શ્રાદ્ધ પણ કરે છે. પ્રશ્ન ઉઠે છે કે અગર જો તેના મનમાં ખરેખર એ દૃઢ વિશ્વાસ હોય કે તે આત્મા સ્વર્ગે સિધાવી છે તો તેને માટે રડારોળ શાં માટે ? તે આત્માને આ મૃત્યુલોકના અસાર પદાર્થ ખવડાવવા વિવિધ યત્નો પણ શા માટે ?

જો સર્વ મનુષ્યાત્માઓ મૃત્યુ બાદ સ્વર્ગમાં જાય તો આજે સ્વર્ગમાં જનસંખ્યા અતિવૃદ્ધિ (Over-Population) ની સમસ્યાએ ખૂબ મોટું રૂપ ધારણ કર્યું હોવું જોઈએ અને આજના મનુષ્યોના જેવા સંસ્કારો છે, તેવા સંસ્કારોવાળી આત્માઓ જો સ્વર્ગમાં જાય તો સ્વર્ગમાં પણ અહીંની જેમ લડાઈ-ઝઘડાં, વિષયવિકાર, રોક્કળ જ હોય. અરે ! સ્વર્ગ પણ ‘સ્વર્ગ’ મટી નર્ક બની ગયું હશે. આજે મનુષ્ય માનવતાની શ્રેણીથી પણ નીચે ઊતરી ગયો છે. સ્વર્ગનો અધિકાર તો દેવી-સ્વભાવવાળી જ વ્યક્તિને પ્રાપ્ત થઈ શકે છે. એટલે યાદ રાખો કે સર્વ મનુષ્યોના કર્મ-બંધન આ લોકના લોકો સાથે જ જોડાયેલાં છે અને એટલા માટે જ સર્વ મનુષ્યો ફરી ફરી આ સંસારમાં જ મનુષ્યજન્મ લઈ સુખ-દુઃખ ભોગવતાં રહે છે.

સ્વર્ગ અને નર્ક છે ક્યાં ? વાસ્તવમાં સુખની દુનિયાને ‘સ્વર્ગ’ અને દુઃખની દુનિયાને ‘નર્ક’ કહેવામાં આવે છે. સ્વર્ગ આ લોકથી ઊપર બીજે કયાંય નથી. અને નર્ક કંઈ આ પૃથ્વીની

કંઈ નીચે નથી. અલબત્ત, સતયુગ અને ત્રેતાયુગમાં મનુષ્યો તથા જીવજંતુઓ અને પ્રકૃતિ સતોપ્રધાન હોવાને કારણે આ જ સૃષ્ટિ 'સ્વર્ગ' હોય છે અને મનુષ્ય દિવ્યગુણોથી યુક્ત તથા પવિત્ર હોવાના કારણે 'દેવતા' કહેવાય છે અને દ્વાપરયુગ તથા કળિયુગમાં મનુષ્ય આસુરી સ્વભાવવાળા, પતિત, વિકારી, ભ્રષ્ટાચારી હોય છે અને આ જ 'સૃષ્ટિ' નરક બની જાય છે. એટલે આજે આપણે કોઈના મૃત્યુ સમયે કહીએ કે ફલાણા સ્વર્ગે સિધાવ્યા તો તે વાત તર્ક વિહીન છે કારણ કે સર્વ મનુષ્યો એક શરીર છોડ્યા બાદ આ જ સૃષ્ટિમાં પુનર્જન્મ લેતા રહે છે. સુખ અથવા દુઃખ આ લોકમાં જ છે. આ સિવાય બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની જે દુનિયા છે ત્યાં દુઃખ નથી અન ત્યાં મનુષ્યાત્મા જન્મ પણ લઈ શકતી નથી. સ્વર્ગ અર્થાત્ સતયુગી દુનિયામાં તો મનુષ્યાત્મા ત્યારે જ જઈ શકે છે જ્યારે દૈવી-સ્વભાવવાળી બને, સર્વ કર્મ-બંધનોથી મુક્ત બને અને સ્વયં પરમાત્મા સતયુગી દુનિયાની સ્થાપના કરે.

**શું મૃત્યુ બાદ મનુષ્યાત્મા પરલોક સિધાવે છે ?**

આ જ પ્રમાણે પરલોકમાં પણ મનુષ્યાત્માઓ ત્યારે જ જાય છે કે જ્યારે તેમના સંસ્કાર પવિત્ર થઈ જાય અને પોતાના કર્મ-બંધનોથી મુક્ત થાય અથવા પૂર્વ-જન્મોના વિકર્મોનો નાશ કરે અને પરમપિતા પરમાત્મા માર્ગ-દર્શન કરે.

આ સઘળું કળિયુગના અંતમાં જ શક્ય (સંભવ) છે. કળિયુગના અંતમાં મનુષ્યાત્માઓ પશુઓથી પણ વધુ વિકારી અને પતિત થઈ જાય છે. ધર્મ-કર્મ વગેરે નષ્ટ થઈ જાય છે. મનુષ્યનો આહાર-વ્યવહાર તમોપ્રધાન થઈ જાય છે. એવા સમયે સર્વશક્તિવાન, પતિત-પાવન, પરમ કલ્યાણકારી

પરમપિતા પરમાત્મા શિવ આ મનુષ્યસૃષ્ટિમાં અવતરિત થઈ મનુષ્યાત્માઓને એ બધાં રહસ્યો સમજાવે છે કે આત્મા શું છે, તે આ સૃષ્ટિમાં કેટલા જન્મ ધારણ કરે છે, પરલોક ક્યાં છે, 'સ્વર્ગ' કોને કહેવામાં આવે છે, મનુષ્યોનાં કર્મો કેવાં હોવાં જોઈએ અને વિકર્મોનો વિનાશ કરવા શું પુરુષાર્થ કરવો જોઈએ ? પરમપિતા પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા જ્ઞાન તથા યોગ શીખવી મનુષ્યને દેવતા બનાવે છે અને આ રીતે, ફરીથી સતયુગી દૈવી-સૃષ્ટિ અર્થાત્ સ્વર્ગ (Heavenly abode) ની સ્થાપના કરાવે છે અને મહાદેવ શંકર દ્વારા વિજ્ઞાનીઓ તથા અજ્ઞાનીઓ ઉપરાંત અભિમાની મનુષ્યોને પ્રેરી કળિયુગી, દુ:ખી સૃષ્ટિ અર્થાત્ નરક (Hell) નો મહાવિનાશ પણ કરાવે છે ત્યારે સર્વ આત્માઓ મહામૃત્યુ (મહાવિનાશ) ના પરિણામસ્વરૂપે પરલોકમાં જ્યોતિતત્ત્વમાં જઈ નિર્વાણાવસ્થા (મુક્તિ અવસ્થા) માં નિવાસ કરે છે (લીન થતા નથી કારણ કે આત્માઓ અવિનાશી છે). પરલોકમાં જતાં પહેલાં તેઓ ધર્મરાજપુરીમાં પોતાના રહેલા વિકર્મોના કારણે ખૂબ સજાઓ પણ ભોગવે છે. પરંતુ જે આત્માઓએ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા ઈશ્વરીય જ્ઞાન મેળવી અને યોગ દ્વારા પોતાના આસુરી સંસ્કાર બદલ્યા હોય છે અને પોતાના વિકર્મો દગ્ધ કરી લીધાં હોય છે, તે પરલોકમાં મુક્તિ પ્રાપ્ત કરી થોડાં સમય બાદ સતયુગી દૈવી-સૃષ્ટિમાં સુખ ભોગવે છે. સૃષ્ટિના મહાવિનાશ પહેલાં અર્થાત્ પરમપિતા પરમાત્માના અવતરણ અને માર્ગ-પ્રદર્શન પહેલાં કોઈપણ મનુષ્યાત્મા કર્મ-બંધન મુક્ત થઈ શકતી નથી અને પરલોક અથવા સ્વર્ગમાં પણ જઈ શકતી નથી. એટલા માટે, મુક્તિદાતા, સુખદાતા,

સદ્‌ગતિદાતા, માર્ગદર્શક ઈત્યાદિ શબ્દોથી ફક્ત પરમાત્માની જ મહિમા પ્રસિદ્ધ છે, કોઈ મનુષ્યની નહિ.

### શું મૃત્યુ બાદ મનુષ્ય કબરમાં જ ઊંઘતો રહે છે ?

અમુક લોકો મનુષ્યના મૃત્યુ બાદ તેના શબને કબરમાં દફનાવી દે છે. તેનું શબ તો કબરમાં દફનાવાયેલું જ રહે છે પરંતુ આત્મા વિષે કેવી રીતે કહી શકાય કે તે પણ કબરમાં જ પોઢેલો રહે છે ? આત્મા તો પોતાનાં સારાં-ખરાબ કર્મોનાં ફળ-સ્વરૂપ મનુષ્ય શરીરમાં પુનર્જન્મ લઈ સુખ-દુ:ખ જ ભોગવે છે. જો મનુષ્યાત્માઓ પરલોક અથવા आलिम-ए-अखाह (આત્માઓની દુનિયા અથવા બ્રહ્મલોક) માંથી આવી અહીં કેવળ એક જ જન્મ લઈ વળી કયામત (મહાવિનાશ) સુધી કબરમાં દફનાવેલી હોય ત્યારે તો કોઈ મનુષ્યને સુખી અને કોઈને દુ:ખી થવાનું કોઈ કારણ જ રહેતું નથી. એક મનુષ્યાત્મા નિર્ધન અને નિરક્ષર જાતિના કોઈ કુટુંબમાં શરીર ધારણ કરે અને અન્ય કોઈ ધનવાન, ધર્મપ્રેમી અને સુશિક્ષિત કુટુંબમાં શરીર લે તે જ સાબિત કરે છે કે શરીર લેવાવાળી આત્માના પૂર્વકર્મોનો પણ અગાઉ હિસાબ-કિતાબ છે, અર્થાત્ તે પહેલાં અમુક કર્મો કરી ચૂક્યો છે અને જન્મ લઈ ચૂક્યો છે અને તેના આધારે જ હવે તેનો આ પુનર્જન્મ થયો છે. આ સિવાય આજ સુધી અનેક બાળકોએ-બાળાઓએ પોતાના પૂર્વજન્મોના કંઈ વૃત્તાંત બતાવ્યાં છે તેનાથી પણ એ સિદ્ધ થાય છે કે મૃત્યુ બાદ પુનર્જન્મ થાય છે જ.

### હવે આવનાર મોત પછી શું ?

આ ઉપરથી સ્પષ્ટ છે કે જન્મજન્માંતર તો મનુષ્યાત્માઓ આ લોકમાં પુનર્જન્મ લઈ સુખ-દુ:ખ ભોગવતી આવી છે.

પરંતુ હવે ફરી આ સૃષ્ટિના મહાવિનાશની સામગ્રી તૈયાર થઈ ચૂકી છે. પરમપિતા પરમાત્મા શિવે મહાદેવ શંકર દ્વારા વૈજ્ઞાનિકોને પ્રેરણા આપી મહાવિનાશક પરમાણુ શસ્ત્રો તૈયાર કરાવી લીધીં છે અને દેહ અભિમાની મનુષ્યોના સ્વભાવ ગૃહયુદ્ધો માટે પણ તૈયાર જ છે. એટલે કે આ મહામૃત્યુ અથવા અંતિમ મૃત્યુ આવશે અગાઉ જે મનુષ્ય પ્રજાપિતા બ્રહ્મા દ્વારા અપાયેલા ઈશ્વરીય જ્ઞાન અને યોગને જીવનમાં ધારણ કરી દિવ્ય સ્વભાવવાળા તથા વિકર્માજીત બનશે તેઓ તો પરલોકમાં મુક્તિ અને પછી સતયુગી સૃષ્ટિ (સ્વર્ગ) માં પૂર્ણતઃ સુખ પણ મેળવશે. અન્ય સર્વ આત્માઓ ધર્મરાજપુરીમાં સજા ભોગવી થોડાં સમય માટે પરલોકમાં નિર્વાણાવસ્થા પછી, પુનઃ પોતાના સ્વભાવાનુસાર દ્વાપરયુગી તથા કળિયુગી દુઃખી મનુષ્ય-સૃષ્ટિ (નર્ક) માં જન્મ-પુનર્જન્મ લેશે. આ રીતે વર્તમાન જન્મ ખૂબ જ અમુલ્ય છે અને આપણે આ સમયે દિવ્યગુણસંપન્ન તથા પવિત્ર બનવાનો પુરુષાર્થ કરવો જોઈએ.

## ક્યાંથી આવ્યો..... ?

તું ક્યાંથી આવ્યો, ક્યાં જવું, તેનો ખ્યાલ છે ઈન્સાન તને ? ક્યા માર્ગનો તું મુસાફર છે, કંઈ તેનું પણ જ્ઞાન છે તને ? શું કાર્ય કરવા આવ્યો હતો, ક્યા ડ્રામાનો તું એક્ટર છે ? શું પાત્ર ભજવવાનું છે તારે, ક્યા દાતાનું ફરમાન છે તને ? કેમ માયાના ચક્કરમાં ફસાયો છે, શા માટે ડૂબ્યો પાંચ વિકારોમાં ? કેમ આસુરી મત અપનાવ્યો, શિવ-મતનું ભૂલ્યો ભાન તું ? આંખો પર પાટો બાંધી ડગલે ને પગલે ઠોકરો ખાધી છે. કેમ પતિત થઈ તું ફરે છે, નહીં પાવનતાનું ભાન તને ? તે જ્ઞાનના હીરા દે છે, પણ ઝોળી છે તારી ઊભરાતી.

તું નિર્ધન પોતે જ થાય છે, તે બનાવે છે ધનવાન તને. તકદીરને તારી ચમકાવે, તું રોવે છે નિજ કિસ્મતને ? ઊઠ જો જરા આ વિનાશ ઊભો, અને પાપોનો બોજ ચઢ્યો. હવે ગફલત ન કર, યોગ લગાવ, છે જીવનનું ભાન તને ?

## છાપાઓમાં છપાયેલાં પુનર્જન્મ સંબંધી વૃત્તાંત

હવે આપણે સમાચારપત્રોમાં પ્રસિદ્ધ થયેલાં વૃત્તાંતોને આધારે સ્પષ્ટ કરીશું કે આપણા સંસ્કાર, આપણાં કર્મોનું ખાતું, આપણા બંધન વગેરે કઈ રીતે મૃત્યુ પછી પણ આપણી સાથે જ આવે છે પરંતુ તેમ છતાં મનુષ્યાત્મા પશુ-પક્ષી વગેરે યોનિઓમાં જન્મ લેતી નથી.

જુન અને જુલાઈ, ૧૯૬૮ માં દૈનિક નવભારત ટાઈમ્સ, નવી દિલ્હીની રવિવારની પૂર્તિમાં પ્રોફેસર એચ.એન. બેનર્જી દ્વારા લખાયેલ અમુક સમાચાર પ્રકાશિત થયાં હતા. પ્રો. એચ. એન. બેનર્જીનું કહેવું છે કે તેમની પાસે વર્તમાન સમયે ૫૦૦ વ્યક્તિઓનાં નામ અને સરનામાં છે જેઓ બાળપણમાં જ પોતાના પૂર્વજન્મની વ્યાખ્યા કરી બતાવતા હતા. તેમાંથી દશ-બાર વ્યક્તિઓનો ઉલ્લેખ બેનર્જીએ ઉપરોક્ત સમાચાર પત્રમાં પણ કર્યો હતો. આ વ્યક્તિઓમાંથી અમુક ભારતવાસી પણ છે, થોડાં આદિ સનાતન ધર્મના અને બીજા મુસ્લિમ ધર્મ, બૌદ્ધ ધર્મ અને ખ્રિસ્તી ધર્મના પણ છે. પુનર્જન્મ સંબંધી આ વૃત્તાંતો વાંચવાથી અને તેના પર મનન કરવાથી જીવન, મૃત્યુ, પુનર્જન્મ, સંસ્કાર વગેરેથી સંબંધિત અનેક રહસ્યો પર પ્રકાશ પડે છે. આ રહસ્યોનો સંક્ષિપ્ત ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો છે. આપ જોશો કે પુનર્જન્મ સંબંધી આ સમાચાર પરમપિતા પરમાત્મા શિવ દ્વારા સમજાવવામાં આવેલ

સિદ્ધાંતોની સાક્ષી પૂરે છે.

## પુનર્જન્મનાં સમાચારો દ્વારા આત્મા વિષેની નાસ્તિકતાનું ખંડન

નવભારત ટાઈમ્સની પૂર્તિમાં પુનર્જન્મ સંબંધી જે સમાચાર, ફોટા, નામ અને સરનામા સહિત છપાયેલાં તેનાથી કટ્ટરમાં કટ્ટર નૈરાત્મવાદીઓ પણ એટલું તો માનશે જ કે શરીરથી ભિન્ન 'આત્મા' નામની કોઈ અવિનાશી ચીજ છે. જે આઠ-દસ બાળકો વિષે સમાચાર પ્રકાશિત કરવામાં આવ્યાં છે, તે બાળકોએ બોલતાં શીખતાં જ પોતાના પુનર્જન્મની પરિસ્થિતિ બતાવી, પોતાનાં અગાઉના જન્મના માતા-પિતા તથા સંબંધીઓનો પણ ખરો પરિચય આપ્યો હતો અને જ્યારે આ બાળકોને તેમના નિર્દેશિત બતાવાયેલ સ્થળોએ લઈ જવામાં આવ્યા, ત્યારે તો પૂર્વજન્મનું ઘર, દુકાન, શાળા વગેરેને ઓળખી બતાવ્યાં. આ સિવાય, તેઓએ પૂર્વજન્મની એવી કેટલીક ગોપનીય વાતો પણ જણાવી કે જેથી તેઓના પૂર્વજન્મના સંબંધીઓને માનવું પડ્યું કે તે વ્યક્તિ સાથે એવી વાતો થઈ હતી. સર્વ બાળકોએ એ પણ જણાવ્યું કે પાછલાં જન્મમાં તેમનું મરણ કેવી રીતે થયું હતું. આનાથી અધિક સ્પષ્ટ અને પ્રત્યક્ષ પ્રમાણ પુનર્જન્મ વિષે શું આપી શકાય ? આ સંસારમાં જ્યારે કોઈ વ્યક્તિ કોઈ ઘટનાનું સ્થળ, સમય, પરિસ્થિતિ વગેરેની ખરી-ખરી સાબિતી આપે છે અને પોતાના કથનના સમર્થનમાં સાક્ષી (witnesses) પણ રજૂ કરે છે અને તેના કથનની વિરુદ્ધ કોઈ સાક્ષી ન મળતા હોય તો ન્યાયાલય દ્વારા તેના જ હકમાં ફેંસલો થાય છે.

એટલે જ્યારે આ વ્યક્તિઓના પૂર્વજન્મના મિત્રો તથા સંબંધી, તેમના દ્વારા બતાવાયેલા પૂર્વ વૃત્તાંતોની સાક્ષી આપે છે તો પુનર્જન્મનો સિદ્ધાંત નિર્વિવાદ સત્ય માનવો એ જ ન્યાય છે. વિચારવા જેવી વાત છે કે મનુષ્યના મૃત્યુ બાદ તો તેનું શરીર દફનાવવામાં આવે છે કે તેને અગ્નિદાહ દેવામાં આવે છે, તો પછી બીજા જન્મમાં જો કોઈ બાળક પૂર્વજન્મની સ્થિતિ બતાવે તો સ્પષ્ટ થાય છે કે શરીર નાશ પામ્યા પછી પણ એક વસ્તુ બાકી રહે છે કે, જે શરીરના મૃત્યુ પછી બીજું શરીર ધારણ કરી લે છે. તે બીજું કંઈ નહિ પરંતુ આત્મા છે જે અમર અને અવિનાશી છે.

વળી, જે લોકો એ માને છે કે મગજ (brain) અથવા મસ્તક જ સર્વસ્વ છે, તેઓએ પણ પોતાના મંતવ્ય પર પુનઃ વિચાર કરવો જોઈએ. મગજ તો શરીરની સાથે જ બળી જાય છે બીજું શરીર ધારણ કરતાં બીજું મગજ મળે છે. બીજા મગજને પહેલા જન્મના વૃત્તાંતની શી જાણ ? અને પૂર્વજન્મના સંબંધીઓની સાથે તેનો ભાવાત્મક (emotional) સંબંધ શા માટે ?

## દેહ-અભિમાન અજ્ઞાનતા પર આધારિત

પુનર્જન્મ વિશે છપાયેલા સમાચારોથી એ વાત સુસ્પષ્ટ છે કે દેહથી અલગ આત્મા નામની કોઈ ચૈતન્ય ચીજ છે જેને માટે 'હું' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આમ તો પુનર્જન્મમાં વિશ્વાસ રાખનાર લોકો આત્માના અસ્તિત્વને પણ માને છે પરંતુ વ્યવહારિક જીવનમાં આજે દરેક નર-નારી સ્વયંને ''દેહ'' માની વર્તન કરે છે. આ જ દેહાભિમાનને કારણે તો મનુષ્યના જીવનમાં રાગદ્વેષ, મનોવિકાર અને તેના પરિણામ સ્વરૂપે

દુઃખ છે. આ વાત આપણે એક ઉદાહરણ દ્વારા વધુ સ્પષ્ટ કરીશું:-

## લંકામાં બનેલો બનાવ

પ્રોફેસર બેનર્જીના ૭ જુલાઈ, ૧૯૬૮ ના પ્રકાશિત થયેલા લેખમાં એક એ સમાચાર પણ લખાયેલેં છે કે નવેમ્બર, ૧૯૬૨ માં લંકા દેશમાં નુગેગોડ નગરમાં શ્રી અને શ્રીમતી જયસેના નામના પતિ-પત્નીને ત્યાં ઘેર એક બાળકનો જન્મ થયો. બે વર્ષની ઉમરમાં જ બાળકે પોતાના આ જન્મની માતાને કહેવાનું શરૂ કર્યું : ''તું મારી અસલી મા નથી, મારી મૂળ મા વેવનગોડા નગરમાં રહે છે.'' આવી વાતોથી તેની મા દુઃખી તો જરૂર થઈ પરંતુ એપ્રિલ ૧૯૬૫ સુધી તો તે આ વાતની ગંભીરતાને સમજી શકી નહિં. એક દિવસ બાળક સાથે જયસેના પરિવારના લોકો પોતાના દોસ્તોને મળવા મટાલે નગરમાં જઈ રહ્યાં હતા. રસ્તામાં ૨૪ માઈલ કપાતાં જ એકાએક બાળક પોતાની સીટ પર ઊભો થઈ કહેવા લાગ્યો- ''મારી મા અહીં રહે છે !'' માએ બાળકની વાત જાણવાનું નક્કી કર્યું. બાળકને કહેવામાં આવ્યું કે તે બતાવે કે તેની પૂર્વજન્મની મા કયાં છે ? બાળકને થોડી મિઠાઈ આપવામાં આવી કે તે તેની અસલી માને આપે. બાળક ભીડ વચ્ચેથી પસાર થઈ પોતાની પૂર્વજન્મની મા (જેને તે પોતાની 'મૂળ મા' કહેતો હતો.) 'શ્રીમતી વિની સેનાવિરત્ને' ના પગ આગળ તેણે મિઠાઈનું પેકેટ રાખી દીધું. તે તેને એવી રીતે મળ્યો કે જેમ પોતે પોતાનાં ઘરનાઓને મળી રહ્યો હોય. બાળકે પોતાના ભાઈને પણ ઓળખી લીધો અને તેને (ભાઈને) અસલ નામથી બોલાવ્યો. પોતાની 'મૂળ

મા' ને યાદ દેવડાવ્યું કે એક વાર તેના ભાઈએ તેને માર્યો હતો. બાળકે ચાર્લીકાકાના વીજળીના કારખાનાની વાત પણ કરી અને પોતાના ખેતરો તરફ પણ ઈશારો કર્યો. આ વાતોથી શ્રીમતી સેનાવિરત્ને (પૂર્વજન્મની મા) આશ્ચર્યચકિત થઈ ગઈ અને તેમણે માન્યું કે ૧૯૬૦ માં તેનો બાળક જે મરી ગયો હતો તેના જે બાળકનું અકાળે અવસાન થયું હતું તેણે જ આ જયસેનાના બાળક તરીકે જન્મ લીધો છે.

## સ્વયં આત્મા હોવા છતાં દેહાભિમાન

ઉપરોક્ત સમાચાર પર વિચાર કરવાથી સ્પષ્ટ થાય છે કે બાળક પોતાના પૂર્વજન્મની હાલત જાણવા છતાં પણ અર્થાત્ પુનર્જન્મને માનવા છતાં પણ સ્વયંને એક અવિનાશી આત્મા માનવાને બદલે એક દેહ (શરીર) જ માને છે. જો તે સ્વયંને એક શરીર માનવાને બદલે એક આત્મા માને તો તે 'પૂર્વજન્મની મા' ને મારી 'અસલી મા' ન જ કહે, પરંતુ મારા પૂર્વદેહની મા કહેત, કારણ કે શ્રીમતી સેનાવિરત્ને તેના પૂર્વદેહને જન્મ આપ્યો છે. તે પોતે તો અવિનાશી આત્મા છે જે દેહને આગ લગાવ્યા છતાં મર્યો નથી. પરંતુ જુઓ મનુષ્યને દેહનું અભિમાન આટલું પાકું થઈ ચૂક્યું છે કે પાછલા શરીરને છોડી દીધાં પછી પણ ત્યારનાં શરીરની માતાને પોતાની મા માને છે. વર્તમાન શરીરની માને પોતાની મા માનવી તે દેહ અભિમાન છે જ. પૂર્વજન્મના શરીરને બાળી નાખ્યા પછી અને નવું શરીર લીધાં પછી પણ પોતાના પાછલા શરીરની યાદ આવવી અને એ પૂર્વના શરીરના સંબંધીઓ સાથે જૂના સંબંધોનો વ્યવહાર રાખવો તે જ સિદ્ધ કરે છે કે મનુષ્ય પૂરો દેહ અભિમાની બની ચૂક્યો છે. એનું આ દેહ અભિમાન આત્મવિસ્મૃતિ અને અજ્ઞાનતા

પર આધારિત છે. જ્ઞાનવાન મનુષ્ય તો પોતાને આત્મા નિશ્ચય કરે છે, અને દેહના બધાં સંબંધોને ક્ષણભંગુર માને છે.

**દેહ અભિમાનથી રાગદ્વેષ અને રાગદ્વેષથી જ દુઃખ**

પૂર્વજન્મની વાતોને જાણવાથી એ પણ સ્પષ્ટ થાય છે કે દેહ અભિમાનથી જ રાગદ્વેષ વગેરેની ઉત્પત્તિ થાય છે. દાખલા તરીકે ૬ જુન, ૧૯૬૮ ના નવભારત ટાઈમ્સમાં છપાયેલ આ સમાચારને વાંચો. ઈસ્માઈલનો જન્મ ૧૯૫૬ માં તુર્કસ્તાનના આદાન જિલ્લાના એક કસાઈ પરિવારમાં થયો હતો. એક દિવસ તેના પિતા સાથે સૂતાં-સૂતાં તેણે કહ્યું: ‘‘હું અહીં રહેતાં-રહેતાં તંગ થઈ ગયો છું. હું મારા ઘેર મારા બાળકો પાસે પાછો જવા માંગું છું.’’ ઈસ્માઈલે કહ્યું કે ‘‘ખરેખર તો હું ‘અબીત સુજુલ્મસ’ છું, જેનું ખૂન કરવામાં આવ્યું હતું.’’ ઈસ્માઈલે પોતાના પૂર્વજન્મની બધી હકીકત કહી સંભળાવી અને એ જણાવ્યું કે એની કતલ કોણે અને ક્યાં કર્યું હતું. આ બધી વાતો સાચી નીકળી. ઈસ્માઈલ હંમેશાં પોતાના જૂના પરિવારના અને પ્રિયજનોના જ ખ્યાલોમાં ડુબેલો રહેતો, ક્યારેક-ક્યારેક તેની હાલત તેના મા-બાપ માટે એક સમસ્યા બની જતી હતી. એકવાર ઈસ્માઈલના પિતા અમુક તરબૂચ લઈ આવેલા. ઈસ્માઈલે કહ્યું કે આમાંથી સૌથી મોટું ‘મારી દીકરી’ ગુલસરીન માટે મોકલી આપો. જ્યારે તેના બાપે ઈન્કાર કર્યો તો તે ધ્રુસકે-ધ્રુસકે રડવા માંડયો.

હવે આપ જોશો કે ઈસ્માઈલ એક નાનકડો બાળક છે તો પણ પૂર્વદેહની સ્મૃતિના કારણે તે પોતાના પાછલા જન્મની દીકરીને આજ પણ પોતાની બેટી માને છે અને પિતા-પુત્રીના

સંબંધમાં લિપ્ત થઈ વાત કરે છે, તેથી તો તે તેના માટે તરબૂચ મોકલવાની વાત કરે છે, તેના પૂર્વજીવનની દૈહિક પુત્રી સાથે આજ પણ તેને એટલો સ્નેહ છે કે તેના માટે તરબૂચ મોકલવાની કોઈ ના પાડે છે તો ઈસ્માઈલ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી જાય છે અને પોતાના વર્તમાન પિતાથી રિસાય છે. આનાથી સિદ્ધ થાય છે કે દેહઅભિમાનથી દ્વેષ-રાગની ઉત્પત્તિ થાય છે, જ્યારે મનુષ્યની રાગ પર આધારિત ઈચ્છાની પૂર્તિમાં કોઈ વ્યક્તિ અંતરાયરૂપ બને છે તો તે વ્યક્તિ પ્રત્યે તેના મનમાં રોષ ઉત્પન્ન થાય છે અને રાગદ્વેષના પરિણામ સ્વરૂપે દુઃખ પેદા થાય છે, જેમ કે ઉપરોક્ત ઉદાહરણમાં ઈસ્માઈલ પોતાના રાગાત્મક સ્વભાવની તૃપ્તિ ન થવાને કારણે ધ્રુસકે-ધ્રુસકે રડી પડયો અથવા દુઃખી થયો.

આમ જો મનુષ્ય વિકારો તથા દુઃખોથી છૂટવા ઈચ્છતો હોય તો તેણે પોતાને એક ‘અવિનાશી આત્મા’નો નિશ્ચય કરવી જોઈએ, નહિં તો તેના દુઃખનો અંત નહીં આવે, કારણ કે દેહ અભિમાનના કારણે મનુષ્યમાં જે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે તેનાથી લેપાયેલા મનુષ્યનાં કર્મો વિકર્મોનું રૂપ ધારણ કરે છે અને તે વિકર્મો આસુરી સંસ્કારોના રૂપમાં આત્મા પોતાની સાથે લઈ જાય છે અને તે સંસ્કારોના પરિણામ-સ્વરૂપે પુનઃ દુઃખ મેળવે છે. આ વાત નીચે લખેલ ઉદાહરણથી વધુ સ્પષ્ટ થશે.

## આત્મા કર્મોનાં હિસાબ-કિતાબ (સંસ્કાર) સાથે લઈ જાય છે

ઉપર, ઈસ્માઈલના પુનર્જન્મનો ઉલ્લેખ આપણે કરી ગયા.

તેના જીવનની આ ઘટનાનો ઉલ્લેખ પણ ૮ જુન, ૧૯૬૮ની નવભારત ટાઈમ્સની રવિવારની પૂર્તિમાં પ્રકાશિત થયો છે– ''એક વાર મુહમ્મદ નામનો એક આઈસ્ક્રીમવાળો તુર્કસ્તાનના મિદિક જિલ્લામાં આવેલા ઈસ્માઈલને મળે છે. ઈસ્માઈલે તેને રોકીને પૂછયું – 'શું તમે મને ઓળખો છો?' જ્યારે આઈસ્ક્રીમવાળાએ ઈન્કાર કર્યો તો ઈસ્માઈલે ક્હયું: 'તમે મને ભૂલી ગયા લાગો છો હું તમને ઓળખું છું. હું અબીત છું, પહેલાં તમે આઈસ્ક્રીમને બદલે તરબૂચ અને શાકભાજી વેચતાં હતા.' તે માણસે વાતની ખાતરી કરવા બાળક સાથે ખૂબ જ સમય વાતો કરી. અંતે તેણે માની લીધું કે તેના (ઈસ્માઈલના) રૂપમાં અબીતનો પુનર્જન્મ થયો હતો. જ્યારે તેનો બાપ આઈસ્ક્રીમના પૈસા દેવા લાગ્યો તો બાળકે કહ્યું – ''અબ્બા તેને પૈસા આપતાં નહીં કારણ કે તેની પાસે મારા તરબૂચના પૈસા બાકી છે.'' મુહમ્મદે અબીતના દેવાદાર હોવાની વાત પણ માની.

હવે આપ જોશો કે ઈસ્માઈલને તો પોતાના પૂર્વજન્મની આ વાત ખબર હતી કે જ્યારે તે 'અબીત' નામવાળી વ્યક્તિ હતો તો મુહમ્મદ (તરબૂચ વેચવાવાળી વ્યક્તિ) ની પાસે તેના પૈસા લેણા નીકળે છે. આમ તેણે તો હવે આઈસ્ક્રીમ લઈ પાછલો હિસાબ-કિતાબ થોડો-ઘણો ચૂકતે કરી લીધો પરંતુ કોઈને પોતાના પૂર્વજન્મની હાલતની ખબર ન પણ હોય તો પણ પાછલા જન્મના લોકોની સાથે તેનો કોઈ ને કોઈ હિસાબ-કિતાબ રહેલો તો હોય છે જ ? આ પાછલા હિસાબ-કિતાબના કારણે જ મનુષ્યને વર્તમાનની વ્યક્તિઓ સાથે એકાએક અને વિશેષ પરિશ્રમ વગર પણ કંઈ પ્રાપ્તિ થાય છે, અને બીજાઓને

તો આમ જ દેવું ચૂકવવું પડે છે. આમ મનુષ્યે સમજવું જોઈએ કે તે કેવળ સ્વયંને એક 'આત્મા' નિશ્ચય કરે, પરંતુ પુરુષાર્થ કર્યા બાદ પણ જો કોઈ હાનિ થાય તો તેને પોતાના પૂર્વજન્મનો હિસાબ-કિતાબ ચૂકવ્યો તેમ સમજી શાંતિ ધારણ કરવી જોઈએ. યત્ન કર્યા બાદ પણ જો યોજનાથી વિપરીત ફળ (પરિણામ) આવે તો તેને ભાવિ અથવા પૂર્વકર્મોનું ફળ માની ધૈર્ય અને સંતોષ ધારણ કરવાં જોઈએ.

**મૃત્યુ પછી સંસ્કાર આત્માની સાથે જ જાય છે**

વિચાર કર્યા પછી આપ આ નિર્ણય પણ લેશો કે મનુષ્યાત્મા ફક્ત પોતાના પૂર્વજન્મનું કર્મ-ખાતું જ સાથે નથી લઈ જતી. બલ્કે પાછલા જન્મના સંસ્કાર પણ તેની સાથે જ લઈ જાય છે. આ વાત આપણે એક ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીશું. ૩૦ જુન, ૧૯૬૮ એ પ્રકાશિત, નવભારત ટાઈમ્સની પૂર્તિમાં લખ્યું છે- કૃષ્ણકિશોરને પોતાના જોડીયા ભાઈ કૃષ્ણકુમાર સાથે ખૂબ જ સ્નેહ છે. કૃષ્ણકુમાર તેને પોતાની દરેક ચીજ આપે છે. એક દિવસ જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે કૃષ્ણકુમારને આટલો બધો પ્રેમ કેમ કરે છે? તો તેણે કહ્યું કે તે પૂર્વજન્મમાં (કૃષ્ણકિશોરનો) રસોઈયો હતો. એક દિવસ બાળકે તેની માને જણાવ્યું કે તેને તેના ઘરનો ખોરાક ભાવતો નથી કારણ કે તે પોતાના ઘરમાં આનાથી ચઢિયાતું ખાતો હતો. તેને સારી સારી મિઠાઈઓ મળતી હતી. તેની પાસે એક બંદૂક, બે મોટર, એક વિશાળ બંગલો હતો, તેને પાંચ બાળકો અને પાંચ વહુઓ હતી. તેણે કહ્યું કે તેનું નામ 'પુરુષોત્તમ' હતું. એક દિવસ જ્યારે તે બાળકે મિઠાઈ માંગી તો તેની સામે પ્લેટમાં થોડી સાકર રાખી દેવામાં આવી તો

તેણે પ્લેટ ગુસ્સામાં ફેંકી દીધી અને કહ્યું કે અગાઉ રસગુલ્લાઓ મળતાં હતા અને જો તેને ઘેર નહિ લઈ જવામાં આવે તો તે મરી જશે... બાળકના કાકા અને માતા વગેરેએ જ્યારે આ સઘળી વાતોની તપાસ કરી તો બાળકે પોતાના પૂર્વજન્મનું ઘર અને સંબંધીઓ વગેરેને ઓળખી બતાવ્યા. એ વાત સાચી ઠરી કે પાછલા જન્મમાં જ્યારે તે પુરુષોત્તમદાસ હતો ત્યારે તેની (પુરુષોત્તમની) પાસે બે મોટરો અને એક બંદૂક હતી અને તે મિઠાઈનો ખૂબ જ શોખીન હતો.

હવે આપ જોશો કે મિઠાઈ ખાવાનો જે શોખ પાછલા જન્મમાં પુરુષોત્તમને લાગ્યો હતો, તે હજુ સુધી અર્થાત્ મૃત્યુ બાદ કૃષ્ણકિશોરના રૂપના જન્મમાં પણ છે. ત્યારે જ તો તે પૂર્વજન્મના પોતાના રસોઈયા (હવે તેનો જોડીઓ ભાઈ) ને પ્યાર પણ કરે છે અને મિઠાઈ ન મળતાં કહે છે કે જો મને મારા ઘરે નહિ મોકલવામાં આવે તો હું મરી જઈશ. આમ મિઠાઈ અને રસગુલ્લા સિવાય જાણે તેને જીવન જીવવું મુશ્કેલ લાગે છે અને વર્તમાન ઘરમાં રહેવું પણ તેને પસંદ નથી. આથી સ્પષ્ટ છે કે આ જન્મમાં જીભ પર કંટ્રોલ નહિં હોય તો પછીના જન્મમાં પણ સ્વાદના ગુલામ બની રહેશો. આ જ પ્રમાણે, જો અત્યારે બીજી ઈન્દ્રિયો પર પણ આપણે કાબૂ નહીં મેળવી શકીએ તો પછીના જન્મમાં પણ આપણે તેને વશીભૂત રહેવું પડશે. પરંતુ તમે જોયું કે રસગુલ્લાના સ્વાદની પાછળ ભાગવાવાળાને હવે રસગુલ્લાને બદલે આજે સાકર જ મળી. જે વ્યક્તિ જે વિષયની પાછળ ભાગે છે અથવા જે વિષયમાં લિપ્ત થઈ ભોગવે છે, તે મનુષ્યની તૃષ્ણા એટલી જ વધે છે. એટલે મનુષ્યે પોતાનાં કર્મો માટે

ખૂબ જ જાગૃત રહેવું જોઈએ, કારણ કે કર્મોથી સંસ્કાર બની જાય છે અને સંસ્કાર મૃત્યુ પછી પણ આત્માની સાથે જાય છે અને પછીના જન્મમાં પણ તેને પરેશાન કરે છે તથા તેને વશીભૂત થયેલ મનુષ્ય તેને દોહરાવ્યા કરે છે. મોહ-મમતા અને સંસ્કાર એવી બેડીઓ છે જે અદૃશ્ય હોવા છતાં મનુષ્યને જકડી રાખે છે. આ વાત નિમ્નલેખિત ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરી શકાય છે:-

**મોહ-મમતા અને ખરાબ સંસ્કારોને કારણે દુ:ખપૂર્ણ જન્મ-મરણનું બંધન**

ઉપર કૃષ્ણકિશોર અને કૃષ્ણકુમારના પૂર્વજન્મનું જે ઉદાહરણ આપવામાં આવ્યું, એની ઉપર વિચાર કરીએ. કૃષ્ણકિશોર પૂર્વજન્મમાં 'પુરુષોત્તમ' નામવાળો એક શેઠ હતો. અને કૃષ્ણકુમાર તેનો રસોઈયો. પાછલા જન્મમાં પુરુષોત્તમને મિઠાઈનો શોખ હતો. અને તેનો રસોઈયો તેને ખૂબ સરસ મિઠાઈ બનાવીને દેતો હતો. આ કારણે પુરુષોત્તમને પોતાના રસોઈયામાં મોહ-મમતા ઉત્પન્ન થઈ અને મિઠાઈમાં આસક્તિનો સંસ્કાર બન્યો, તેનું પરિણામ એ આવ્યું કે મોહ-મમતાની દોરીથી બંધાયેલા આ પુરુષોત્તમનો અને તેના રસોઈયાનો નવો જન્મ જોડીયા ભાઈના રૂપમાં થયો અને બીજા જન્મમાં પણ તેઓ મોહ-મમતાની બેડીઓમાં જકડાયેલાં જ રહ્યાં. મોહ-મમતાના બંધનોનું એક વધુ ઉદાહરણ લઈએ:-

૨ જુન, ૧૯૬૮ના રવિવારની પૂર્તિમાં બેનર્જીએ લખ્યું કે 'જોઆના અને જેકેલીન' નામની બે બાળાઓ હતી. તેના પિતાજીનું નામ 'શ્રી પોલક' હતું. આ બંને બાળાઓ પોતાના ગામમાં એકબીજાનો હાથ પકડી ચર્ચમાં જઈ રહી હતી ત્યાં

જ બંને એકાએક એક મોટર નીચે આવી કચડાઈ મરી. તેમના મૃત્યુ પછી શ્રી પોલકના ઘરમાં તેઓ જોડીયા બાળકો તરીકે જન્મ્યાં. જેઓએ પોતાના પૂર્વજન્મની સર્વ હકીકત કહી સંભળાવી. તેઓએ એટલે સુધી બતાવ્યું કે તેઓનું મરણ મોટર અકસ્માતથી થયું હતું. આજે પણ નાની બાળા મોટી બાળાની સાથે હૂબહૂ તેવો જ વ્યવહાર કરે છે જેવો પૂર્વજન્મમાં કરતી હતી અને તેણે એ પણ બતાવ્યું કે પૂર્વજન્મમાં તે તેની નાની બહેન હતી.

આ રીતે અનેક ઉદાહરણોથી એ સિદ્ધ થાય છે કે મોહ, મમતા અને સંસ્કાર એવા સૂક્ષ્મ બંધન છે કે જેમાં બંધાયેલ વ્યક્તિ જન્મજન્માંતર સુખદુઃખ ભોગવે છે. એટલે જ સામાન્ય મનુષ્ય દુઃખજનક જન્મ-મરણના ચક્કરમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા ઈચ્છતો હોય તો તે મોહ-મમતા છોડે અને અનાસક્ત થઈ આત્મિક પ્રેમને અપનાવી વ્યવહાર કરે. આસક્તિ મનુષ્યને દરેક જન્મમાં દુઃખી અને અશાંત કરે છે.

### શું મૃત્યુ બાદ મનુષ્યાત્મા સ્વર્ગમાં જાય છે ?

પુનર્જન્મના જે સમાચાર નવભારત ટાઈમ્સ તથા અન્ય પત્રોમાં પ્રકાશિત થયા છે, તે સર્વ દ્વારા એ તો સિદ્ધ થાય છે કે મનુષ્યાત્મા પશુ-પક્ષી વગેરે યોનિઓમાં જન્મ લેતી નથી. આજ સુધી કોઈએ પણ એ કહ્યું નથી કે પૂર્વજન્મમાં તેઓ ઘોડા અથવા કબૂતર હતા, પરંતુ પૂર્વજન્મમાં માનવ-શિશુ હોવાનો જ દાવો કર્યો છે. અને આ દાવો ખરો સિદ્ધ પણ થયો છે. પરંતુ આ સિવાય તે સમાચારોથી એ પણ સિદ્ધ થાય છે કે મૃત્યુ બાદ કોઈપણ આત્મા સ્વર્ગવાસી થયો નથી બલ્કે તેણે તો આ સંસારમાં કોઈ ને કોઈ ઘરમાં

બીજો જન્મ જ લીધો છે. આજ સુધી કોઈપણ આત્માએ નથી કહ્યું કે તે સ્વર્ગમાં ગયો હતો અથવા નર્કમાં ગયો હતો કે જ્યાં કોઈ વૈતરણી નદી હતી અથવા ગાયના પૂંછડાને પકડીને પાર થવું પડયું હતું. આમ દરેક વ્યક્તિના મૃત્યુ પછી તેના કુટુંબીઓ જે કહ્યાં કરે છે કે તે 'સ્વર્ગવાસી થયાં છે,' તદ્દન ખોટું છે અને શાસ્ત્રવાદી લોકો આ જે કહે છે કે "આ સંસારથી નીચે ક્યાંક નર્ક છે, એ પણ તદ્દન જૂઠું છે. વાસ્તવમાં મનુષ્યાત્માને મનુષ્ય-યોનિમાં જ પુનર્જન્મ લઈ સુખ કે દુઃખ ભોગવવું પડે છે અને આ જ સંસાર દ્વાપરયુગ અને કળિયુગમાં નર્ક કહેવાય તથા સતયુગ અને ત્રેતાયુગમાં સ્વર્ગ કહેવાય છે."

## આત્માઓ અલગ-અલગ છે તેના પુરાવાઓ

આ સિવાય, પુનર્જન્મના સમાચારોથી એ પણ સિદ્ધ થાય છે કે આત્માઓ અલગ-અલગ છે અને કર્તા-ભોક્તા આત્મા જ છે નહીં કે દેહ. બે આત્માઓની પૂર્વજન્મની હકીકત અલગ અલગ છે અને તેમનો પુનર્જન્મ પણ તેમના કર્મોના આધારે અલગ અલગ જ હોય છે. આમ "सर्व खालिदं ब्रह्म" નો સિદ્ધાંત, અર્થાત્ "દરેકેદરેક બ્રહ્મના જ અનેક રૂપો છે" એ સિદ્ધાંત ખોટો છે. ઉપરના દૃષ્ટાંતોથી એ પણ સિદ્ધ થાય છે કે પોતાના કર્મોનું ફળ આત્મા સ્વયં જ ભોગવે છે. મૃત્યુ બાદ શરીરનો અંત આવી જાય છે અને આત્માનો પુનર્જન્મ થવાથી તે કહે છે કે "પૂર્વજન્મમાં ખૂન દ્વારા અથવા મોટર અકસ્માતથી મારો દેહાન્ત થયો હતો અર્થાત્ મૃત્યુનું દુઃખ થયું હતું." આત્મા જ કહે છે કે પૂર્વજન્મમાં રસગુલ્લા મળતાં હતા અને આ જન્મમાં સાકર મળે છે. કોઈ લોકો કહે છે કે આત્માનું મન-

બુદ્ધિ રૂપી એક 'કારણ શરીર' અથવા 'લિંગ શરીર' આત્માનું હોય છે પરંતુ વાસ્તવમાં આત્મા સ્વયં જ બિંદુરૂપ લિંગાકાર છે અને મન-બુદ્ધિ તેનાથી ભિન્ન નથી, બલ્કે મન-બુદ્ધિ તો આત્માની અનુભવશીલતા તથા વિચારશીલતા વગેરેનું નામ છે, તે તેના જન્મ-કર્મ તથા ભોગનું કારણ છે.

### પુનર્જન્મના સિદ્ધાંત દ્વારા પૂર્વનિશ્ચિતતાની વાત સિદ્ધ થાય છે.

પુનર્જન્મના જે સમાચારો આજ સુધી છપાયાં છે, તેના દ્વારા આ સંસારના સઘળા વૃત્તાંતોની પૂર્વ-નિશ્ચિતતા પણ સિદ્ધ થાય છે. ઉદાહરણ તરીકે અગાઉના પાના પર મોહ-મમતા અને સંસ્કારોની વાતને સ્પષ્ટ કરવા માટે અમે પોલકની બે બાળાઓ 'જોઆના' અને 'જેકેલીન'નું ઉદાહરણ આપ્યું છે, તેની ઉપર જ વિચારીએ. પૂર્વજન્મમાં જ્યારે તેઓ ચર્ચ તરફ જતી હતી ત્યારે મોટરની નીચે આવી જતાં બંને મરી ગઈ હતી અને હવે બંનેએ પોતાના આ પિતા પોલકને ઘેર ફરી જન્મ લીધો. શું એનાથી એ સિદ્ધ નથી થતું કે બંનેનું મૃત્યુ અને પોલકના ઘેર ફરીથી જન્મ પૂર્વ-નિશ્ચિત હતો, જો તેઓ ન મરત તો પોલકને ત્યાં તેમનો બીજો જન્મ કેવી રીતે થાત ? આથી શું એ સિદ્ધ નથી થતું કે મોટરનું એક વિશેષ સમયે ચર્ચ બાજુના રસ્તેથી પસાર થવું, બંને બાળાઓનું પણ તે રસ્તા પર જવું, વળી અનાયાસે મોટર નીચે આવી કચડાઈ જવું, મોટરની સમયસર બ્રેક ન લાગવી, આ બાજુ પોલકની સ્ત્રીના ગર્ભમાં પહેલેથી જ તેમના બીજા શરીરની તૈયારી થવી આ બધી વાતો પૂર્વ-નિશ્ચિત હતી ! ઘટનાઓ પૂર્વનિશ્ચિત (Pre-destined) હોવાને કારણે

જ તો આજે પણ કોઈ વ્યક્તિના મૃત્યુ પર લોકો તેના સંબંધીઓને કહે છે – "જે થવાનું હતું તે થયું, ભાવિ જ એવું બનેલું હતું, તો રડવાનો શો અર્થ."

આપને જ્ઞાત હશે કે ભાવિ નિશ્ચિત (Pre-destined) છે તેવી માન્યતા કેવળ ભારતના આદિ સનાતન ધર્મના લોકોની જ માન્યતા નથી બલ્કે ખ્રિસ્તીઓ અને મુસ્લિમોની પણ આ જ માન્યતા રહી છે, દા.ત., સેંટ જોન (St. John) ના બાઈબલના ૧૯મા અધ્યાયમાં પુનર્જન્મ અને ભાવિ પૂર્વનિશ્ચિતની સાબિતી મળે છે. સ્વયં ઈશુ ખ્રિસ્તની બાબતમાં લોકો જણાવે છે કે તેની અગાઉના પયગંબરોએ ભવિષ્યવાણી કરી હતી કે ઈશુ (Jesus) ના રૂપમાં એક પયગંબર પેદા થશે. જો સંસારનો વૃત્તાંત પૂર્વ-નિશ્ચિત ન હોત તો પહેલેથી જ કોઈ એવું કેવી રીતે કહી શકે કે અમુક વ્યક્તિનો જન્મ થશે અને તેના અમુક લક્ષણો હશે?

આ પ્રમાણે મુસલમાનોના કુરાનમાં પણ પુનર્જન્મના સિદ્ધાંતનો ઉલ્લેખ છે કે "આખી દુનિયામાં ફરીને જુઓ કે તેણે કેવી રીતે ખુદાના બંદાઓ પેદા (ઉત્પન્ન) કર્યા છે. એ માટે બીજા જન્મમાં ખુદા તેને ફરી જિંદગી આપશે, કેમ કે ખુદા સર્વશક્તિવાન છે." પરંતુ આ ઉલ્લેખ સિવાય અમે ઉપર તુર્કસ્તાનના ઇસ્માઈલ અને આઈસ્ક્રીમવાળાનું જે ઉદાહરણ આપ્યું છે. મુસલમાનોના પુનર્જન્મના આવા અનેક ઉદાહરણો દ્વારા પણ એ વાત સ્પષ્ટ થાય છે અને પુનર્જન્મને માનવા સાથે વૃત્તાંતોને પૂર્વ-નિશ્ચિત પણ માનવેં જ પડશે. અને તેમ ન હોય તો એક સ્થાન પર કોઈ વ્યક્તિનું મૃત્યુ થઈ બીજા ઘરમાં જન્મ લેવાનાં વૃત્તાંત આપ કેવી રીતે જોડશો?

અને મૃત્યુ તથા જન્મ આ બંને વૃત્તાંતોને જો તમે પૂર્વનિશ્ચિત અથવા 'અટલભાવિ' માનશો તો તમારે બીજા સર્વ વૃત્તાંતો પણ પૂર્વ નિશ્ચિત માનવા જ પડશે કારણ કે આ સંસારના સર્વ વૃત્તાંતોને અરસપરસનો અતૂટ (ગાઢ) સંબંધ છે. આ રીતે, પુનર્જન્મના સમાચારોને ગંભીરતાપૂર્વક વિચારવાથી આપ જોશો કે એના દ્વારા ઈશ્વરીય જ્ઞાનના અનેક સિદ્ધાંતોની પુષ્ટિ કરી શકાય છે.

## ઉત્તરોત્તર પતનનો સિદ્ધાંત

દિલ્હીથી પ્રકાશિત થતા સમાચાર પત્ર ''વીર અર્જુન''ના ૧૮મી ઓગસ્ટ, ૧૯૬૮ની દૈનિક આવૃત્તિમાં દેવદત્ત બાલી દ્વારા ''માનવ-ઈતિહાસ વિષે પશ્ચિમી માન્યતાઓ''-આ શીર્ષક હેઠળ એક લેખ છપાયેલો છે. જેમાં લેખકે પશ્ચિમી દેશોના લેખકોના દૃષ્ટિકોણ અને ભારતના પ્રાચીન દૃષ્ટિકોણ વચ્ચેનું અંતર દર્શાવ્યું છે. આ લેખમાં તેઓએ લખ્યું છે કે પશ્ચિમના દેશોના ઈતિહાસવિદ્ વિકાસવાદના સિદ્ધાંતને માને છે જ્યારે વેદોમાં અને ભારતની પ્રાચીન પરંપરામાં પતનવાદને જ માન્યતા આપવામાં આવી છે. તેનો ભાવાર્થ એ છે કે પશ્ચિમી લોકોની માન્યતા છે કે લોકો તો એ માનતા હતા કે સંસાર ઉન્નતિ કરી રહ્યો છે, અર્થાત્ પ્રાચીનકાળથી વિશ્વમાં ઉત્તરોત્તર સભ્યતાનો વિકાસ થતો આવ્યો છે, પરંતુ ભારતવાસીઓની માન્યતા રહી છે કે સંસારની ઉત્તરોત્તર પડતી જ થાય છે. સતયુગમાં સભ્યતા અને સુખની પરાકાષ્ઠા હતી પરંતુ ધીરે-ધીરે તેની કળાઓનો હ્રાસ થયો. ભારતમાં એ પણ માન્યતા છે કે સૃષ્ટિ રચતી વખતે પરમાત્માએ પરમ-સત્ગુરુના રૂપમાં મનુષ્યને ઈશ્વરીય

જ્ઞાન આપ્યું પરંતુ પશ્ચિમના લોકોની માન્યતા છે કે આદિ કાળમાં મનુષ્ય અસભ્ય અને જંગલી હતો અને ધીરે-ધીરે તેનો આધુનિક માનવ તરીકે વિકાસ થયો.

લેખકે બીજો ભેદ એ દર્શાવ્યો છે કે વેદોમાં "અકૃષ્ટ પચ્યા ભૂમિ" નો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતનો ભાવાર્થ લેખકે નિમ્નલિખિત શબ્દોમાં આપ્યો છે - "આદિકાળમાં સૃષ્ટિની પ્રાકૃતિક શક્તિઓ પ્રચુર માત્રામાં અથવા પૂરા યૌવન પર હતી. ત્યારે ભૂમિ પણ "અકૃષ્ટ પચ્યા" હોય છે અર્થાત્ તેમાં હળ ચલાવવાની, ખાતર નાંખવાની, બી વાવવાની આવશ્યકતા નથી હોતી. દરેક પ્રકારની વનસ્પતિ અને ફળ-ફૂલ તેમાંથી આપમેળે ઉત્પન્ન થતા હતા. મિશ્રદેશ (egypt) ની પ્રાચીનતમ પરંપરા દ્વારા પણ એ જાણવા મળે છે કે પ્રાચીન ઈજીપ્તવાસી પણ વેદની ઉપરોક્ત માન્યતામાં વિશ્વાસ ધરાવતાં હતા કે, તે "એક સુવર્ણયુગ" એવો પણ હતો જ્યારે મનુષ્યો આખી પૃથ્વીના દરેકે દરેક પશુ-પક્ષીઓ સાથે મિત્રતાપૂર્ણ જીવન વિતાવતા હતા અને પૃથ્વીના સ્વયંભૂ ફળો (spontaneous fruit of earth) દ્વારા ઉદરપૂર્તિ કરતા હતા. પૃથ્વીની આ દશાને વૈદિક સાહિત્યમાં સંસ્કૃતમાં "અકૃષ્ટ પચ્યા" કહેવામાં આવી છે.

આગળ લખ્યું છે કે 'સૃષ્ટિનાં આદિકાળમાં જ્યારે ભૂમિ અકૃષ્ટહોવાથી પચ્યા હોવાથી આદિ માનવ નિરામિષ-ભોજી (શાકાહારી-vegetarian) હતા. આ તથ્યોનું જ્ઞાન પ્રાચીન ઈજીપ્તવાસીઓને પણ હતું. પ્રકૃતિના પતનનો આ વૈદિક સિદ્ધાંત-આપણને બતાવે છે કે પૃથ્વીનું આયુષ્ય જેમ જેમ વૃદ્ધિ પામે છે તેમ તેમ તેની પ્રાકૃતિક શક્તિઓનું પતન થતું

થાય છે. ધીરે ધીરે એવી દશા આવે છે કે માટીમાં બીજ વાવવાની આવશ્યકતા ઊભી થાય છે. ત્યાર બાદ એવી સ્થિતિ પેદા થાય છે કે, જ્યારે હળ ચલાવી ધરતીની ઉર્વસ શક્તિને ઉપર લાવવી પડે છે. આ રીતે, ભૂમિની શક્તિનું પતન થતાં થતાં એ દશા આવી જાય છે કે જ્યાં ખાતર નાખવાની આવશ્યકતા ઊભી થાય છે... પતનનો આ સિદ્ધાંત જાતિ અને રાષ્ટ્રો પર પણ લાગુ પડે છે... પ્રાચીનકાળની એ સર્વ જાતિઓ, જે ક્યારેક પોતાની શૌર્યતા, પરાક્રમ અને વિદ્વત્તા માટે વિખ્યાત હતી, આ જે નામશેષ થઈ ગઈ છે. એ સભ્યતાઓની વૈભવગાથા માત્ર ઈતિહાસના પૃષ્ઠો સિવાય ક્યાંય હયાત નથી. વર્તમાન સભ્યતા તુલના આપણા પૂર્વજોની ઉચ્ચતા તેમ જ તેમના શારીરિક, માનસિક અને નૈતિક વિકાસની સાથે થઈ શકે ?

ઉપરોક્ત માન્યતાઓ, જેને આ આર્યસમાજી છાપાએ પ્રકાશિત કરી છે અને જેને લેખકે ''વૈદિક સિદ્ધાંત'' કહ્યો છે, જરા તેના પર વિચાર કરીએ, તો સિદ્ધાંત સત્ય પ્રતીત થશે અને અનેક પ્રમાણો દ્વારા તેની સત્યતા સિદ્ધ શકાય છે.

આ જ સિદ્ધાંતોને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય લોકો સમક્ષ પ્રસ્તુત કરે છે પરંતુ લોકો કહે છે કે આ બધી આપની કલ્પનામાત્ર છે! જ્યારે અમે લોકોને સમજાવીએ છીએ કે ''સતયુગમાં સઘળા વૈભવ આપોઆપ પ્રાપ્ત હતા અને તેને માટે કોઈ પરિશ્રમ કરવો પડતો ન હતો કારણ કે સર્વ નરનારી શ્રેષ્ઠ કર્મ કરવાવાળા પવિત્ર તથા દૈવી સ્વભાવવાળા હતા.'' ત્યારે લોકો કહે કે ''બધાં યુગ એક સમાન છે. અપવિત્રતા, વિકાર, દુઃખ વગેરે તો દરેક યુગોમાં

વધતાં-ઓછા પ્રમાણમાં હોય જ છે.'' જ્યારે અમે લોકોને સમજાવીએ છીએ કે ''દરેક ધર્મ-વંશી મનુષ્યાત્માના સંસ્કારની મુખ્ય ચાર અવસ્થાઓ હોય છે, તેમાં પહેલી ઉત્તમ અવસ્થા હોય છે અને જેનો ધીરે-ધીરે હ્રાસ થાય છે.'' તો લોકો કહે છે કે ''આ આપની ઉપજાવી કાઢેલ વાતો છે.'' પરંતુ પાછા તેઓ સ્વયં એમ પણ કહે છે કે પતનનો સિદ્ધાંત જાતિઓ અને દેશો પર પણ લાગુ પડે છે.

'પતન' અને 'અકૃષ્ટ પચ્યા' નામના સિદ્ધાંતો પર વિચાર કરવાથી આપ એ નિષ્કર્ષ પર પહોંચશો કે હવે કળિયુગનો અંતિમ સમય છે કારણ કે હવે પૃથ્વીમાં માત્ર ખાતર અને હળની જ આવશ્યકતા છે જ. બલ્કે કૃત્રિમ ખાતરની પણ આવશ્યકતા છે અને આજ સઘળા પરિશ્રમ બાદ પણ અન્નમાં તે પોષણ-શક્તિ નથી, જે થોડાં સમય પહેલાં હતી. આજે જાતિઓ, દેશો અને ધર્મ-વંશોનું અધ:પતન થઈ ચૂક્યું એટલે કળિયુગને હજુ સુધી બાલ્યાવસ્થામાં માનવો એ તો 'પતન' તથા 'અકૃષ્ટ પચ્યા' વગેરે સિદ્ધાંતોની યથાર્થતા નકારવા સમાન છે.

અગાઉ, એક પ્રાચીન માન્યતા હતી કે સૃષ્ટિની શરૂઆતમાં લોકો વધુ સભ્ય, સદાચારી અને શ્રેષ્ઠ હતા અને પરમાત્માએ સ્વયં પરમગુરુના રૂપમાં જ્ઞાન આપ્યું હતું. શું આનાથી એ સિદ્ધાંતની પુષ્ટિ નથી થતી કે 'કળિયુગના અંતમાં પરમપિતા પરમાત્માએ પરમ સત્‌ગુરુના રૂપમાં માનવીય તનના માધ્યમ દ્વારા ઈશ્વરીય જ્ઞાન આપી લોકોને સભ્ય અને સાત્ત્વિક બનાવ્યા હતાં? નહિ તો સતયુગમાં સભ્ય અને સદાચારી લોકો આવ્યા ક્યાંથી?

## સ્વર્ગ નર્ક વિષે સિદ્ધાંત

આ સિવાય, પતનવાદના સિદ્ધાંતને આધારે એ પણ કહી શકાય કે આ જ સૃષ્ટિ પ્રારંભમાં-સભ્યયુગ (સતયુગ) માં જ્યારે પૂર્ણરૂપેથી સુખી-સમૃદ્ધ હતી ત્યારે અહીં સ્વર્ગ હતું અને ક્રમશઃ દ્વાપરયુગથી તેનું પતન થવા માંડે છે અને અંતે કળિયુગમાં આ જ પૃથ્વી નર્ક બની જાય છે. આમ આ માન્યતા ખોટી છે કે સ્વર્ગ કયાંક ઉપર છે અને નર્ક પૃથ્વીની નીચે છે. હવે તો અવકાશયાત્રીઓએ પણ જોયું અને બતાવ્યું છે કે ચંદ્રમાં કોઈ સ્વર્ગ નથી અને ન તો ત્યાં કોઈ વસ્તી છે.

આ વાતોની સાબિતીમાં સમાચારપત્રોમાં પ્રકાશિત નીચેના સમાચાર ઉપર વિચારીએ.

## પરલોક અને ધર્મરાજપુરી

આ વિષયમાં ૧૫ ઓગષ્ટ, ૧૯૬૮ના દૈનિક ''પ્રતાપ''માં છપાયેલ આ સમાચારને ધ્યાનથી વાંચો –

એક મુસ્લિમપીર (ધર્મગુરુ) ના રૂપમાં જીવન વ્યતીત કર્યા બાદ લુધિયાણા જિલ્લાના એક ગામમાં ૫ ઓગષ્ટ, ૧૯૬૮ના રોજ પુનર્જન્મ લેવાનો એક રોમાંચકારી પ્રસંગ બન્યો છે. આ મુસ્લિમપીરની કબર ઉત્તર પ્રદેશમાં એક જગ્યાએ છે. તે પીરનો આત્મા 'મનમોહન' નામના એક છોકરામાં કે જે અત્યારે નવમા ધોરણનો વિદ્યાર્થી છે, તેના શરીરમાં પ્રવેશી ગયો. આ છોકરો મનમોહનસિંહ, ડૉક્ટર શેરસિંહનો પુત્ર છે જે સરહાનપુરની પાસે એક ઉપનગરના નિવાસી છે. ડૉક્ટર શેરસિંહે ઘણો ઈલાજ કર્યો, ભૂત-પ્રેત કાઢવાવાળા ભૂવા-ફકીરની પાસે પણ બાળકને લઈ ગયા. તેઓ કરતારપુર, માલેર કોટલા અને ડેરા બડભાગસિંહમાં પણ ગયા પરંતુ કંઈ

વળ્યું નહિ. માલેર-કોટલામાં જ્યારે એક ભૂવો ભૂત કાઢવાની કોશિશ કરી રહ્યો હતો ત્યારે તે બાળકમાં રહેલ આત્મા (રુહ) બોલી ઊઠી કે "તમે આ કામ છોડી દો. હું પણ દોરા-ધાગા અને મંત્ર-તંત્ર કરતો હતો જેને લીધે હું પ્રેત બન્યો છું. **દોરા ધાગા બનાવનાર દરેક પ્રેત બને છે."** જવાબમાં માલેર કોટલાવાળાએ કહ્યું કે આ છોકરાને કોઈ સંત મહાત્મા પાસે લઈ જાઓ. પછી ડોક્ટર શેરસિંહ છોકરાને કોઈ સંતની પાસે લઈ ગયા, પરંતુ તે આત્મા ન નીકળ્યો. છેવટે તેઓ સંત રારેવાળાની પાસે પહોંચ્યા. તે સમયે સંત હાપુડમાં હતા, ત્યાં ભજન-કીર્તન ચાલી રહ્યું હતું અને પ્રેતનો આત્મા બોલી ઊઠ્યો, "આપ વલીએ-અલ્લાહ (ઈશ્વરના એક ઉપાસક) છો. મને નિજાત (મુક્તિ) દેવડાવો. હું મુસલમાનો સાથે એક હજાર વર્ષ પહેલાં આવ્યો હતો, અહીં આવ્યા બાદ મારા લગ્ન થયા અને મારે એક દીકરી થઈ. એ દીકરી દેખાવમાં ખૂબસુરત હતી, અને આ છોકરો કે જેના શરીરમાં હું હાજર છું તેણે મારી દીકરી સાથે આડો સંબંધ બાંધ્યો. મેં તેમ કરવા ના કહી, તો માન્યું નહિ. હું તેનો બદલો લેવાની ઈચ્છા સાથે મૃત્યુ પામ્યો." તેણે (પીરના આત્માએ) બતાવ્યું કે, મારા આત્માને ધર્મરાજની સામે લઈ જવામાં આવ્યો ત્યાં બે ફિરસ્તા હાજર હતા. એક સારું અને બીજો નઠારું ફળ આપનાર. મારા ગુનાઓ (પાપ) અને પુણ્ય (સારા કર્મ) નો હિસાબ-કિતાબ તૈયાર હતો. મને કહેવામાં આવ્યું કે તમે પ્રેત બનશો કારણ કે તમે દોરા અને તાવીજ આપતા આવ્યા છો. મેં કહ્યું મારી મુક્તિ ક્યારે થશે? જવાબ મળ્યો "એક હજાર વર્ષ બાદ અને તે પણ છોકરા દ્વારા મળશે જેનાથી તમે બદલો લેવા ઈચ્છતાં હતા." થોડા

વર્ષ પહેલાં હું બીજા પ્રેતોની સાથે મારી કબર પર બેઠો હતો ત્યાં આ છોકરો આવ્યો અને તેણે નજીક જ પેશાબ કર્યો મેં તેને મારવાનો વિચાર કર્યો પરંતુ બીજા પ્રેતોએ કહ્યું, છોડી દ્યો, બાળક તો તોફાની હોય જ. જ્યારે મેં ઊંડાઈથી જોયું તો માલુમ પડ્યું કે આ તે જ બાળક છે જેનાથી મારે બદલો લેવાનો હતો. હું તેના શરીરમાં દાખલ થઈ ગયો... હું આ પહેલાં કેટલાયે શરીરમાં દાખલ થઈ તેને મારી ચૂક્યો છું. પરંતુ મેં આ છોકરાને માર્યો નહિં.

સંત રારેવાળાએ કહ્યું કે તું આ છોકરાને છોડી દે. પીરના આત્માએ કહ્યું હું તેને ત્યારે જ છોડીશ જ્યારે મને છૂટકારો (મુક્તિ) મળશે. સંતજીએ કહ્યું મુક્તિ મનુષ્ય શરીરમાં આવવાથી જ મળી શકે. જેથી તારે જન્મ લેવો પડશે. તે આત્માએ કહ્યું "મને જન્મ મળે તો જન્મ લેવા હું તૈયાર છું, ત્યાં સુધી મને આપની સાથે રહેવા દો. તે પછી જ્યારે મારો જન્મ લેવાનો વખત આવશે ત્યારે હું ચાલ્યો જઈશ. જેવી રીતે મને બતાવવામાં આવ્યું હતું કે તારો છૂટકારો ૧૦૦૦ વર્ષ પછી થશે અને તે પણ આ છોકરા દ્વારા."

આમ તે આત્મા આ છોકરાના શરીર દ્વારા સંતજીની સંગતમાં રહેવા લાગ્યો. આ આખો વૃત્તાંત હાપુડમાં સંતજીની સામે થયો. થોડા દિવસ પછી સંતજીએ સંગતમાં જ તે પીર (પ્રેત) ને જણાવ્યું કે "તે લલિતોના શ્રી ગુરુદેવસિંહને ત્યાં છોકરા તરીકે જન્મ લેશે." મને આ વાતો પર વિશ્વાસ આવતો નહોતો, પરંતુ મેં સ્વયં (પોતે) મનમોહનસિંહની સાથે ૫ ઓગષ્ટ પહેલાં અને પછી મુલાકાત કરી. તે સમયે જેમાં પીરનો આત્મા

હાજર હતો તે આત્માએ મારા ૫૦ પ્રશ્નોના જવાબ આપ્યા. તેણે જણાવ્યું કે તેનું શરીર સૂક્ષ્મરૂપમાં છે અને તે નર્કની અગ્નિની જેમ ગરમ છે. તેણે કહ્યું - "આમ તો હું સૂક્ષ્મ શરીરમાં છું, તેથી કંઈ કરી શકતો નથી. હું શરીરમાં દાખલ થાઉં છું, છતાં પણ જ્યાં ચાહું ત્યાં જઈ શકું છું. હું પોતે (સ્વયં) બોલી શકતો નથી પરંતુ કોઈ બીજાની જીભ દ્વારા બોલી શકું છું. મારું કોઈ સ્થુળ શરીર નથી, મને જોઈ શકાતો નથી." એક સવાલના જવાબમાં તેણે જણાવ્યું "જેવી આ દુનિયા છે, તેવી જ આત્મા (રુહો) ની દુનિયા છે અને ઘણા લોકો પ્રેતના રૂપમાં પણ રહે છે. ધર્મરાજનું શરીર પણ સૂક્ષ્મ અને જ્યોતિર્મય હતું. ત્યાં બોલવાની જરૂર રહેતી નથી, હિસાબ-કિતાબ આપોઆપ થઈ જાય છે. બધું સરળ અને સ્પષ્ટ હોવાથી આપત્તિ અથવા ઈન્કારની આવશ્યકતા રહેતી નથી." હું ૬ ઓગસ્ટે મનમોહનસિંહને મળ્યો. તેણે જણાવ્યું "પીર ચાલ્યો ગયો છે, હવે હું મારું શરીર હળવું ફૂલ અનુભવું છું. પહેલાં મારી ડોક પર કોઈ ચીજ સવાર રહેતી હતી, મન પર બોજો રહેતો હતો, મગજ ભારે રહેતું હતું." પ્રેત કેટલાયે વર્ષો તેના શરીરમાં રહ્યું. તેણે જન્મ લેતાં પહેલાં કહ્યું હતું, "હું બીજા બાળકોની જેમ રડીશ નહિ. હું ૧૦ અથવા ૧૨ વર્ષ અહીં રહીશ. પછી પ્રભુભક્તિ કરીશ કારણ કે મારે છૂટકારો (મુક્તિ) મેળવવો છે."

## સમાચાર પર વિચાર

આ સમાચાર આર્ય સમાજના એક સમાચાર પત્ર (પ્રતાપ) માં છપાયેલા છે. જેણે આ સમાચાર લખ્યા છે, તે પણ

લેખક પણ આજે હયાત છે. જેના તનમાં પ્રેત (પીર) ની પ્રવેશતા થઈ હતી તે છોકરો અને તેના પિતા પણ મોજુદ છે. જે સંતથી અને જેની સાથે (હાજરીમાં) આ વાતચીત ચાલી, ત્યાં પણ આ વૃત્તાંતમાં કોઈ શંકા હોય તો તેની ખાતરી માટે તપાસ થઈ શકે છે. જોવામાં આવે તો તપાસ કરવાની આવશ્યકતા તો નથી. કારણ કે ભારતમાં પરકાયા પ્રવેશનો સિદ્ધાંત તો સનાતન ધર્મ, આર્ય સમાજી, અદ્વૈતવાદી, સર્વ દરેકેદરેક આવ્યા છે. ઉપર લખેલા સમાચારમાં જે શબ્દો ઘાટી શાહીથી છાપવામાં આવ્યા છે તેની પર ધ્યાન દેવાથી નીચે લખેલ સાર સિદ્ધ કરી શકાય છે.

**શરીરથી અલગ ''આત્મા'' નામની કોઈ ચીજ છે જે પરકાયા પ્રવેશ કરે છે**

સર્વ પ્રથમ તો એ સિદ્ધ થાય છે કે શરીરથી અલગ આત્મા નામની કોઈ ચીજ છે. શરીરને કબરમાં દફનાવ્યા બાદ પણ આત્માનું અસ્તિત્વ રહે છે. **તે ખરાબ કર્મ કરવાથી પ્રેત ભલે બની જાય અને પ્રેત અવસ્થામાં હજાર વર્ષ સુધી ભલે રહે પરંતુ તે પશુ-પક્ષી ઈત્યાદિ યોનિઓમાં જતી નથી.** અર્થાત્ હજાર વર્ષ પહેલાં પણ મનુષ્ય શરીરમાં જ હતો અને આજે પણ મનુષ્ય શરીરમાં જ છે.

આનાથી એ પણ સિદ્ધ થાય છે કે બે આત્માઓ અલગ-અલગ હોય છે અને એક આત્મા બીજા આત્માના શરીરમાં પ્રવેશ પણ કરી શકે છે. **શરીરમાં પ્રવેશ્યાં પછી આત્મા શરીરના મુખનો આધાર લઈ બોલી પણ શકે છે પરંતુ આત્મા કબરમાં રહેતી નથી કે અવ્યક્ત અવસ્થામાં તે બોલી શકતો નથી.**

### 'બ્રહ્મલોક' અથવા 'પરલોક' નામનો પણ લોક છે

ઉપરોક્ત સમાચારથી એ પણ સ્પષ્ટ છે કે આ મનુષ્યલોક અથવા મૃત્યુલોક સિવાય એક **પરલોક** પણ છે જ્યાં આત્માઓ મુક્ત અવસ્થામાં રહે છે, અને એક **સૂક્ષ્મલોક** પણ છે જ્યાં ધર્મરાજપુરી છે. પરંતુ આ 'મનુષ્ય લોક' ની નીચે કોઈ બીજો લોક નથી. બલ્કે આ કળિયુગી મનુષ્યલોક જ નર્ક છે કે જ્યાં મનુષ્યાત્માઓ દુઃખ ભોગવે છે નહિં તો તે પીરે તો ૧૦૦૦ વર્ષ પહેલાં મનમોહનસિંહને પણ માર્યો હોત. પછી પણ ઘણી વ્યક્તિઓના શરીરમાં પ્રવેશી તેઓને માર્યા. આમ જો મનુષ્ય સૃષ્ટિની નીચે ક્યાંય નર્ક હોય તો તે પીરના પાપી આત્માને એ લોકમાં મોકલવામાં આવત.

# આત્માના યોનિ-પરિવર્તનના પ્રશ્ન પર એક નવા દૃષ્ટિકોણથી વિચાર

આજે માન્યતા છે કે "મનુષ્યાત્મા પોતાના ખરાબ કર્મોની સજા ભોગવવા પશુ તથા અન્યોન્ય યોનિઓમાં જાય છે." હવે આપણે આ મત પર **દંડ-વિધાન**ના દૃષ્ટિકોણથી વિચારીશું અને જોઈશું કે આ મત ક્યાં સુધી તર્કસંગત છે ?

## ન્યાય અથવા કાનૂનની દૃષ્ટિએ સજાના ચાર મુખ્ય ઉદ્દેશ્યો

સૌ પ્રથમ આપણે એ વાત વિચારી લેવી જોઈએ કે કોઈ પણ વ્યક્તિને સજા શા માટે આપવામાં આવે છે ? **દંડ-વિધાનના** જાણકાર લોકો (criminologists) માને છે કે સજા આપવા માટેના મુખ્ય ચાર પ્રયોજનો હોય છે. એક દંડ તો એ છે જે કોઈને પહોંચાડવામાં આવેલ હાનિ, ક્ષતિ, ઘા (શારીરિક અથવા માનસિક) નાં બદલામાં (retributive punishment) છે.

## સજાનો પહેલો ઉદ્દેશ

પ્રાચીન કાળમાં લોકો સજાનો આ મુખ્ય હેતુ માનતાં હતા. "દાંતને બદલે દાંત અને આંખને બદલે આંખ" એવી દંડ દેવાની તેમની નીતિ તથા પ્રણાલિકા હતી. તદાનુસાર જો કોઈએ એક મનુષ્યની ધનચોરી કરી તો ગમે તે પ્રકારે તે વ્યક્તિને પણ તેના બદલામાં ધનથી વંચિત કરવો. એ દંડ વ્યવસ્થાનો ઉદ્દેશ હતો. માની લ્યો કે કોઈ મનુષ્ય કોઈ પ્રતિષ્ઠિત

વ્યક્તિનું અપમાન કર્યું. હવે જો તે વ્યક્તિની વિરુદ્ધ ન્યાયાલયમાં માન-હાનિનો દાવો કરે અને દાવો જીતી જાય તો ન્યાયાલય તેનો બદલો અપાવશે. દંડિત વ્યક્તિને બદલામાં અપમાનિત થવું પડશે. કારણ કે તે કેસ હારી જઈ જૂઠો સાબિત ઠરશે. તેણે માફી પણ માંગવી પડશે અને લોક-નિંદાને લીધે શરમાવું પડશે. આ મૃત્યુલોકમાં મનુષ્ય તથા સમાજનો સ્વભાવ જ બદલો લેવાનો છે. પ્રાચીન યુગમાં આ પ્રકારનો રિવાજ વિશેષ પ્રચલિત હતો. લોકો એમ માનતા કે અપરાધીને બદલામાં દંડ મળવો જ જોઈએ કારણ કે તેને ભાન થાય કે બીજાને નુકસાન કરવાનું પરિણામ શું આવે અને જે વ્યક્તિને તેણે હાનિ પહોંચાડી છે તે પણ બદલો લઈ શકે. પ્રાચીન દાર્શનિકો તથા ધાર્મિક વિચારકો, જેમ કે પ્લેટો (plato) એ પણ આ પ્રકારે સજાની ભરપેટ પ્રશંસા કરી હતી અને તેઓની માન્યતા હતી કે તેનાથી અપરાધીનું પાપ ટળી જાય છે, બદલો પણ ચૂકવાઈ જાય છે. એટલા માટે તેઓ તેને પાપાન્તકારી દંડ (Exiatory Punishment) પણ માને છે.

### સજાનો બીજો ઉદ્દેશ

સજાનો બીજો ઉદ્દેશ એ છે કે અપરાધીની પીડા જોઈ બીજા લોકો પણ અપરાધ કરતાં ડરે. આવા દંડને સમાજ સમક્ષ ઉદાહરણ કાયમ કરનાર (Examplary Punishment) પણ કહે છે. આ એક પ્રકારે બીજાઓને અપરાધ કરતાં રોકનાર (deterrent) દંડ પણ છે. જો એક મનુષ્ય બીજાનું ખૂન કરે છે તો તેને જીંદગીભરની જેલ દેવાથી બીજા ઉપર પ્રભાવ પડે છે, તેઓ ડરીને આવો અપરાધ કરતાં અટકે છે. આમ આ

દંડબીજાની સમક્ષ એક ઉદાહરણ કાયમ કરવાવાળા (examplary punishment) દંડ પણ છે અને તેને બદી (બૂરાઈ)થી રોકનાર દંડ પણ કહે છે. દંડ (સજા) દેવાનો એક ઉદ્દેશ એ પણ હોય છે કે જેનાથી અપરાધી એવા કર્મોને દોહરાવી ન શકે અને સમાજની રક્ષા પણ થાય. જેલમાં પૂરવાથી તેને ખિસ્સા કાપવાની, તોફાનો ભડકાવવાની કે ઉશ્કેરનાર ભાષણો કરવાની આઝાદી મળતી નથી. આથી એવા અપરાધીઓની સ્વતંત્રતા છીનવી લેવાથી સમાજ પણ સુખશાંતિપૂર્વક ચાલતો રહે અને સજાના ડરને લીધે અપરાધવૃત્તિથી દૂર રહે. કોઈ અપરાધીને શહેર બહાર કાઢી મૂકવો, તેને ભાષણ કરવા ન દેવું અથવા તેના મકાનમાંથી બહાર કાઢી મૂકવો- આ બધાં દંડ તેને ભવિષ્યમાં અપરાધી બનવાથી રોકનારા દંડ (Preventive of deterrent Punishment) છે.

## અપરાધીમાં સુધાર

આ સિવાય આજકાલ લોકોનો એક એ પણ દૃષ્ટિકોણ રહે છે કે અપરાધીને દંડ દેવાની સાથે-સાથે પરિવર્તન પણ લાવવું જોઈએ. તેઓ માને છે કે મનુષ્ય કોઈ પરિસ્થિતિઓ, મજબૂરી, સામાજિક વાતાવરણ અથવા ત્રુટિઓના કારણે જ અપરાધ કરે છે. આમ, તેને ફક્ત દંડ દેવો ઉચિત નથી બલ્કે તેની તે ખામીઓને સુધારવી અને તે વ્યક્તિને માનસિક રીતે સુધારવા જોઈએ કે જેથી તે ફરી અપરાધ ન કરે, એ પણ દંડનો એક ઉદ્દેશ હોવો જોઈએ. જેલની સજામાં આ દૃષ્ટિકોણનો પણ સમાવેશ કરી કંઈક કરવું જોઈએ. આવા

લોકોનો વિચાર છે કે ઉપરોક્ત બાબતના અભાવે બીજાઓની સમક્ષ કોઈ આદર્શ અથવા ઉદાહરણ ઉપસ્થિત નથી કરતો અને અપરાધીને પણ ભવિષ્યમાં અપરાધ કરવાથી રોકવાનું કાર્ય નથી કરતો. અપરાધી જેલમાંથી નીકળ્યા બાદ ફરી અપરાધ કરવો શરૂ કરી દે છે. આ વાતની જાણ લગભગ દરેક દેશોના કાનૂની આંટીઘૂંટી પર શોધખોળ કરનારાઓને છે જ.

## અપરાધીને અપરાધબોધ કરાવવો જરૂરી

ઉપર આપણે દંડ (સજા) ના મુખ્ય ચાર અને માન્ય ઉદ્દેશો જોયા. આ વિષયમાં એક મહત્ત્વપૂર્ણ અને ધ્યાન દોરવા જેવી વાત એ પણ છે કે "**ન્યાય** વ્યવસ્થાનોએક એ પણ નિયમ છે કે કોઈપણ અપરાધનો દંડ આપતાં પહેલાં અપરાધીને એ બતાવવામાં આવે છે કે તેનો અપરાધ શું છે? જો કોઈ અપરાધી ગાંડો હોય અથવા જે સમયે તેણે અપરાધ કર્યો હતો તે સમયે ગાંડપણ જેવી કોઈ બીમારીનો શિકાર હોય તો તેને સજા આપવામાં નથી આવતી. આનું કારણ સ્પષ્ટ છે કે જ્યારે દંડ દેવાથી અપરાધી પોતાના અપરાધને સમજશે જ નહિં તો તો ભવિષ્યમાં ગુનો કરતાં અટકશે પણ નહિં. સુધરશે પણ નહિં અને બીજાની આગળ ઉદાહરણ પણ બની નહિં શકે." આનાથી એ સિદ્ધાંત નીકળે છે કે અપરાધીને અપરાધનો દંડ દેવાનું પ્રયોજન ત્યારે જ સિદ્ધ થાય છે કે જ્યારે તેની બુદ્ધિ, તેનું મન અથવા તેની સૂઝ એવી અવસ્થામાં હોય કે તે પોતાના અપરાધને તથા તે દ્વારા સમાજને થનાર હાનિને તથા નિયમ અને કાનૂન ભંગ કરવાના દોષને સમજી શકે.

## અપરાધીની સાથે ન્યાયનાં બાબતમાં એક મહત્વપૂર્ણ દષ્ટિકોણ

આજના અપરાધશાસ્ત્રના નિષ્ણાત લોકોનું પણ મંતવ્ય છે કે અપરાધીને જેલમાં મોકલી તેને અલગ કરવામાં આવે છે અને સજા આપીને સુધારો, બૌદ્ધિક વિકાસ તથા ચારિત્રિક ઉન્નતિના કાર્યક્રમોનો લાભ ઉઠાવવાથી વંચિત કરવામાં આવે છે. આ વાસ્તવમાં કોઈ ન્યાય (Justice) નથી. સજાનો ઉદ્દેશ એ છે કે તે વ્યક્તિ ભવિષ્યમાં અપરાધ ન કરે. બીજો એ વિચાર પણ છે કે તેને સારા વાતાવરણ, સારા સંગઠનો, સારા સ્થળોમાં જવાથી રોકી દેવામાં આવે તો કેવી રીતે ભવિષ્યમાં અપરાધ કરતાં અટકશે ? તે તો અન્ય અપરાધીની સાથે (કુસંગમાં) બીજા અપરાધોની પણ જાણકારી તથા રીત શીખશે અને પાકો અપરાધી બની નીકળશે. તેનાથી સમાજને એક તો એ હાનિ છે કે સદા માટે તે એક વ્યકિતને ખોઈ બેસશે, તથા એક શત્રુ ઉત્પન્ન કરશે. આ સિવાય આ દંડ તે વ્યક્તિ ઉપર પણ અન્યાય કહેવાશે કે એક અપરાધ કરવાના પરિણામ સ્વરૂપે તેને ભવિષ્યમાં સારો નાગરિક બનવાનો અવસર આપવાને બદલે લજ્જિત, ઘૃણિત અને દંડિત કરી અપરાધી સમાજ (કેદીઓ)ની સાથે સંબંધ સ્થાપિત કરવા લાચાર કરી દેવામાં આવ્યો. આમ કાનૂનવિદોનું કથન છે કે "Open a School and close a Prison" અર્થાત્ ''એક વિદ્યાલય ખોલો અને એક જેલને બંધ કરો.''

## બીજો દૃષ્ટિકોણ
## શું દંડ-ભોગવવા માટે મનુષ્યાત્માએ પશુ-યોનિમાં જવાની આવશ્યકતા છે ?

હવે આપણે ઉપર બતાવેલા સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી વિચારીશું કે પોતાના પાપોનું ફળ ભોગવવા માટે મનુષ્ય આત્માને પશુ-પક્ષી યોનિઓમાં પુનર્જન્મ લેવાની આવશ્યકતા છે અથવા આ પ્રયોજન મનુષ્યયોનિમાં જ પરિપૂર્ણ થાય છે ?

સર્વ પ્રથમ આ વાત સ્પષ્ટ છે કે ન્યાય-વિદ્યા (Jurisprudence) જાણકારોનો આ જે વિચાર છે કે અપરાધીને એવી અવસ્થામાં દંડ ન મળવો જોઈએ કે જ્યારે તેનું મગજ સામાન્ય અવસ્થામાં ન હોય અને અપરાધનો દંડ દેવાનો ઉદ્દેશ એ છે કે અપરાધીને એ જાણ થાય કે તેણે અપરાધ કર્યો છે, જેનું પરિણામ આ દંડ છે અને જેને લીધે તે આગળ અપરાધ ન કરે. આ વિચારની પૂર્તિ તો મનુષ્ય જાતિમાં જ થઈ શકે છે. જો મનુષ્ય પોતાના પાપોનાં ફળસ્વરૂપે પશુ-પક્ષી વગેરે યોનિઓમાં જન્મ લે તો ત્યાંની બુદ્ધિહીન અવસ્થામાં તેને કોણ બતાવશે, તે કેવી રીતે સમજી શકશે કે તે પૂર્વકાળમાં કરેલા અપરાધો અથવા પાપોનું ફળ આ યોનિમાં ભોગવી રહ્યો છે. આ સિવાય, તે યોનિમાં તો તેને સુધરવાનો અવસર પણ નહિં મળે. પશુઓમાં મનુષ્યની જેમ કાયદાઓ તો હોતાં નથી કે જેનું તે પાલન કરતાં શીખશે. તેમનામાં ચારિત્રિક શિક્ષાની કોઈ વ્યવસ્થા પણ નથી હોતી કે તેનામાં કોઈ સુધારો નોંધાય. તેનાથી તો તેની પડતી (પતન) જ થશે અને તે પાકો અપરાધી બની જશે. દા.ત. માની લ્યો કે કોઈ વ્યક્તિ

કામવાસનાનો ગુલામ છે અને વ્યભિચાર અથવા પરસ્ત્રી સંગ (Adultery) કરે છે. તેની સજા રૂપે તે કૂતરાની યોનિમાં પુનર્જન્મ લે ત્યારે ત્યાં તો બહેન-ભાઈ અથવા માતા-પુત્રનું પણ જ્ઞાન હોતું નથી બલ્કે તે જાતિ તો કામ-પ્રધાન છે એટલે આમ તે યોનિમાં દંડ મળવાથી તો કોઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. તે યોનિમાં મોકલવાથી તો તે આત્માની સાથે અન્યાય થાય છે અને તે દંડ-સિદ્ધાંતને સુસંગત પણ ન હોવાથી સમાન માટે લાભદાયક પણ સિદ્ધ નથી થતું. જો આ રીતે મનુષ્યને અન્ય યોનિઓ રૂપી જેલમાં મોકલવામાં આવે તો સમસ્ત માનવસમાજ જ સમાપ્ત થઈ જાય અને સમાજ સજ્જનોથી વંચિત થઈ જશે. આ માન્યતા ભૂલ ભરેલી છે કારણ કે સ્વભાવતઃ દરેક પોતાની જાતિનો નાશ અથવા ક્ષય નથી ઈચ્છતી.

## એક ઉદાહરણ

હવે માની લ્યો કે કોઈ વ્યક્તિએ એક મનુષ્ય પાસેથી લાંચ લીધી અથવા છેતરપિંડીથી, બનાવટથી, ગમે તે પ્રકારે તેના પૈસા છીનવી લીધાં. હવે જો સજા તરીકે તેને બિલાડીની યોનિ મળે તો તે વ્યક્તિને, જેના તેણે પૈસા લીધા હતા તેનાં બદલામાં કોઈ રકમ ન મળી, અને છેતરનાર વ્યક્તિએ કોઈ પૈસા ચૂકવવા ન પડ્યાં, અતઃ દંડરૂપે, ક્ષતિ-પૂર્તિ અથવા બદલામાં ચૂકવણીરૂપે જે દંડ (Retributive punishment) હોય છે, તે આ દંડ તો નથી જ. બિલાડીની યોનિમાં જવાની બદલે એ વધુ સંભવ છે કે તે આત્મા કોઈ નિર્ધન વ્યક્તિના ઘરમાં જન્મ લઈ, તેના ઘરમાં નોકર બને જેની પાસેથી તેણે લાંચ લીધી હતી અને મજૂરી દ્વારા ક્ષતિ-પૂર્તિ કરે. આપણે

રોજબરોજના જીવનમાં પણ જોઈએ છીએ કે ઘણા નોકરો ઘણું બધું ઘરકામ કરે છે પરંતુ માલિક તેને મજૂરી જેટલો પગાર આપતો નથી, અથવા તે અપરાધી પછીના જન્મમાં કોઈ સારા કર્મના ફળસ્વરૂપે કોઈ ધનાઢ્ય વ્યક્તિ બને પરંતુ કોઈ કારણવશ (કોઈ વેપારમાં અથવા અન્ય રીતેથી) તેણે તે મનુષ્યને બદલાના રૂપે તેટલા પૈસા દેવા પડે જેટલા તેણે પૂર્વજન્મમાં પડાવી લીધાં હતા. તો જુઓ, મનુષ્યયોનિમાં બદલો ચૂકવવા તથા ક્ષતિ-પૂર્તિ કરવાના રૂપમાં દંડ ભોગ કરી શકાય છે ન કે પશુયોનિમાં. તેનું એક વિશેષ ઉદાહરણ લઈએ. અનુમાન કરો કે કોઈ વ્યક્તિ એક પ્રતિષ્ઠિત મનુષ્યની માનહાનિ કરે છે. આ અપમાન અથવા નિંદાના રૂપના પરિણામે માની લ્યો કે તે કોઈ પશુ-પક્ષી વગેરેની યોનિમાં પુનર્જન્મ લે છે. તો આ રીતની વ્યવસ્થાથી તો તે પ્રતિષ્ઠિત મનુષ્યની ક્ષતિ-પૂર્તિ કેવી રીતે થઈ કહેવાય એ અસંભવ છે. જેનું તેણે અપમાન કર્યું હતું ? સ્પષ્ટ છે કે નહિ કરી શકે. આ સિવાય, તે સ્વયં પણ અપમાનિત ન થયો કહેવાય ? પણ જો તેને મનુષ્ય દેહમાં કોઈ દંડ મળે (જેલ મળે, બદલો મળે અથવા તેનું કોઈ પ્રકારે અપમાન થાય) ત્યારે તો બદલાની સજા (Retributive punishment) નું પ્રયોજન સિદ્ધ થયું માની શકાય ? અને, આપ જોશો કે સામાન્ય વ્યવહારમાં જ્યારે કોઈ મનુષ્ય બીજા કોઈ મનુષ્યના પૈસા પડાવી લે છે અથવા તેનું અપમાન કરે છે તો તેનો ધાર્મિક સ્વભાવવાળો મિત્ર કહે છે - ''હજુ પાછલા જન્મનો કોઈ હિસાબ બાકી રહ્યો હશે, તે ચૂકાવી થઈ રહ્યો હશે.'' તો સ્પષ્ટ છે કે દરેકેદરેક જણ એ વાતને વિવેકયુક્ત પણ માને છે કે પાછલા જન્મના કર્મની

સજા મનુષ્યયોનિમાં જ મળે છે કારણ કે મનુષ્યનું કર્મખાતું મનુષ્ય સાથે જ જોડાયેલું છે અને તેને બદલામાં દંડ પણ મનુષ્યયોનિમાં જ મળવાથી તે કર્મ-ખાતું ચૂકતે થઈ શકે છે.

હવે દંડનાં બીજા હેતુ પર વિચારીએ. જો કોઈ મનુષ્યાત્મા ખરાબ કર્મ કરવાના ફળસ્વરૂપે દંડ ભોગવવા માટે કોઈ પશુ-પક્ષી વગેરેની યોનિઓમાં પુનર્જન્મ લે તો બીજાની સામે ઉદાહરણ કાયમ કરવા (Examplery punishment) નો હેતુ પણ સિદ્ધ થતો નથી કારણ કે કેવી રીતે ખબર પડે કે તે આત્મા પશુ-પક્ષીઆદિ યોનિમાં ગયો અને ત્યાં તેને સજા થઈ ? અપરાધ વિદ્યાના જાણકારો સ્વયં એ વાતને માને છે કે અપરાધની સજા થતી જોવા ન મળવાથી અપરાધવૃત્તિ ઘટવાને બદલે વધતી જ જાય છે. જ્યારે લોકો કોઈ મનુષ્યને લૂલા, બહેરા, મૂંગા, કોઢી અથવા અત્યન્ત રોગી જુએ છે ત્યારે તે ખરાબ કર્મોથી બચવાની પ્રેરણા લે છે. અને કોઈ વ્યક્તિ ખરાબ કર્મ કરે છે તો લોકો કહે છે કે તું દુ:ખી થઈને મરીશ. મનુષ્ય સ્વયં પણ પોતાને નિર્દોષ સિદ્ધ કરવા કહે છે જો મેં આ કર્મ કર્યું હોય તો મારી આંખ ફુટે, હું રોગી થઈને મરું. સ્પષ્ટ છે કે વિવેક તથા અનુભવના આધારે બધાં માને છે કે મનુષ્ય-યોનિમાં જ મનુષ્યને પોતાના કરેલાં પાપ-કર્મોની સજા મળે છે, તેનાથી જ લોકો શિક્ષા, પ્રતિજ્ઞા અથવા પોતાને સુધારવાની પ્રેરણા પણ લે છે. કોઈ મનુષ્યાત્મા પશુ બન્યો કે ન બન્યો તેની તો ખબર જ પડતી નથી, તો તેનાથી દાખલો લેવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કોઈ મનુષ્ય અહીં કામી હોવાના પરિણામ સ્વરૂપે કૂતરો બન્યો તો તેનાથી બીજાને શું પ્રેરણા મળી શકે છે ?

કૂતરો બનવાથી તો તે વધુ પતિત બની ગયો.

## ત્રીજા દૃષ્ટિકોણથી વિચાર

ત્રીજો વિચાર તો એ છે કે મનુષ્ય ભવિષ્યમાં ખરાબ કર્મ કરતાં અટકે તે માટે દંડ (Deterrent Punishment) દેવામાં આવે છે, પરંતુ લાંબો વિચાર કરવાથી આપ એ નિર્ણય પર પહોંચશો કે પશુ-પક્ષી વગેરેની યોનિઓમાં જવાથી તો પણ શક્ય નથી. માની લ્યો કે કોઈ મનુષ્ય ચોરી કરે છે, હવે જો તે તેની સજા ભોગવવા માટે બિલાડીની યોનિમાં પુનર્જન્મ લે તો એ કઈ સજા થઈ ? બિલાડી તો સ્વયં જ ચોરી કરીને દૂધ પી જાય છે. આ સિવાય, ભવિષ્યનાં જન્મમાં અથવા તે જ જન્મમાં દંડના રૂપમાં તે વ્યક્તિને કોઈ દુર્ઘટના (અકસ્માત) વગેરેથી તેના હાથને કોઈ ઈજા થાય અથવા કોઈ રોગના કારણ તે પથારીવશ બને તો તે ચોરીથી બચી જાય. આમ અપરાધની પુનરાવૃત્તિથી રોકનાર સજા પણ તેને મનુષ્યયોનિમાં જ થઈ એ વિવેકયુક્ત ગણાય. એ રીતે સ્પષ્ટ છે કે દંડવિધાન અથવા ન્યાય-સિદ્ધાંત પ્રમાણે પણ મનુષ્યાત્માઓને સજા ભોગવવા અન્ય યોનિઓમાં ગમન કરવું તર્ક સંગત ન ગણાય. ફરી આપ વિચારો કે સજા દેવાનું કારણ તો એ છે કે તે સજાનો અનુભવ કરે, તેને પોતાના અપરાધનું જ્ઞાન થાય. એ પણ મનુષ્ય-યોનિમાં સજા મળવાથી જ સંભવી શકે. તમે ધાર્મિક સ્વભાવના મનુષ્યોને રોગ, શોક, ધનહાનિ વગેરેની સ્થિતિમાં કહેતા સાંભળ્યા હશે-"હજી શું પૂછો છો, અરે ભગવાન, હું ખૂબ જ દુ:ખી છું અથવા રોગ બહુ ભારે છે! શું કરીએ અમારું ભાગ્ય જ એવું છે, અમારા પાછલાં કર્મો જ એવાં છે." તો સ્પષ્ટ છે કે મનુષ્યયોનિમાં જ આ વાતનો

અનુભવ (Realization) આવી શકે છે કે આ મારા જ કર્મોની સજા છે. પશુ-પક્ષીઓમાં તે ''જ્ઞાન'' હોતું જ નથી અને ન તો એવા અનુભવ જોવા મળે છે.

**શું દેવતા, દૈત્ય, અસુર વગેરે કોઈ અલગ યોનિઓ છે ?**

વિવેકના આધારે સ્પષ્ટ થાય છે કે મનુષ્યાત્મા સ્વયંમાં કોઈ માનવી-સ્વભાવ પરક અવ્યક્ત યોગ્યતાઓ (Human faculties) ના કારણે પશુ-પક્ષી, જીવજંતુ વગેરે યોનિઓમાં જતો નથી પરંતુ અજ્ઞાનતાના કારણે તેના સંસ્કાર, વિચાર અથવા કર્મ પશુઓથી પણ તુચ્છ કોટિના હોઈ શકે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આ જે માન્યતા પ્રચલિત છે કે ''મનુષ્યાત્મા દેવ યોનિ ધારણ કરીને સ્વર્ગમાં અથવા રાક્ષસ યોનિ, પશુ-પક્ષી વગેરે યોનિઓમાં ભ્રમણ કરે છે.'' તેનો શું અર્થ છે ? શું દેવ યોનિ કોઈ અલગ યોનિ છે કે નહિ ?

લાંબુ વિચારતાં એ જાણવા મળે છે કે સંસ્કાર, વિચાર અને કર્મના આધારે મનુષ્યાત્મા અને ઓછામાં ઓછી ત્રણ અવસ્થામાં વિભાજન કરી શકાય. સતયુગ અને ત્રેતાયુગમાં મનુષ્યાત્માઓ સતોપ્રધાન સંસ્કારવાળી હોવાને કારણે વસ્તુતઃ દેવાત્માઓ જ છે. આમ ખ્યાલ રહે કે દેવયોનિ કોઈ અલગ યોનિ તો નથી પરંતુ સતયુગમાં જ જ્યારે મનુષ્યાત્મા દિવ્ય-ગુણ સંપન્ન અને સતોપ્રધાન હોય છે, તેના શરીરની આકૃતિ મનુષ્ય જેવી જ હોય છે તેમજ શરીર પણ કામવાસનાના ભોગ દ્વારા ઉત્પન્ન થતાં થતું નથી પરંતુ માતાપિતાના બ્રહ્મચર્યના તેજ અથવા આત્મબળથી દ્વારા જ થાય છે. જેને ''યોગ જ જન્મ'' પણ કહેવામાં આવે છે. આમ દેવતાઓની અલગ યોનિ માનવી ઉચિત નથી, તેમનો વર્ણ તથા તેમની

અવસ્થા (સતોપ્રધાન તથા પાવન અવસ્થા) અલગ માનવી વિવેક સંગત છે.

વળી દ્વાપરયુગથી મનુષ્યનો જન્મ કામવિકાર દ્વારા થવાની વાતો પ્રચલિત છે. અતઃ એ જન્મને ''મૈથુની જન્મ'' પણ કહેવામાં આવે છે. મૈથુન જેવા કર્મને અથવા કામવિકારને અથવા 'સ્ત્રી સંભોગ'ને અમુક લોકો ''પશુ ધર્મ'' પણ કહે છે. આમ સતયુગમાં જે દેવતા હતા, તેઓ પુણ્યક્ષીણ થવાથી પછી, અથવા પ્રારબ્ધ સમાપ્ત થયા બાદ, દ્વાપરયુગના આરંભે ''પશુધર્મ'' માં પ્રવૃત્ત થયા અર્થાત્ તેઓ કામવિકારને વશીભૂત બન્યાં. દ્વાપરયુગના આરંભમાં તો કામવિકાર મામુલી સમાન હતો. સમયાન્તરે તે પ્રબળ બનતો ગયો અને આજે કળિયુગના આ અંતિમ ચરણમાં તો મનુષ્ય ખૂબ જ પતિત બની ગયો છે. આજ આપણે જોઈએ છીએ કે ગાય, ભેંસ, બકરી વગેરે પશુ એટલા પ્રમાણમાં પતિત નથી કે જેટલો મનુષ્ય પતિત બન્યો છે. આ રીતે દ્વાપરયુગમાં પતિત થયા બાદ અર્થાત્ કામવિકારને વશીભૂત થયા પછી, મનુષ્યાત્માઓએ પશુ-ધર્મ (કામવિકાર) તો અપનાવ્યો કહેવાય પણ તેમણે કોઈ પશુ-યોનિઓમાં જન્મ નથી લીધો. અમારા આ કથનનો એ ભાવ છે કે તે ''પશુ-બુદ્ધિ'' થઈ ગયો અર્થાત્ તેના આહાર-વ્યવહાર વગેરે પશુઓ જેવા નિકૃષ્ટ થઈ ગયા છે અને, જેમ પશુઓમાં ઈશ્વરીય જ્ઞાન અને ધર્મ નથી, તેમ આજ મનુષ્ય પણ જ્ઞાનશૂન્ય, ધર્મ-ભાવનાવિહીન વંચિત તથા યોગવિમુખ કહી શકાય છે. આ દષ્ટિકોણથી એમ કહેવામાં આવે છે કે મનુષ્યાત્મા ઉત્તરોત્તર ''પશુ-તુલ્ય'' અથવા ''પશુ-બુદ્ધિ'' અથવા ''પશુધર્મ'' વાળા થતા ગયા છે. કોઈ કવિએ પણ

કહ્યું છે કે યેષામ્ ન વિદ્યા ન તપો ન દાનં .... તે મૃત્યુલોકે ભૂમિ ભાર ભૂતા, મનુષ્ય રૂપેણ મૃગાશ્ચરન્તિ ... અર્થાત્ જેમનામાં વિદ્યા, તપ અથવા દાનવૃત્તિ વગેરે નથી, તે મનુષ્યના રૂપમાં હોવા છતાં પણ જાણે પશુ જ છે.

## બીજી પરિભાષા (વ્યાખ્યા)

બીજી વ્યાખ્યા એ કરી શકાય છે કે સતયુગ અને ત્રેતાયુગમાં આત્માના જેટલા શારીરિક જન્મ હતા, તે 'યોગજ' હતા અને એ યુગમાં શરીર તથા સ્વભાવ બંને દૈવી હતા, એટલા માટે તેમને દૈવી જન્મ કહી શકાય. વળી દ્વાપરયુગમાં જ્યારે વિકાર આટલા ઉગ્ર નહોતા અને મનુષ્ય થોડીઘણી ભક્તિ, હઠ-યોગ, સંન્યાસ, વ્રત, તીર્થ યાત્રા, યજ્ઞ, શાસ્ત્રપાઠ વગેરે કરતા હતા, ત્યારે તેમનો અથવા જીવન ''માનવીય'' હતું. પરંતુ ધીરે ધીરે, તેમનામાં કાગડાની ચંચળતા, બગલાનું કપટ, કબૂતરની અંધશ્રદ્ધા, પોપટ જેવી ગોખવાની ટેવ, સાપ જેવો બીજાઓને ડંખ મારવાનો (દુઃખ દેવાનો) સ્વભાવ, સિંહ સમાન હિંસા, કૂતરાની માફક કામવૃત્તિ, ઉંદરની માફક બીજાની વાતને અધવચ્ચે કાપવાની પ્રવૃત્તિ, જળ વગરની માછલી જેમ ઈચ્છાઓની પાછળ દોડવાની-તડફવાની વગેરે વગેરે વિશેષતાઓ પ્રવેશતી ગઈ. તેમાં દેવતાઓના દિવ્યગુણ તો પ્રાયઃ લોપ થતાં ગયા પરંતુ લાખો પશુ-પક્ષી, જીવજંતુ વગેરે યોનિઓમાંથી કોઈ યોનિના જીવો જેવાં સંસ્કાર ઘર કરી ગયા. એ પણ શક્ય છે કે કોઈએ મજાકમાં એ વાતને ઉડાવી હોય કે મનુષ્યાત્મા દેવતા, મનુષ્ય, પશુ પક્ષી ઈત્યાદિ યોનિઓમાં પણ જન્મ લે છે. એક જ માનવ-જીવનમાં મનુષ્ય અનેક પ્રકારના માનવીય-સ્વભાવો ધારણ કરે છે. એટલે સંભવ

છે કે આ વાતની વ્યાખ્યા તેમણે કરી હોય કે આત્મા ૮૪ લાખ મનુષ્ય-યોનિઓ ધારણ કરે છે. વળી, મનુષ્ય ક્યારેક તો વાંદરાની માફક પાંચેય વિકારોને વશીભૂત બની જાય છે અને ક્યારેક કોઈ સત્સંગના પ્રભાવથી કાચબાની જેમ કર્મેન્દ્રિઓને સમેટી લે છે અને ક્યારેક દિવ્ય વિવેક પ્રાપ્ત થવાથી હંસની જેમ જૂઠાણાથી અળગો રહે છે તથા સત્યને ગ્રહણ કરે છે. આમ બની શકે છે તેથી ઉપરોક્ત દૃષ્ટિકોણ દ્વારા કોઈએ કહી દીધું હોય કે મનુષ્ય તો લાખો પશુયોનિઓ ધારણ કરે છે, પરંતુ એ વાત તો સ્પષ્ટ જ છે કે મનુષ્યાત્મા પશુ-તન અથવા પક્ષીઓ-જેવા શરીર અથવા કીડી જેવી કાયા ધારણ કરતો નથી.

સંભવ છે કે દ્વાપરયુગ અને કળિયુગમાં જે મનુષ્યાત્મા અત્યંત દૂષિત મન, વચન તથા કર્મવાળી હોય છે, તે શરીર છોડ્યાં બાદ થોડાં સમય સુધી, જ્યાં સુધી કે તેને બીજુ શરીર ના મળે ત્યાં સુધી તે ભૂતની જેમ પણ ભટકતી હશે. પરંતુ ભૂતોની કોઈ અલગ યોનિ અથવા અલગ જન્મ માનવો અવિવેકપૂર્ણ તથા ખોટા મત સમાન હશે. વાસ્તવમાં 'ભૂત'નો અર્થ છે - હતો. ભૂતનો અર્થ છે 'જે વ્યતીત થઈ ગયું તે.' સ્પષ્ટ છે કે વીતેલાં સમયમાં જે 'મનુષ્ય હતો' અને જેણે હજુ સુધી કોઈ બીજું માનવ તન નથી લીધું, તેની ફક્ત મધ્યકાલીન અવસ્થાનું નામ 'ભૂત' છે. ભૂત કોઈ અલગ યોનિ અથવા જન્મ નથી.

### અસુરોની કોઈ અલગ યોનિ નથી

આ જ રીતે, અસુરોની પણ કોઈ અલગ યોનિ નથી બલ્કે 'સુર' અર્થાત્ દેવતાના લક્ષણોથી વિપરીત (અસુર)

આસુરી લક્ષણોવાળો મનુષ્ય જ વાસ્તવમાં 'અસુર' છે. શ્રીમદ્ભગવત ગીતામાં આસુરી લક્ષણોનું સ્પષ્ટ વર્ણન મળે છે – ''જે લોકો તમોગુણી છે, વાસ્તવમાં તેઓ સર્વે અસુર છે.'' પરંતુ આજ સ્વયંને અસુર માની જ્ઞાન-યોગ દ્વારા સુર (દેવતા) બનવાનો યત્ન કરવાને બદલે અજ્ઞાની લોકો માને છે કે અસુર તો પૃથ્વીની નીચે કોઈ નર્કમાં રહે છે અને તેની કદાચ કોઈ અલગ જ યોનિઓ છે. પરંતુ વાસ્તવમાં એવું માનવું એ ભૂલભરેલું છે. આશ્ચર્યની વાત જુઓ જયારે ગીતામાં આસુરી અને દૈવી લક્ષણોનું સ્પષ્ટીકરણ આપ્યું છે, ત્યારે પણ આજ ઘણા ગીતાપ્રેમી લોકો પશુ-યોનિઓને જ આસુરી યોનિઓ માનવાની ભૂલ કરે છે. (ગીતાતત્ત્વ વિવેચની, અ. ૧૬ શ્લો. ૧૯ ની વ્યાખ્યા) આવું માનવાની ભૂલ કરવી વાસ્તવમાં એક અચંબાની વાત છે. આવી રીતે દૈત્યો, દાનવો અથવા રાક્ષસોની પણ કોઈ અલગ યોનિઓ નથી બલ્કે માનવ જ જ્યારે અત્યંત અત્યાચાર અને અસત્યના પંથ પર ચાલે છે તો દાનવ થઈ જાય છે અને તે જ મનુષ્ય જ્યારે માંસ-મદિરાની આદત તથા વિષયવાસનામાં ડૂબી જાય છે તો 'રાક્ષસ' કહેવાય છે. આ સઘળાં સત્યોને જાણ્યાં બાદ માનવું પડશે કે મનુષ્યાત્મા ૮૪ લાખ યોનિઓમાં ભ્રમણ કરતો નથી અને ન તો દેવતાઓ, દૈત્યો અથવા રાક્ષસોની કોઈ અલગ યોનિઓ છે બલ્કે મનુષ્યાત્માનાં સંસ્કારોમાં જ પરિવર્તન અને પ્રકારાન્તર થાય છે.

## વિચારો

એક વાત વિચારવા જેવી છે કે આપણે લોકોને એ કહેતાં સાંભળીએ છીએ કે- ''મારૂં ભાગ્ય જ એવું છે, મારી

તકદીર જ એવી છે.'' **આ ભાગ્ય અથવા તકદીર શું છે?** એ કર્મફળ અથવા દંડભોગ (સજા) અથવા પુણ્યફળ જ છે. જ્યારે મનુષ્યના કર્મોનું ફળ તેને મનુષ્ય-યોનિમાં મળતું જ ન હોય ત્યારે વળી મનુષ્યયોનિમાં ભાગ્ય, પ્રારબ્ધ, કર્મભોગ વગેરેનો પ્રશ્ન જ ઉઠતો નથી. પરંતુ વાસ્તવિકતા, અનુભવ અને સામાન્ય સમજ એ કહે છે કે જેવી રીતે મનુષ્યો દ્વારા નિર્મિત શાસક (રાજા અથવા ન્યાયાલય) મનુષ્યયોનિમાં જ તેને ખરાબ કર્મો માટે દંડ (સજા) આપે છે અને મનુષ્ય-યોનિમાં જ તેને ઈનામ, પારિતોષિક અથવા લાભ પ્રદાન કરે છે. તેવી જ રીતે શાશ્વત વિધાન જ એ છે કે મનુષ્યાત્માને મનુષ્ય-યોનિમાં જ કર્મફળ મળે છે.

આમ મનુષ્યયોનિ ફક્ત કર્મ-યોનિ જ નથી બલ્કે ભોગ યોનિ પણ છે, દરેકેદરેક યોનિ તો મનુષ્ય સમ્પૂર્ણ સુખી હોત અને પશુ પક્ષી ઈત્યાદિ જો દુ:ખી હોત. જો મનુષ્યાત્માઓ ખરાબ કર્મોના ફળસ્વરૂપે પશુ ઈત્યાદિ યોનિઓમાં ભ્રમણ કરતા હોત તો આજે મનુષ્યોની સંખ્યા વધવાની બદલે ચિંતાજનક સ્થિતિ જેટલી ખૂબ જ ઘટી જાત. કારણ કે આ કળિકાળમાં તો સર્વ મનુષ્યાત્માઓ અધિકતર પાપ-કર્મ જ કરી રહ્યાં છે.

## અમૃત દ્વારા મૃત્યુ પર વિજય રહી, અમરપદની પ્રાપ્તિ

ચિરકાળથી માનવી મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરવાની કોશિશ કરતો આવ્યો છે. લોકોનું કહેવું છે કે વિજ્ઞાન (Science) ની શોધ પણ મૃત્યુને જીતવાના વિષયથી શરૂ થઈ હતી. મનુષ્યે સૌથી પ્રથમ એવું રસાયણ (ઔષધિ, Alchemy) બનાવવાની આવશ્યકતા સમજી હતી જેનાથી તે મૃત્યુ પર

કાબૂ મેળવી શકે. આ રસાયણને બનાવી શકે તે પહેલાં જ મનુષ્યે 'અમૃત' નામ પણ તેને આપી દીધું. પરંતુ તે રસાયણ આજ સુધી મનુષ્યના હાથમાં ના આવ્યું. એવું રસાયણ ભલા મળવાની શક્યતા પણ કેવી રીતે ? સ્વયં પ્રકૃતિ પણ વિનાશી જ છે ત્યારે તેમાંથી બનેલું કોઈ પણ રસાયણ મનુષ્યનાં મરણ (દેહ) ને ભલા અમર અથવા અવિનાશી કેવી રીતે બનાવી શકે ?

આમ આજે પણ અનેકાનેક વૈદ્યોની હાજરીમાં અથવા દવાઓની વચ્ચે મનુષ્ય મૃત્યુની પીડાથી પ્રાણ ત્યાગે છે અથવા તો અચાનક જ તેનું હાર્ટફેઈલ થઈ જાય છે, તેના હૃદયની ગતિ રોકાઈ જાય છે. વિજ્ઞાને અગણિત શોધો કરી છે, પરંતુ તે શોધોથી મૃત્યુ પર વિજય તો શું તેનાથી ઘણીએ વાર દુર્ઘટનાઓ અને મૃત્યુની નોબત પણ આવી જાય છે. વિજ્ઞાન દ્વારા મૃત્યુ પર વિજય મેળવવાનો કોઈ અકસર ઉપાય શોધી કાઢ્યો જ નથી. તેનાથી તો સૃષ્ટિનો વિનાશ અથવા મહામૃત્યુનું સાધન જ અણુબોંબ, વગેરેના રૂપમાં મનુષ્યને મળ્યું છે.

**અહીં રામનું રાજ્ય નહિ, યમનું રાજ્ય છે**

મનુષ્ય મૃત્યુથી બચવા વિજ્ઞાનના આધાર સિવાય જપ, તપ, યજ્ઞ, કર્મકાંડ વગેરેનો પણ આધાર લે છે છતાંય પણ મૃત્યુ તો અટલ જ છે. યમની ફાંસી દરેકના ગળામાં પડેલી જ છે. દરેકને ખ્યાલ છે કે એક દિવસ તો 'જવાનું' છે. કોઈ પણ મનુષ્યના ચહેરા પર પૂર્ણ અને સ્થાયી હર્ષ સંભવ નથી કારણ કે, કોઈ માને અથવા ન માને, બધાં પર મૃત્યુનો પડછાયો તો પડેલો જ છે. અહીં નાના-મોટામાં કોઈ તફાવત નથી. બાપની હયાતિમાં નાનાં બાળકને કાળ ખાઈ જાય છે. અકાળે મૃત્યુ

આવી જાય છે. વિધિના લેખમાં કોઈ પણ મનુષ્ય હસ્તક્ષેપ કરી શકતો નથી. કોઈ મનુષ્યનું સંસારમાં કેટલું યે માનપાન હોય, તેણે એક દિવસ કાળનાં મોઢામાં જવું જ પડે છે. અહીં તો કોઈનું પણ રાજ્ય નથી, યમનું રાજ્ય છે. અહીં રામનું રાજ્ય નથી બલ્કે રામ બોલો ભાઈ રામ એ ધ્વનિ સતત ચારે દિશાઓમાંથી આવી કાનમાં અફળાયા કરે છે. સૌ કાળના ક્રુર પંજામાં સપડાયેલાં છે એટલે આ લોકને 'મૃત્યુલોક' પણ કહે છે કારણ કે અહીંના દરેક જીવોને એક યા બીજા દિવસે મરવાનું જ છે. અહીં તો જન્મ મરણના દુઃખના ચક્કરમાંથી કોઈ બચી શકતું નથી. ચિત્તની ચિંતા સર્વેને છે. આવી એ સ્વાભાવિક છે કે સમજદાર લોકો યમથી બચવાનો રસ્તો શોધવા માટે વિજ્ઞાનનો સહયોગ લે.

## મૃત્યુની પીડા શા માટે ભોગવવી પડે છે ?

મૃત્યુની પીડાથી છૂટવાનો પુરુષાર્થ ઠીક રીતે ત્યારે થઈ શકે છે, જ્યારે આપણે સારી રીતે જાણી લઈએ કે મૃત્યુ અથવા પીડાનું મૂળ કારણ શું છે ? આપણે જોઈએ છીએ કે સંસારમાં જ્યારે કોઈ મનુષ્ય કોઈ જ પ્રત્યે ઘાતક હિંસાનો વ્યવહાર કરે છે અથવા પોતાના દેશવાસીઓ પ્રત્યે દ્રોહ અથવા અહિતની ભાવનાથી તેને દુઃખ પહોંચાડે છે તો સરકારી કાનૂન અનુસાર તેને મોતની સજા થાય છે. આનાથી સ્પષ્ટ છે કે મૃત્યુ એ જ તેના ખરાબ કર્મોનું ફળ છે. આ જ રીતે રોગ, દુર્ઘટના વગેરેથી મનુષ્યનું જે મૃત્યુ થાય છે, તે પણ ઈશ્વરીય સરકારના નિયમોથી વિરુદ્ધ આચરણનું ફળ છે. જો માનવ આ લોકમાં શ્રેષ્ઠ કર્મ કરે અર્થાત્ કામ, ક્રોધ વગેરે વિકારોને વશ થઈ વિકર્મ ન કરે તો તેને આ દંડ ભોગવવો નહિ પડે.

આપણે આપણી સામે અનેક ઉદાહરણો જોઈએ છીએ કે આ વિકાર જ મનુષ્યને મૃત્યુના મુખમાં તાણી જાય છે. હાથી કામવિકારને વશ થઈ કાગળની હાથણી પાછળ દોટ મૂકે છે અને ખાડામાં જઈને પડે છે અને, આ રીતે, હંમેશાને માટે તેને કેદી બનાવી લેવામાં આવે છે. ભમરો ફૂલની સુગંધ પર મોહિત થઈ તેનો રસ ચૂસે છે અને કોમળ પાંખડીઓમાં પડ્યા રહે છે. અને રાત થતાં પાંખડીઓ બંધ થઈ જાય છે ત્યારે તેમાં જ મરણ પામે છે. આમ સ્પષ્ટ છે કે કર્મેન્દ્રિયોને વશીભૂત થઈ વિષયો પાછળ ભિખારીની જેમ ભાગનાર મનુષ્ય પણ મોતના મુખમાં પહોંચી જાય છે. પોતાની સજાનું પરિણામ તે મૃત્યુરૂપે પામે છે.

દેશની સરકાર તો અપરાધીને મૃત્યુદંડથી વધુ કોઈ પ્રકારની સજા આપી શકવામાં અસમર્થ છે પરંતુ વિકારોના કારણે દુઃખ આપવાના રૂપમાં અપરાધ કરનાર મનુષ્યને મૃત્યુની સજા તો મળે જ છે પરંતુ ત્યાર બાદ પણ તેને ગર્ભજેલ ભોગવવી પડે છે. આટલાથી જ તેનો છૂટકારો નથી થતો. બલ્કે આગલા જન્મોમાં પણ તેને વિકર્મોનું ફળ દુઃખના રૂપમાં મળે છે અને, અંતે ધર્મરાજપુરી પણ સજા ભોગવે છે. આમ કોઈ પ્રકારે મૃત્યુને જીતવાથી મનુષ્ય ન કેવળ મૃત્યુ સમયના કષ્ટમાંથી જ બચતો નથી બલ્કે ત્યારબાદ પણ ગર્ભજેલમાં મળનારા દુઃખોથી પણ છૂટી જાય છે, અર્થાત્ મુક્તિ તથા જીવન-મુક્તિ મેળવે છે.

### "જીવનમુક્તિ" નો અર્થ શું છે ?

મુક્તિની અવસ્થામાં તો માનવ માત્ર શરીરથી જ મુક્ત હોય છે અને નિષ્ક્રિય (Inactive) હોય છે પરંતુ જીવનમુક્તિની

અવસ્થામાં તે દેહ પણ લે છે અને દેહનો ત્યાગ પણ કરે છે. પરંતુ આ બંનેમાં તેને નામ માત્ર પણ દુ:ખ થતું નથી. જન્મ અને દેહત્યાગ બંને દુ:ખરહિત અને સુખ-સહિત હોય છે.

જે લોકમાં અત્યારે આપણે જીવી રહ્યાં છીએ તેને મૃત્યુલોક કહેવામાં આવે છે. જીવનમુક્તિના અધિકારી બનવાથી મનુષ્ય જે લોકમાં જાય છે તેને ''અમરલોક'' અથવા ''દેવલોક'' કહેવામાં આવે છે. દેવતા દુ:ખ દેનાર જન્મ-મરણમાં બંધાયેલા હોતાં નથી જ્યારે કે શ્રીનારાયણને યાદ કરનારાઓ વિષે પણ પ્રસિદ્ધ છે કે તેઓ યમના પંજામાંથી છૂટી જાય છે. તો સ્વયં શ્રીનારાયણના રાજ્યમાં કોઈને યમદૂતોની પીડા મળે, એ ભલા કેવી રીતે સંભવે ? આમ દેવતા જીવન-મુક્ત હોય છે. તેવી અવસ્થાને ''અમરપદ'' કહેવામાં આવે છે. દેહ તો દેવતા પણ ત્યાગે અને લે છે પરંતુ તેને દેહ લેતાં અથવા ત્યાગતાં દુ:ખ થતું નથી એટલા માટે તેને 'જીવનમુક્તિ' માનવામાં આવે છે.

આમ મૃત્યુને જીતવાનો અર્થ મુક્તિ અને જીવનમુક્તિ પ્રાપ્ત કરવી, મનુષ્યમાંથી દેવતા બનવું, મૃત્યુલોકથી અમરલોકમાં જવું અથવા નર્કમાંથી સ્વર્ગમાં જવું - પ્રસિદ્ધ છે કે સ્વર્ગ અથવા વૈકુંઠમાં આદિ, મધ્ય અને અંત ત્રણેય કાળોમાં દુ:ખ નહોતું.

### પરમાત્મા દ્વારા કયું અમૃત મળે છે ?

અ઼ વાત તો સર્વવિદિત છે કે અમૃત પીવાથી મનુષ્ય અમર બની જાય છે. પરંતુ લોકો એ જાણતા નથી કે અમૃત ક્યું છે અને તે અમૃત આપનાર વૈદ્ય કોણ છે ? આજે વૈદ્યોએ અમૃતધારા બનાવી રાખી છે, પુજારીઓ લોકો દેવતાઓની

મૂર્તિના ચરણો પર પાણી ઉછાળી ચરણામૃત પિવડાવે છે પરંતુ સમજવાની વાત તો આ છે કે જન્મ-મરણમાં આવનાર મનુષ્યોએ પ્રકૃતિના તત્ત્વોમાંથી જે આ 'અમૃત' બનાવ્યું છે તેનાથી મનુષ્ય અમર કેવી રીતે બની શકે? સાચું અમૃત તો અમરનાથ (શિવ) પિતા પરમાત્માનું ગીતાજ્ઞાન જ છે.

ગીતાના ભગવાનનાં મહાવાક્ય છે કે - 'આ જ્ઞાન દ્વારા મનુષ્ય મહામૃત્યુના ભયથી બચી જશે અને સ્વર્ગનું રાજ્યભાગ્ય પામશે અને 'શ્રી' (દેવપદ) તથા 'વિજય' (મૃત્યુ પર) પ્રાપ્ત કરી લેશે અર્થાત્ અમર (દેવતા) પદ પામશે.' જ્યારે મનુષ્ય મૃત્યુશૈયા પર હોય છે ત્યારે તેઓ માને છે કે ગીતા સાંભળવાથી મનુષ્ય સ્વર્ગમાં જશે, પરંતુ તે વખતે મૃત્યુશૈયા પર પડેલાં મનુષ્ય માટે ગીતા-જ્ઞાન ધારણ કરવું અસંભવ જ છે. મનુષ્ય ગીતા-જ્ઞાન થોડું જ ધારણ કરી શકે છે?

યાદ રાખો કે જે મનુષ્ય ગીતાજ્ઞાનને જીવનમાં ધારણ કરી જીવનને પવિત્ર બનાવે છે તે મનુષ્ય માટે મૃત્યુ એક પુલ છે જેના દ્વારા તે આ મૃત્યુલોકને પાર કરી અમરલોકમાં ચાલ્યો જાય છે અથવા સ્વર્ગવાસી બને છે. પરંતુ જન્મ-મરણમાં આવનાર મનુષ્ય જે ગીતાજ્ઞાન સંભળાવે છે તેનાથી આ આશા પૂરી થઈ શકતી નથી બલ્કે પરમાત્મા સ્વયં અવતરિત થઈ જે ગીતાજ્ઞાન પ્રદાન કરે છે તે અમૃત છે અને તેનાથી મનુષ્ય સ્વર્ગમાં અમરપદ મેળવે છે. એટલે જ કહેવાય છે કે "જેનું કામ તેને જ શોભે, બીજો કરે તો ડંકો વાગે.
"जिसका काम उसीको साजे, और करे तो डींगा बाजे"

## મૃત્યુને કેમ જીતાય?

પરમપિતા પરમાત્મા શિવ જ્ઞાનામૃત પિવડાવી, દિવ્યગુણોનું તથા બ્રહ્મચર્ય વ્રતનું શિક્ષણ આપી મનુષ્યને ત્રણ પ્રકારે મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરાવે છે.

એક તો તેઓ જ્ઞાનામૃત દ્વારા મનુષ્યને એટલો યોગ્ય અને ગુણવાન બનાવે છે કે શરીર છોડ્યા બાદ તેનું નામ અને યશ અકબંધ રહે છે. પરમાત્મા જ્ઞાનના આધારે મનુષ્ય શરીર અને કર્મ ઈન્દ્રિયો દ્વારા એવા કર્મ કરે છે કે તેનું ગાયન થાય છે. પ્રજાપિતા બ્રહ્મા અને જગદમ્બા સરસ્વતી અથવા શ્રી રામ અને શ્રીકૃષ્ણનું ઉદાહરણ આપની સમક્ષ છે. આજ દિવસ સુધી તેમનું કેટ-કેટલું ગાયન થાય છે! તેમની કેટલી યાદગારીઓ બનેલી છે!! ઈશ્વરીય જ્ઞાનામૃતને પીધા વિના, શ્રેષ્ઠ કર્મ કર્યાં વિના જે મનુષ્ય શરીર છોડી જાય છે, તે ગાયન-પૂજન યોગ્ય બનતા નથી. હા, વર્ષમાં એકાદ (શ્રાદ્ધ) વાર તેમના પોતાના જ પુત્ર-પૌત્ર જરૂર તેઓને યાદ કરી લે છે. બસ! એક-બે પેઢીઓ બાદ તો તેમને એટલાં પણ યાદ નથી કરતા, ગાયન-પૂજનની તો વાત જ છોડો! પરંતુ શ્રીરામ અને શ્રીકૃષ્ણ વગેરે ને તો લોકો વહેલી સવારે ઉઠતાંવેત જ હંમેશા યાદ કરવામાં આવે છે અને રામની યાદ વંશપરંપરાગત ધોરણે ચાલી જ આવે છે. આમ મૃત્યુ સમયે પણ શ્રીરામ નામ સત્ય છે. 'શ્રીકૃષ્ણ નામ સત્ય છે.' આ નામોને 'સત' બોલવામાં આવે છે. પોતાનું શરીર છોડ્યાં બાદ પણ તે દેવતાઓના નામ ચાલ્યા જ આવે છે, પરંતુ યાદ રાખો કે બીજાના મૃત્યુ સમયે પણ શ્રીરામ અને શ્રીકૃષ્ણના જ નામને સત કહેવામાં આવે છે.

દેવતાઓના નામ તો શું તેમના શરીરની પણ યાદગાર મંદિરોમાં બનાવીને તેમના શરીરોને પણ પૂજવામાં આવેછે. કારણ કે શરીર દ્વારા પણ તેઓએ પવિત્ર જીવન વ્યતીત કરેલું હોય છે અથવા શ્રેષ્ઠ કર્મ કરેલા હોય છે. તેમના ગુણોનું પણ કવિતાઓના રૂપમાં ગાયન તથા કીર્તન થાય છે. તેમના જન્મસ્થાન વગેરેને પણ લોકો તીર્થસ્થાન માને છે. તેમના કર્તવ્યોને ''ચરિત્ર'' માની લોકો તેનાં પણ ચિત્રો બનાવી પ્રેરણા લે છે. ગ્રંથોના રૂપમાં તેની કથા કરે છે. શરીર છોડ્યા પછી પણ દર વર્ષે તેની જયન્તિ મનાવે છે. સમગ્ર દેશની દૃષ્ટિ એ મંદિરો પર રહે છે અને જો કોઈ તેને હટાવવાની કોશિશ કરે તો હજારો નર-નારી તેની રક્ષા માટે પોતાના પ્રાણ ત્યાગવાને માટે પણ તૈયાર થઈ જાય છે. આ રીતે તેનું નામ-નિશાન નાશ પામતું નથી બલ્કે અમર બની જાય છે. મનુષ્યની હસ્તીને સમાપ્ત કરનાર મૃત્યુ પર તેઓ વિજય પ્રાપ્ત કરી લે છે, ભલે તેમનું સ્થૂળ શરીર રહેતું નથી પરંતુ તેમની યાદ મનુષ્યના હૃદયમાં હંમેશા જીવિત રહે છે.

બીજું, પરમપિતા પરમાત્મા દ્વારા જ્ઞાનામૃત પીવાથી, બ્રહ્મચર્યવ્રત પાળવાથી તથા યોગાભ્યાસ કરવાથી મનુષ્યને શરીર છોડતી વખતે દુઃખ કે પશ્ચાતાપ થતો નથી કારણ કે એક તો તેણે વિકર્મ કર્યા હોતા નથી કે પશ્ચાતાપ કરવો પડે. અને બીજું, તે શરીર પણ એમ જ સહજ રીતે ત્યાગે છે કે જાણે પોતાના વસ્ત્રો બદલી રહ્યો હોય સર્પ પોતાની જૂની કાંચળી ઉતારી નવી ધારણ કરે છે. જ્ઞાનામૃતનું સેવન કરનાર તથા યોગાભ્યાસી મનુષ્ય એવો અનુભવ કરે છે કે જાણે તે

ઈશ્વરનાં ખોળામાં જઈ રહ્યો હોય. જે રીતે કોઈ મુસાફર સરળતાપૂર્વક જ ધર્મશાળા છોડી ઘરમાં વિશ્રામ કરે છે, તે જ રીતે આ સંસારરૂપી ધર્મશાળા છોડી પરમધામના અંતિમ માળે, પોતાના ઘરે પહોંચી જાય છે અથવા કોઈ મનુષ્યની બદલી થાય તો જેમ તે સ્થાનાંતર કરે એટી સહજતાથી તે રીતે સ્વયંને પરમપિતા પરમાત્માના ધામમાં જતો જોઈ અથવા સ્વર્ગમાં દેવપદના રૂપમાં પદ ભોગવતો જોઈ શરીર છોડતી વખતે તેને આનંદ જ થાય છે. અન્ય લોકો મૃત્યુથી ડરે છે કારણ કે તેઓએ વિકર્મ કરેલા હોય છે.

ત્રીજું, પરમપિતા પરમાત્માના જ્ઞાનથી જે ગતિ (મુકિત) અને સદ્ગતિ (જીવનમુક્તિ) પ્રાપ્ત થાય છે, તેમાં તો મૃત્યુનો ભય, કષ્ટ ઈત્યાદિ હોતાં જ નથી. આ જ કારણે લોકો મુક્તિ અને જીવનમુક્તિની પ્રાપ્તિ અર્થે ગમે તેટલો પુરુષાર્થ કરવા ઈચ્છે છે. આમ મનુષ્ય હવે જ્ઞાનામૃત પ્રાપ્ત કરી, બ્રહ્મચર્યવ્રત ધારણ કરી તથા રોગના અભ્યાસી બની જેથી અમરપદની પ્રાપ્તિ થઈ શકે.

## મૃત્યુથી કોણ બચાવી શકે ?

મૃત્યુથી તે જ છોડાવી શકે છે કે જે મૃત્યુથી પણ બળવાન મૃત્યુંજય હોય. કાળથી તે જ બચાવી શકે જે કાળનો પણ કાળ હોય. કર્મોની સજા અને બંધનથી મુક્ત તે જ કરાવી શકે છે જે કર્મોની ગહન ગતિને જાણતા હોય અને પોતે તેના બંધનથી સદામુક્ત હોય. મનુષ્યમાંથી દેવતા તે જ બનાવી શકે કે જે દેવોનો પણ દેવ હોય.

આમ આ એક વાતની ગાંઠ વાળવી જોઈએ કે સંસારમાં એક બીજાનો સાથ સહકાર કોઈ મનુષ્ય આપી શકતો નથી

કારણ કે મુક્તિ અને જીવનમુક્તિનો દાતા તો એક પરમપિતા પરમાત્મા જ છે. આ કારણે એક પરમપિતા પરમાત્માને જ 'મૃત્યુંજય' અથવા 'અમરનાથ' પણ કહેવામાં આવે છે. બીજાં કોઈને પણ આ પદવી અપાઈ નથી. ભક્તો પરમપિતા પરમાત્માને કહે છે "હે પ્રાણદાતા, હે સુખદાતા, હે શરણદાતા, અમારી રક્ષા કરો!" ઘણાં સુખ આપનાર પિતા પણ ફક્ત પરમાત્માને જ કહેવામાં આવે છે. આમ કાલકંટક દૂર કરનાર પિતા ફક્ત પરમાત્મા (શિવ) જ છે.

## મૃત્યુ બાદ દરેક મનુષ્યની સાથે જાય છે માત્ર એક બિસ્તરો ને એક થેલી

સિકંદર જ્યારે મર્યો ત્યારે તેના હાથ ખાંપણ (કફન) માંથી બહાર કાઢી ખાલી બતાવવામાં આવ્યા હતા કારણ કે લોકો માને છે કે મૃત્યુ પછી મનુષ્ય ખાલી હાથે જાય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે દરેક મનુષ્યના મૃત્યુ પછી તેની સાથે એક બિસ્તરો અને થેલી જાય છે. આપ વિચારશો કે ક્યારેય પણ અમે મરેલા મનુષ્યની સાથે તેનો બિસ્તરો અને થેલી જતાં જોયા નથી.

પરંતુ આપ જાણો છો કે આ સંસારને એક મુસાફરખાનું કહેવામાં આવે છે અને જ્યારે કોઈ મનુષ્ય મૃત્યુ પામે છે તો તેના વિશે લોકો કહે છે કે તે મરણ પામ્યો. (He has departed) તો જેમ આપણે રેલ-યાત્રા કરીએ છીએ અથવા એક શહેરથી બીજા શહેર ક્યાંક દૂર જઈએ છીએ તો પોતાની સાથે એક સામાનની થેલી અને બિસ્તરો પણ લઈ જઈએ છીએ, તેવી જ રીતે આ મનુષ્યાત્મારૂપી મુસાફર દેહરૂપી ધર્મશાળા છોડી રવાના થાય ત્યારે તે પણ પોતાની સાથે એક થેલી ને એક

બિસ્તરો તો લઈ જતા હશે જ?

## કઈ થેલી અને ક્યો બિસ્તરો મૃત્યુ પછી મનુષ્યની સાથે જ જાય છે?

મૃત્યુ પછી થેલીમાં તો લઈ જાય છે પોતાના મનની વૃત્તિઓ અથવા બુદ્ધિનો વિસ્તાર. જેમ મનુષ્યના બિસ્તરામાં તકિયો હોય છે જેના પર તે માથું ટેકવે છે, તેવી જ રીતે મનુષ્યાત્મા આગલા જન્મ માટે સંસ્કારો રૂપી તકિયો 'તકિયા-એ-કલામ' સાથે લઈ જાય છે, અર્થાત્ એક બૌદ્ધિક સ્થિતિ, મનની ટેવ અથવા એક નિશ્ચિત મતિ અને સ્વભાવનો તકિયો બનાવી લઈ જાય છે, જેના પર જ આગલા જન્મમાં તેના વચન અને વ્યવહાર તકિયા પર માથાની જેમ વિરાજમાન હોય છે. જેવી રીતે કોઈ મુસાફરનો તકિયો સ્વચ્છ, સુંદર અને સુકોમળ હોય છે અને કોઈનો મેલો-ગંદો, તેવી જ રીતે કોઈ આત્માનો તકિયો અર્થાત્ વચન અને વ્યવહારની ટેવ કોમળ, પવિત્ર તથા સુંદર હોય છે તો કોઈનો મલેચ્છો જેવો દરેકની બુદ્ધિને તકિયાનો કોઈ આધાર અથવા કોઈ સહયોગ અવશ્ય હોય છે.

વળી, જેમ મુસાફરનો બિસ્તરો-નરમ ગાદલા, સખત ચટાઈ, મામુલી ચાદર અથવા અંગોછું હોય છે જરૂર, જેના પર તે ઊંઘે છે અથવા બેસે છે, તેવી જ રીતે મૃત્યુ પછી મનુષ્યાત્મા કર્મરૂપી હિસાબ-કિતાબ અથવા પૂર્વાભ્યાસ રૂપી ટેકો સાથે લઈ જાય છે કે જેના પર તેનું જીવન ટકેલું હોય છે અને જેના પર જ તેના ભાગ્યની બેઠક હોય છે.

## હવે બિસ્તરો સંકેલો, પરમધામ જવાનું છે

આજે લોકો કહે છે, આ સંસાર મુસાફરખાનું છે. આપણે

અહીંથી ચાલ્યા જવાનું છે. પરંતુ ક્યાં જવાનું છે ? ક્યારે જવાનું છે ? તેની કોઈને કંઈ જ ખબર નથી. જેને જવાનું હોય છે તે તો ઝટપટ જવાની તૈયારીમાં લાગી જાય છે, પોતાનો બેગ-બિસ્તરો બાંધી લે છે, ચાદર-તકિયા સમેટી લે છે પરંતુ આજે તો મનુષ્ય એવું વર્તન કરે છે કે જાણે તેણે પરત જવાનું જ ન હોય. તે તો માત્ર કહેવા ખાતર કહે છે કે મારે આ મુસાફરખાનાથી દૂર કોઈક સ્થળે જવાનું છે. વાસ્તવિકતા તો એ છે તો તેણે બેગ-બિસ્તરો સમેટવાનો સંકલ્પ પણ કર્યો નથી.

પરંતુ હવે તો સંસારની પરિસ્થિતિઓ લીલીઝંડી દેખાડી રહી છે કે હવે પરમધામ જવાનો સમય આવી પહોંચ્યો છે. હવે તો આ સૃષ્ટિરૂપી મુસાફરખાનું નષ્ટ થવાનું છે. જેમ અતિ વિશાળ શિલાને તોડવા માટે હથોડાનો ઉપયોગ કરવાને બદલે તેને દારૂગોળાથી ઉડાવી દેવામાં આવે છે તેવી જ રીતે આ હાઈડ્રોજન, અણુ, પરમાણુ (ન્યુકલીઅર) બોમ્બ આ વિરાટ સૃષ્ટિના મહાવિનાશ માટે જ બન્યા છે કારણ કે હવે આ પતિત-જર્જરિત સૃષ્ટિનો વિનાશ કરીને અહીં સતયુગી સુખધામ બનવાનું છે. હવે જવાનું તો સૌને છે જ. 'રામ ગયો, રાવણ ગયો, જાકો સહુ પરિવાર.' એટલા માટે હવે તો દરેકે મોતના બેગ-બિસ્તરા બાંધી લેવા જોઈએ. હવે તો બુદ્ધિ-યોગ ચારે દિશાઓમાંથી સમેટી બાંધી લેવો જોઈએ અને મનરૂપી બેગમાં સારા જ સંસ્કાર લઈ જવા જોઈએ. જેમ કોઈ વ્યક્તિ નિષેધાત્મક વસ્તુઓ (prohibited goods) જેવી કે અફીણ, શરાબ વગેરે સાથે લઈ જાય છે તો રસ્તામાં તેનું ચેકીંગ થાય છે, તેને સજા મળે

છે, તેવી જ રીતે કામ, ક્રોધાદિ વિકારોના સંસ્કારોને જે વ્યક્તિ પોતાની સાથે લઈ જશે તેણે ધર્મરાજપુરી રૂપી ચેક-પોસ્ટ (check post) માં દંડ ભોગવવો પડશે. કાળ તેની ખાલ (ચામડી) ખેંચશે અને યમોનો ભય સદા સતાવશે - તેનાથી શો ફાયદો? હવે એ સમય છે કે મનુષ્યે સારા સંસ્કારોની બેગ અને યોગનો બિસ્તરો બાંધી લેવો જોઈએ. આ સુખદાયી સામાન તેને રસ્તામાં પણ કામ આવશે અને નવી સતયુગી સૃષ્ટિમાં પણ આ જ સંસ્કારો તેને દૈવીપદ અપાવશે.

## મૃત્યુ પહેલાં શું?

જ્યારે મનુષ્ય મૃત્યુ-શૈય્યા પર પડ્યો હોય છે ત્યારે તેના સંબંધીઓ તેના મુખમાં ગંગાજળ નાખ્યા કરે છે અને તેની પાસે ગીતા વાંચે છે તેમનો એ વિશ્વાસ છે કે આ રીતે મનુષ્ય સ્વર્ગ પ્રાપ્ત કરશે. પરંતુ વિચારવા જેવી વાત છે કે ત્યારે તો મનુષ્યની ઈન્દ્રિયો શિથિલ બની ગઈ હોય છે અને વિચારશક્તિ મંદ પડી ગઈ હોય છે. આમ અંત સમયે તેને ગીતા વાંચી સંભળાવવાથી, તેના કાનમાં "ઓમ ઓમ" નો જાપ જપવાથી અથવા તેને શિવ અથવા કૃષ્ણ અથવા નારાયણનું ચિત્ર બતાવવાથી તેથી શું ફાયદો થશે? અંત સમયે તેના વિકારી સંસ્કાર તો બદલી શકાતાં નથી અને ન તો તેની સ્મૃતિ પરમપિતા પરમાત્મામાં સ્થિત થઈ શકશે કારણ કે તેણે જીવન આખું જેવો અભ્યાસ કર્યો છે, તે પ્રકારે મન તો ચંચળ જ રહેશે. આમ, મનુષ્યે મૃત્યુકાળ પહેલાં જ, જ્યારે તે સારી, તંદુરસ્ત હાલતમાં હોય છે, ત્યારે જ પરમપિતા પરમાત્મા તથા આત્માનો સ્પષ્ટ પરિચય પ્રાપ્ત કરી પરમાત્મા સાથે

યોગ-યુક્ત થવાનો સહજ અભ્યાસ તેણે કરવો જોઈએ. તેણે એ પણ જાણવું જોઈએ કે વાસ્તવમાં આ સ્થૂળ ગંગાજળથી આત્મા પાવન થતો નથી બલ્કે કલ્પનાં અંત સમયે સ્વયં પરમપિતા પરમાત્મા શિવ અવતરિત થઈ પ્રજાપિતા બ્રહ્મા દ્વારા જે કન્યાઓને અને માતાઓને ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ આપે છે તેઓ જ સાચી જ્ઞાન-ગંગાઓ છે. તેમના દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીને પતિતથી પાવન બની શકાય છે. જ્ઞાનના આધારે પરમપિતા પરમાત્મા શિવની સ્મૃતિમાં સ્થિત થવાનો નિત્ય અભ્યાસ કરવો તથા નરમાંથી નારાયણ બનવાનું લક્ષ્ય હંમેશાં પોતાની નજર સમક્ષ રાખી દિવ્યગુણો ધારણ કરવાથી જ મનુષ્યને મુક્તિની તથા સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે છે કારણ કે જીવનકાળમાં પવિત્ર બનવાથી, દિવ્યગુણ ધારણ કરવાથી તથા યોગાભ્યાસ કરવાથી જ મનુષ્યની અંતકાળે વૃત્તિ અથવા મતિ એવી ગતિ થાય છે.

આ રીતે, આપ જોશો કે જ્યારે કોઈ મનુષ્ય મરણ પામે છે તો તે આત્મા ભટકે નહિ તેને માટે તેના સંબંધી દીપક પણ પ્રગટાવે છે. પરંતુ શું આત્માને સ્વર્ગ અથવા પરલોકનો રસ્તો બતાવવા આ સ્થૂળ દીપક કદાપિ યોગ્ય રીતે કરી શકે ? નહિં, નહિં. તે માટે તો જીવનકાળમાં સ્વયં આત્મારૂપી દીપકને જ્ઞાન-યોગના તેલની મદદથી પ્રગટાવવો જરૂરી છે. આજે લોકો હરિદ્વાર જાય છે ત્યારે ત્યાં એક નાનકડું કોયડું (દીવો) ફૂલોને નાનકડી હોડી અથવા માટલામાં રાખી તેને પ્રવાહિત કરે છે. જે હોડીનો દીપક થોડાં સમયમાં જ બુઝાઈ જાય છે

તેના સંદર્ભમાં દર્શકો કહે છે કે તે સ્વર્ગમાં નહિં જાય અને જેની હોડીનો દીપક સ્થિર રૂપે પ્રજ્વલિત દેખાય છે તેના વિશે કહે છે કે તે સીધો સ્વર્ગે સિધાવશે. આ પ્રથા પાછળ પણ એક રહસ્ય છે કે જો કોઈ પોતાની જીવનરૂપી નૈયાને પુષ્પોથી સજાવે અને આત્મારૂપી દીપક એવો પ્રગટાવે, અર્થાત્ કે વિકારો પર વિજય મેળવી, દિવ્ય ગુણોને ધારણ કરે તો પ્રલોભનો તથા સંકટરૂપી પવનથી તેમનો દીપક બુઝાતો નથી અને તે મનુષ્ય વિષય સાગર પાર કરીને સ્વર્ગે જાય છે, નહિં તો જેનો આત્મારૂપી દીપક બુઝાઈ જાય છે, તેની જીવનરૂપી નૈયા ખરેખર અધવચ્ચે જ ડૂબી જાય છે, અર્થાત્ તે નર્કમાં જાય છે.

વળી આપ એ પણ જોતાં હશો કે જ્યારે કોઈ વ્યક્તિ મૃત્યુ રણ પામે છે અને તેનાં સગાં-સંબંધી તેના શબને જ્યારે સ્મશાને લઈ જતાં હોય છે ત્યારે ''રામ નામ સત્ય છે'' એવી ઘોષણા કરતા જાય છે અને સ્મશાન નજીક પહોંચતા તેના માથાની દિશા બદલી નાંખે છે. તેઓ તેના પગને શહેર તરફ અને માથું સ્મશાન તરફ કરી લે છે. ખરેખર તો મરતા પહેલાં જ ''રામનું નામ જ અંતિમ સત્ય છે'' એ વાત યાદ રાખવી જોઈએ. પરંતુ મરતાં પહેલાં તો બધાં તન, ધન અને વિકારોના ધંધામાં જ વ્યસ્ત રહે છે અને જ્યારે પ્રાણપંખેરૂં ઉડી જાય છે, ત્યારે તો ''રામ રામ'' શબ્દો પણ સાંભળી પણ શકાતાં નથી. આથી, હવે દરેકે વહેલામાં વહેલી તકે પગ શહેર તરફ અને માથું સ્મશાન તરફ કરી લેવું જોઈએ અર્થાત્ જીવતાં જ મોહ-મમતાનો ત્યાગ કરી અનાસક્ત વૃત્તિથી જીવન યાપન

કરવું જોઈએ. પરંતુ આશ્ચર્યની વાત છે કે મનુષ્ય લોકોને પામરતામાં મરતાં જુએ છે છતાં પોતાના મૃત્યુને સુધારવાના તથા સાચા રાહને વિસરી જાય છે અને વિષય-વિકારોમાં રચ્યો પચ્યો રહે છે. ''રામ બોલો ભાઈ રામ'' આદિ ઘોષણાનો જે અર્થ છે, ગીતાજ્ઞાનનું જે અધ્યયન છે, જ્ઞાન-ગંગારૂપી અમૃતનું જે આચમન છે, આત્મારૂપી દીપક જગાવવાને તથા શહેર તરફ પગ કરવાનો જે રિવાજ છે, તે ખરેખર તો મૃત્યુ પહેલાં જ પ્રયોગમાં આવવો જોઈએ, પરંતુ સંસારની આ કેવી ઉલ્ટી દિશામાં આંધળી દોટ છે કે તેનો મૃત્યુ પછી જ ઉપયોગ કરવામાં આવે છે.

**જ્ઞાનથી ખૂબ શણગાર કરી લ્યો,**
**હવે વૈકુંઠમાં જવાનું છે.**

બદલો પોતાના વસ્ત્ર પુરાણા, હવે આવ્યા છે નવા જમાના. ચીંથરામાં જ પડ્યા પડ્યા શું, ચાલ્યા જશો દરબાર શાહના, કામ શત્રુને બદલો પ્રેમમાં, અર્ધા કલ્પના વેર ભૂલવા. ક્રોધને બદલો દિવ્યતેજમાં, અટલ, અખંડ સ્વરાજ્ય લાવવા. લોભ તરત જ બદલાઈ જશે, દૈવી ગુણોની કરો ધારણા. મોહ-બંધન તો તૂટી જશે, શિવપિતાથી બાંધો નાતો અહંકારની માયા ભાગે જે, તે સ્વરૂપમાં જ ટકી જવું. જ્ઞાનથી ખૂબ શણગાર કરી લ્યો, હવે આપને વૈકુંઠ જવાનું છે.

## વળી કરશો ક્યારે ?

મનુષ્ય અને અન્ય પ્રાણીઓમાં એક મુખ્ય ભિન્નતા એ પણ છે કે મનુષ્યમાં બુદ્ધિ છે. બુદ્ધિ દ્વારા જ મનુષ્યે સંસારમાં મોટી-મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે અને પ્રકૃતિના તત્ત્વોને વશ કરવાના યત્ન પણ કર્યા છે. બુદ્ધિ-બળના આધારે મનુષ્ય અન્ય જીવ-પ્રાણીઓ પર રાજ્ય તો કરે જ છે. સાથોસાથ એવા પણ અનેક મનુષ્યો છે કે જે લાખો-કરોડો મનુષ્યો પર રાજ્ય કરે છે તેઓ જનસમૂહના વિચારોને ફેરવી સંસારમાં વિશાળ ક્રાંતિઓ લાવે છે. જોવામાં આવે તો મનુષ્યનો સુખ-દુઃખનો સંબંધ પણ તેની બુદ્ધિ સાથે જ છે કારણ કે સુખ કે દુઃખ રૂપી પ્રારબ્ધ મનુષ્યને પોતાના કર્મોના આધારે મળે છે.

### બુદ્ધિ સાત્ત્વિક કેવી રીતે બને ?

બુદ્ધિને સાત્ત્વિક બનાવવા માટે બધાં કહે છે કે મનુષ્યે સત્સંગમાં જવું જોઈએ. સત્સંગમાં સાત્વિક વચનોના શ્રવણથી તથા એક માત્ર પરમપિતા પરમાત્માની સ્મૃતિમાં રહેવાથી મનુષ્યની બુદ્ધિ સતોગુણી બની જાય છે. જેમ વાસણને રાખથી સાફ કરવામાં આવે છે, કપડાંને સાબુથી ધોવામાં આવે છે અને શરીરને પાણીથી સ્વચ્છ કરવામાં આવે છે, તેવી જ રીતે બુદ્ધિને પવિત્ર બનાવવાનું સાધન ઈશ્વરીય જ્ઞાન અને સહજ રાજયોગ જ છે. પરંતુ કોઈ વ્યક્તિ એવા સ્થાન પર જાય જ નહિં કે જ્યાં ઈશ્વરીય-જ્ઞાનની ચર્ચા થતી

હોય કે યોગનું શિક્ષણ આપવામાં આવે છે જ્યાં ખરેખર સાચા અર્થમાં સત્સંગ થતો હોય, તો તમે જ જણાવો કે તેને સદ્‌બુદ્ધિ કેવી રીતે મળશે ? સદ્‌બુદ્ધિ વગર તો તે પોતાના મન પર અંકુશ કેવી રીતે મેળવી શકશે અને મન પર અંકુશ ન હોવાથી તેનું આચરણ કેવી રીતે ઉચ્ચ બની શકે અને ઉચ્ચ આચરણ વિના જીવનમાં સફળતા, સુખ તથા શાંતિ મળવી તો એકદમ અસંભવ જ છે.

## પળમાં પ્રલય થશે તો કરશો ક્યારે ?

આજની દુનિયામાં લોકોની મનોવૃત્તિ બની ગઈ છે કે તેઓ શુભકાર્યોને મુલત્વી (Postpone) રાખ્યા કરે છે. કોઈ કહે છે કે હું ત્રણ-ચાર વર્ષ પછી જ્યારે રિટાયર્ડ (Retired) થઈશ ત્યારે ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિ માટે સમય આપીશ. બીજો કહે છે કે આવનારી શિવરાત્રી પછી હું પવિત્ર બનીશ. અમુક કહે છે કે મારો વેપાર જ એવો છે કે મને હિસાબ-કિતાબના કાર્યમાંથી સમય મળતો નથી. હું હવે એક-બે વર્ષમાં કારોબાર ઠીક કરી ઈશ્વરીય જ્ઞાનની પ્રાપ્તિ માટે સમય કાઢીશ. પરંતુ તેઓ એ વિચારતા નથી કે આજના આ કળિયુગમાં મનુષ્યનું ગમે ત્યારે અકાળે અવસાન થઈ જાય છે. મોત જ્યારે અચાનક સામે આવી ઉભું રહે છે ત્યારે યમદુતોની સામે કોઈ બહાના ચાલતાં નથી. મૃત્યુ એ નથી જોતું કે તે રીટાયર્ડ થયો છે કે નહિ. અને શેઠે હિસાબ કરી લીધો છે કે નહિં. મૃત્યું તો અચાનક જ આવે છે. આમ મનુષ્યને પરમપિતા પરમાત્માનો પરિચય પ્રાપ્ત કરવાનું, બુદ્ધિને સાત્ત્વિક તેમ જ પવિત્ર બનાવવાનું તથા આત્માનુભૂતિ

કરવાનું ભગીરથ કાર્ય કાલ પર છોડવું જોઈએ નહીં. એટલા માટે તો કહેવામાં આવે છે કે કલ કરના સો આજ કર, આજ કરના હૈ સો અબ, પલમેં પ્રલય હોયગી ફિર કરોગે કબ?

ભક્તિમાર્ગમાં એક આખ્યાન બહુ પ્રસિદ્ધ છે. જેમાં કહેવાય છે કે એક મનુષ્ય મૃત્યુ પછી જ્યારે ભગવાનની પાસે ગયો તો ભગવાને તેને ઠપકો આપ્યો કે 'હે ભક્ત, મેં તને ત્રણ તાર મોકલ્યા પરંતુ તેં તેના પર ધ્યાન આપ્યું નહિ.' ભક્તે કહ્યું - 'ભગવાન, મારી પાસે તો આપનો કોઈ તાર આવ્યો નથી.' ભગવાને કહ્યું કે, 'તારા વાળ સફેદ થઈ ગયા એ પહેલો તાર હતો પરંતુ તું ન સમજ્યો કે ભગવાનની પાસે જવાનું છે. વળી તારા દાંત હાલવા લાગ્યા. એ બીજો તાર હતો. ત્યારપછી જોવાનું અને સાંભળવાનું ઓછું થતું ગયું છતાં તે ધ્યાન ન આપ્યું. આખરે મેં તને બોલાવી જ લીધો.' આજ તો મનુષ્ય વૃદ્ધાવસ્થા પહેલાં પણ કાળે-અકાળે મરણ પામે છે. 'આયા પરવાના ઔર હુઆ રવાના' કોઈને પણ પહેલેથી જાણ થતી નથી. તો કહેવાનો ઉદ્દેશ એ છે કે ઈશ્વરીય સ્મૃતિ પર પહેલું ધ્યાન આપવું જોઈએ પછી ભલેને તે વૃદ્ધ થઈને જ મરે.

કહેવત પણ છે કે ગ્રાહક અને મૃત્યુ એ બંનેનો ચોક્કસ સમય નથી. કોઈ મનુષ્ય ભલે સાત-સાત ઓરડાઓની અંદર જડબેસલાક ચોકી-પહેરા વચ્ચે બેઠો હોય તો ત્યાં પણ મૃત્યુ પોતાને સમયે મોં ફાડી પહોંચી જ જાય છે. મનુષ્યે મિત્ર-સંબંધી, યૌવન તથા ધન-દોલતનું અભિમાન કરવાને બદલે પ્રભુસ્મૃતિના સર્વોત્તમ કાર્યને અગ્રણી સ્થાન

આપવું જોઈએ જ. કારણ કે આવતીકાલ સુધી આપણે સંપૂર્ણ સ્વસ્થ રહીશું કે કેમ તે આપણે જ જાણતાં નથી. આવતીકાલ પર શુભ કાર્યને મુલતવી રાખવું એ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોઢું ધોવા, જવા જેવું છે, જાગ્યા ત્યારથી સવાર ....

**ઓમ શાંતિ**